અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૦ માર્ચ ૨૦૨૫, ગુરુવાર
વિક્રમ સંવત ૨૦૮૧, ફાગણ વદ ૬
વર્ષ : ૧૬
અંક : ૨૫૬
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### સ્પેસએક્સ ક્રૂ ડ્રેગનનું ફ્લોરિડા કિનારે લેન્ડિંગ

# સુનિતા વિલિયમ્સ સહિત ચાર અવકાશયાત્રીઓ પૃથ્વી પર પરત ફર્યા

## સ્પેસએક્સનું આ ક્રૂ મિશન ૧૫ માર્ચે અવકાશમાં મોકલવામાં આવ્યું હતું, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ મિશનની જવાબદારી એલોન મસ્કને સોંપી હતી

। (એજન્સી) વોશિગ્ટન, તા.૧૯ ।

સુનિતા વિલિયમ્સ સહિત ચાર અવકાશયાત્રીઓ પૃથ્વી પર પરત ફર્યા, સ્પેસએક્સ ક્રૂ ડ્રેગનનું ફલોરિડા કિનારે લેન્ડિંગનાસાએ પુષ્ટિ કરી છે કે ૧૯ માર્ચે ભારતીય સમય અનુસાર બરાબર ૩:૨૭ વાગ્યે અવકાશયાન સુરક્ષિત રીતે ઉતર્યુ હતું. આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર નવ મહિના વિતાવ્યા પછી, નાસાના અવકાશયાત્રીઓ સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર, બે અન્ય અવકાશ વૈજ્ઞાનિકો નિક હેગ અને એલેક્ઝાન્ડર ગોર્બુનોવ સાથે, સફળતા પૂર્વક અને સુરક્ષિત રીતે પૃથ્વી પર પાછા ફર્યા છે. સ્પેસએક્સનું ક્રૂ ૯ ડ્રેગન અવકાશયાન ફ્લોરિડાના દરિયાકાંઠે સમુદ્રમાં ઉતર્યુ છે. નાસાએ પુષ્ટિ આપી છે કે અવકાશયાન ૧૯ માર્ચની સવારે ભારતીય સમય મુજબ બરાબર ૩:૨૭ વાગ્યે સુરક્ષિત રીતે ઉતર્યુ હતું. આ ઐતિહાસિક વાપસી સાથે, નાસા સતત મિશન સંબંધિત માહિતી શેર કરી રહ્યું છે. સ્પેસએક્સનું આ ક્રૂ મિશન ૧૫ માર્ચે અવકાશમાં મોકલવામાં આવ્યું હતું. રાષ્ટ્રપ તિ ડોનાલ્ડ ટ્રમ્પે આ મિશનની જવાબદારી એલોન મસ્કને સોંપી હતી જેથી બંને અવકાશયાત્રીઓ સુરક્ષિત રીતે પાછા આવી શકે. જોકે, કેટલીક ટેકનિકલ સમસ્યાઓના કારણે મિશનમાં વિલંબ થયો હતો, પરંતુ ૧૭ કલાકની મુસાફરી બાદ તે આખરે સફળતા પૂર્વક પૂર્ણ થયું.પૃથ્વી પર સફળ ઉતરાણ પછી સુનિતા વિલિયમ્સ, બુચ વિલ્મોર ડ્રેગન અવકાશયાનમાંથી બહાર નીકળ્યાફ્લોરિડાના દરિયાકાંઠે સફળ સ્પ્લેશડાઉન પછી, નાસાના અવકાશયાત્રીઓ સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર અને અન્ય બે કમાન્ડર નિક હેગ અને એલેક્ઝાન્ડર ગોર્બુનોવ સ્પેસએક્સ ક્રૂ ૯ ડ્રેગન અવકાશયાનમાંથી બહાર નીકળી ગયા છે. અવકાશમાંથી પરત ફર્યા બાદ સુનીતા વિલિયમ્સ અને તેના સાથીઓને સ્ટ્રેચર પર બહાર કાઢવામાં આવ્યા હતા. આ એક પ્રકારનો પ્રોટોકોલ છે, જેને દરેક અવકાશયાત્રીએ અનુસરવાનું હોય છે. તેનું કારણ એ છે કે અવકાશયાત્રીઓ અવકાશમાંથી પાછા ફર્યા બાદ તરત જ ચાલી શકતા નથી. તેમના શરીરમાં અનેક પ્રકારના ફેરફારો થાય છે. આવી સ્થિતિમાં, નાસા આને લઈને ચુસ્તાઈથી નિયમોનું પાલન કરાવે છે. ધરતીની વાપસીનો વીડિયો નાસાએ તેના એક્સ હેન્ડલ પર શેર કર્યો છે આ ધરતી પર સફળ ઉતરાણનું લાઈવ સ્ટ્રિમિંગ પણ થયું હતું જેને અનેક પ્લેટફોર્મ પરથી નિહાળી શકાયું હતું. સુનિતાએ સફળ લેન્ડિંગ બાદ નાસા સાથે કેટલાક અનુભવો અવકાશ યાત્રના શેર કર્યા હતા. ૯ મહિના અને ૧૪ દિવસ સુધી અંતરિક્ષમાં રહેનાર આ અંતરિક્ષ યાત્રીઓએ આ સમય દરમિયાન શું કામ કર્યા આ વાતો પણ શેર કરી હતી. સુનિતા વિલિયમ્સ અને તેના પાર્ટનર બૂચ વિલ્મોર ગયા વર્ષે ૫ જૂન, ૨૦૨૪ ના રોજ બોઈંગ સ્ટારલાઈનર ક્રૂ કેપ્સ્યુલ પર અવકાશ માટે રવાના થયા હતા. જો કે તેમનું મિશન માત્ર એક અઠવાડિયા માટે હતું, પરંતુ સ્પેસ સ્ટેશનમાં ટેકનિકલ ખામીને કારણે નાસાએ સ્ટારલાઈનરને ખાલી કરીને અવકાશયાત્રીઓને અવકાશમાં ખસેડવા પડ્યા હતા. ટેક્નિકલ ખામીને કારણે તેમનું રિટર્ન આ વર્ષે ફેબ્રુઆરી સુધી મુલતવી રાખવામાં આવ્યું હતું. પરત ફરતી વખતે, સુનિતા વિલિયમ્સ અને બૂચ વિલ્મોર સાથે, ક્રૂ-૯ના અન્ય બે અવકાશયાત્રીઓ નિક હેગ અને એલેક્ઝાન્ડર ગોર્બુનોવ પણ પાછા ફર્યા. તેમની અવકાશયાન દ્વારા સફળ વાપસી થઈ છે.





### અવકાશયાત્રી સુનીતા વિલિયમ્સને લઈને નાસા અને સ્પેસએક્સનું સ્પેસક્રાફ્ટ ડ્રેગન પૃથ્વી પર પહોંચી ગયું

NASA અને SpaceXનું સ્પેસક્રાફ્ટ ડ્રેગન ભારતીય મૂળની અવકાશયાત્રી સુનીતા વિલિયમ્સને લઈને પૃથ્વી પર પહોંચી ગયું છે. બૂચ વિલ્મોર અને અન્ય બે સાથી અવકાશયાત્રીઓ પણ તેમની સાથે પરત ફર્યા છે. ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનથી ફ્લોરિડાના કિનારે સમુદ્રમાં ઉતરવામાં તેને ૧૭ કલાકનો સમય લાગ્યો હતો. પરંતુ આ ૧૭ કલાકમાં ૧૦ મિનિટનો સમય એવો હતો જે સૌથી વધુ હૃદયના ધબકારા વધારે છે. અમે તે ૧૦ મિનિટની વાત કરી રહ્યા છીએ જ્યારે જમીન પર બેઠેલા મિશન કંટ્રોલ સાથે ડ્રેગન કેપ્સ્યુલનું કનેક્શન સંપૂર્ણપણે તૂટી ગયું હતું. તેને કોમ્યુનિકેશન બ્લેકઆઉટ કહેવામાં આવે છે. ચાલો સમજાવીએ કે આ શું છે અને શા માટે તે સૌથી નિર્ણાયક ક્ષણોમાંની એક માનવામાં આવે છે. જ્યારે કેપ્સ્યુલ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે, ત્યારે તેની ઝડપ આશરે ૨૮૦૦૦ કિ.મી પ્રતિ કલાકની હોય છે. જ્યારે કેપ્સ્યુલ આ ઝડપે પસાર થાય છે, ત્યારે તે વાતાવરણ સામે ઘર્ષણ થાય છે અને ઘર્ષણને કારણે, કેપ્સ્યુલ ૩૫૦૦ ફેરનહીટ સુધી ગરમ થાય છે. મતલબ કે તાપમાન એટલું વધી જાય છે કે આયર્ન પણ પાણીમાં ફેરવાઈ જાય છે. પરંતુ કેપ્સ્યુલમાં રહેલી ખાસ ધાતુઓ કેપ્સ્યુલને ગરમીથી બચાવે છે. આ સૌથી મુશ્કેલ મિનિટોમાં કેપ્સ્યુલનું સિગ્નલ પણ તૂટી જાય છે. નાસા અનુસાર આ સમય લગભગ સાતથી ૧૦ મિનિટનો હતો. મિશન કંટ્રોલનું કેપ્સ્યુલ પર કોઈ નિયંત્રણ હોતું નથી. આ સમય દરમિયાન જ્યારે કેપ્સ્યુલની અંદર બેઠેલા અવકાશયાત્રીઓ બહાર જોતા હતા, ત્યારે તેમને લાગ્યું કે જાણે તેઓ આગના ગોળામાં બેઠા છે.

### સુનિતા વિલિયમ્સની વાપસી પર ઝુલાસણમાં દિવાળી જેવો માહોલ




ભારતીય મૂળના અને મહેસાણા જિલ્લાના ઝુલાસણ ગામની વતની તેમજ અમેરિકામાં રહેતા સુનિતા વિલિયમ્સ અંતરિક્ષની સફરથી નવ મહિના બાદ પરત ફર્યા છે. હેમખેમ પરત આવે તે માટે વતનના ઝુલાસણ ગામમાં લોકોએ પ્રાર્થનાઓ કરી હતી અને ૧૦૮ લઘુરૂદ્ર અને શિવયજ્ઞ કર્યા છે.અંતરિક્ષની સફરે ગયેલા અંતરિક્ષ યાત્રી સુનિતા વિલિયમ્સ અને તેના સાથી કર્મચારી સતત નવ મહિના સુધી અંતરિક્ષમાં અટવાઈ પડ્યા હતા. ત્યારે હવે બુધવારે સવારે ૩:૨૭ વાગ્યે સ્પેસએક્સ ડ્રેગન ફ્રીડમ અંતરિક્ષયાનમાં ફ્લોરિડાના દરિયાકાંઠે પૃથ્વી પર ઘરવાપસી કરી છે. સુનિતા વિલિયમ્સના પૈતૃક ગામમાં ઝુલાસણમાં પણ હેમખેમ પરત ફરે તે માટે પ્રાર્થના સહિતનું આયોજન કરવામાં આવ્યું હતું.૯ મહિના સુધી આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશન પર ફસાયેલી સુનિતા વિલિયમ્સ પૃથ્વી પર પરત ફરતાં પિતરાઇ ભાઇ દિનેશ રાવલે કહ્યું કે 'જ્યારે તે પરત ફરી, તો અમે ખુશીથી ઉછળી... હું ખુબ ખુશ હતો... કાલ સુધી મારા દિલમાં બેચેનીની ભાવના હતા... ભગવાને અમારી પ્રાર્થના સાંભળી અને સુનીને સુરક્ષિત પરત લઇ આવ્યા...સુનિતા કોઇ સાધારણ વ્યક્તિ નથી... તે દુનિયા બદલી દેશે...'ઝુલાસણ ગામના નીલકંઠ મહાદેવના પુજારી અજયભાઈ ગોસ્વામી જણાવ્યું હતું કે જ્યારથી અંતરિક્ષયાત્રી અંતરિક્ષમાં ફસાયા છે, ત્યારથી તેઓ હેમખેમ પરત આવે તે માટે ૧૦૮ લઘુરુદ્ર અને શિવયજ્ઞ કરવામાં આવી રહ્યા છે.

### વડાપ્રધાન મોદીએ નાસાની અંતરિક્ષયાત્રી અને ભારતની દિકરી સુનિતા વિલિયમ્સની ઘરવાપસી પર શુભેચ્છાઓ પાઠવી



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાસાની અંતરિક્ષયાત્રી અને ભારતની દિકરી સુનિતા વિલિયમ્સની ઘરવાપસી પર શુભેચ્છાઓ પાઠવી છે. ક્રૂ-૯ અંતરિક્ષયાત્રીઓની સિદ્ધિઓને બિરદાવતાં તેમણે અભિવાદન કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા X પર પોસ્ટ કરી હતી કે, 'નાસાનું ક્રૂ-૯ મિશન એ દૃઢ સંકલ્પ, હિંમત અને અનન્ય જુસ્સાનું પરિણામ છે. સુનિતા વિલિયમ્સ અને ક્રૂ-૯ના અંતરિક્ષયાત્રીઓએ ફરી એકવાર આ જ દૃઢતાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમનું અથાગ યોગદાન અને સાહસ લાખો લોકોને હંમેશા માટે પ્રેરિત કરશે. તે એક આઈકોન બન્યા છે. પૃથ્વીએ તમને ખૂબ યાદ કર્યા.' મોદીએ આગળ કહ્યું કે, 'સ્પેસ એક્સપ્લોરેશન માનવીના જુસ્સાને વેગ આપતાં તેમને સપનું સાકાર કરવાની હિંમત આપે છે. સુનિતા વિલિયમ્સ એક પથદર્શક અને પ્રેરણાનો સ્ત્રોત છે. જેમણે પોતાની કારકિર્દીમાં આ જુસ્સાને જાળવી રાખતાં શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમને પરત પૃથ્વી પર સુરક્ષિત લાવવાના પ્રયાસમાં જોડાયેલા તમામ લોકો પર ગર્વ છે. તેઓએ કરી બતાવ્યું કે, જ્યારે જુસ્સો અને ટૅક્નોલૉજી એક સાથે કામ કરે છે, ત્યારે અદ્ભૂત પરિણામો મળે છે.' ક્રૂ-૯ મિશનમાં સામેલ સુનિતા વિલિયમ્સ, બુચ વિલ્મોર સહિત ચાર અંતરિક્ષયાત્રીઓ નવ મહિના બાદ પૃથ્વી પર પરત ફર્યા હતા. અગાઉ અનેક વખત તેમને અંતરિક્ષમાંથી પાછા લાવવાની કવાયત હાથ ધરાઈ હતી. પરંતુ નિષ્ફળતા મળી હતી. અંતે આજે વહેલી સવારે સ્પેસએક્સના ડ્રેગન ફ્રિડમ કેપ્સૂલની મદદથી ૩.૨૭ વાગ્યે આ ચારેય અંતરિક્ષયાત્રી પૃથ્વી પર સુરક્ષિત પરત ફર્યા છે.

### સુનિતા વિલિયમ્સની પૃથ્વી પર વાપસી અંગે ટ્રમ્પની પ્રતિક્રિયા



અમેરિકન એસ્ટ્રોનૉટ સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરની ૯ મહિના બાદ અંતરિક્ષથી વાપસી થઈ છે. બંને સ્પેસએક્સના ડ્રેગન કેપ્સૂલ દ્વારા ધરતી પર ઉતર્યા છે. સુનિતાની ધરતી પર વાપસીનો જશ્ન ઉજવવામાં આવી રહ્યો છે. હવે અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું પણ આ વિશે નિવેદન સામે આવ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકન મીડિયાને કહ્યું કે, 'રાષ્ટ્ર પ્રમુખ બન્યા બાદ જ્યારે હું ઓફિસમાં આવ્યો તો મેં ઈલોન મસ્કને કહ્યું કે, આપણે સુનિતા અને બુચ વિલ્મોરને પરત લાવવા પડશે. પૂર્વ રાષ્ટ્ર પ્રમુખ બાઈડેને તેમને છોડી દીધા છે. હવે તેઓ પરત આવી ગયાં છે. તેમને થોડું સ્વસ્થ થવું પડશે અને બાદમાં તે ઓવલ ઓફિસ (રાષ્ટ્ર પ્રમુખની ઓફિસ)માં આવશે.આ પહેલાં વ્હાઈટ હાઉસના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખવામાં આવ્યું હતુ કે, 'જે વચન આપ્યું હતું, તે પૂરૂ કર્યું. રાષ્ટ્ર પ્રમુખ ટ્રમ્પે ૯ મહિનાથી અંતરિક્ષમાં ફસાયેલા અંતરિક્ષ યાત્રીઓને બચાવવાનું વચન આપ્યું હતું. આજે તેમનું સુરક્ષિત રીતે લેન્ડિંગ થઈ ચુક્યું છે. ઈલોન મસ્ક, સ્પેસએક્સ અને નાસાનો આભાર.સુનિતા અમેરિકાની સ્પેસ એજન્સી નાસાના અંતરિક્ષ યાત્રી છે. સુનિતા જ્યારે ડ્રેગન કેપ્સૂલમાંથી નીકળ્યા તો તેમના ચહેરા પર સ્મિત હતું. તેમણે લોકોનું અભિવાદન કર્યું.

### સુનિતા વિલિયમ્સ બાદ વધુ એક ભારતીય અંતરિક્ષ યાત્રી ભરશે ઉડાન

। વોશિંગ્ટન, તા.૧૯ ।

ભારતીય મૂળની અમેરિકન અવકાશયાત્રી સુનિતાવિલિયમ્સ ૨૮૬ દિવસ અવકાશમાં વિતાવ્યા બાદ આજે સવારે સ્પેસએક્સના ડ્રેગન અવકાશયાનમાં સુરક્ષિત રીતે પૃથ્વી પર પરત ફરી. બુધવારે સવારે ૩:૨૭ વાગ્યે (IST) અવકાશયાન ફ્લોરિડાના કિનારે સફળતા પૂર્વક લેન્ડ થયું. સ્પેસએક્સના ડ્રેગન અવકાશયાનથી સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરના સફળ વાપ સી પછી, વિશ્વની નજર હવે આગામી એક્સિયમ મિશન ૪ (એક્સ-૪) પર ટકેલી છે, જેમાં ભારતની નોંધપાત્ર ભાગીદારી હશે. ૨૦૨૫ ના વસંતમાં લોન્ચ થનારા ખાનગી અવકાશ મિશનમાં પહેલીવાર ભારતીય વાયુસેનાના ટેસ્ટ પાઈલટ અને ગગનયાન મિશન સાથે જોડાયેલા અવકાશયાત્રી શુભાંશુ શુક્લાને આંતરરાષ્ટ્રીય અવકાશ સ્ટેશન (ISS) પર મોકલવામાં આવશે.

## નાગપુરમાં થયેલી હિંસાનો માસ્ટર માઈન્ડ પકડાયો, ગડકરી વિરુદ્ધ લડી હતી ચૂંટણી

### શાંત શહેર તરીકે જેની ગણતરી થાય છે તે નાગપુરમાં અચાનક સોમવારે હિંસા ફાટી નીકળી હતી : આ હિંસા મામલે પોલીસે ફહીમ ખાનની ધરપકડ કરી છે

। (એજન્સી) નાગપુર, તા.૧૯ ।

નાગપુરમાં સોમવારે રાત્રે થયેલી હિંસા બાદ સ્થિતિ નિયંત્રણમાં છે, પરંતુ શહેરના ઘણા સંવેદનશીલ વિસ્તારોમાં કર્ફ્યુ ચાલુ છે. દરમિયાન નાગપુર પોલીસે બુધવારે ફહીમ શમીમ ખાનનો પહેલો ફોટો જાહેર કર્યો છે. ફહીમ ૧૭ માર્ચે શહેરમાં થયેલી સાંપ્રદાયિક હિંસાનો માસ્ટરમાઈન્ડ હોવાનું કહેવાય છે. આ હિંસામાં ઘણા લોકો ઘાયલ થયા છે. પોલીસે જણાવ્યું હતું કે, ફહીમ ખાન MDPના શહેર પ્રમુખ છે અને નાગપુરના યશોધરા નગરમાં સંજય બાગ કોલોનીમાં રહે છે. સાંપ્રદાયિક અથડામણના સંબંધમાં નોંધાયેલી FIRમાં તેનું નામ સત્તાવાર રીતે સામેલ કરવામાં આવ્યું છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ફહીમ ખાને કથિત રીતે અથડામણ શરૂ થયાના થોડા સમય પહેલા જ ભડકાઉ ભાષણ આપ્યું હતું. પોલીસ અધિકારીઓએ દાવો કર્યો હતો કે તેમના ભાષણથી વિસ્તારમાં સાંપ્રદાયિક તણાવ ઉશ્કેરવામાં આવ્યો હતો, જેના કારણે હિંસા થઈ હતી. વધુમાં જાણવા મળ્યું છે કે, ફહીમ ખાને ૨૦૨૪ની લોકસભા ચૂંટણી નાગપુર બેઠક પરથી લઘુમતી ડેમોક્રેટિક પાર્ટી (MDP)ના ઉમેદવાર તરીકે લડી હતી. તેઓ ભાજપના દિગ્ગજ નેતા અને કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી સામે ૬.૫ લાખથી વધુ મતોના જંગી અંતરથી હારી ગયા હતા. નાગપુરના પોલીસ કમિશ્નર રવિન્દ્ર કુમાર સિંઘલે કહ્યું કે બપોર પછી સ્થિતિની સમીક્ષા કરવામાં આવશે. જ્યારે અન્ય એક અધિકારીએ કહ્યું કે સંવેદનશીલ વિસ્તારોમાં બે હજારથી વધુ સશસ્ત્ર પોલીસકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા છે. એ જ રીતે, નાયબ પોલીસ કમિશનર રેક્ના અધિકારીની આગેવાની હેઠળ ક્વિક રિએક્શન ટીમ (QRT) અને રાયોટ કંટ્રોલ પોલીસ (RCP) દ્વારા પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે, એમ તેમણે જણાવ્યું હતું.

### અમેરિકાએ લાદેનની કબર નહોતી બનવા દીધી : શિંદે

। મુંબઈ, તા.૧૯ ।

મુઘલ બાદશાહ ઔરંગઝેબની કબરને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ પણ મોટું નિવેદન આપતા કહ્યું કે અમેરિકાએ પણ ઓસામા બિન લાદેનને તેની જમીન પર દફનાવવાની મંજૂરી આપી ન હતી અને કોઈપણ પ્રકારના મહિમામંડનથી બચવા તેનો મૃતદેહ દરિયામાં ફેંકી દીધો હતો. શિંદેએ નાગપુર હિંસા પર ગૃહને સંબોધતા વિધાનપરિષદમાં શાસક અને વિપક્ષના સભ્યો વચ્ચે ઉગ્ર બોલાચાલી વચ્ચે શિવસેના (UBT) ના નેતા અનિલ પરબ પર કટાક્ષ કર્યો હતો.

### યોગી સરકારના કેબિનેટ મંત્રીનું વિવાદિત નિવેદન

## સાત પોલીસ અધિકારીના હાથ ટાંટિયા તોડાવીને અહીં પહોંચ્યો છું

**જો નિષાદ સમાજના કોઈપણ વ્યક્તિને નકલી કેસમાં ફસાવવામાં આવશે તો અમે તે નહીં સહન કરીશું : સંજય**

। (એજન્સી) લખનૌ, તા.૧૯ ।

ઉત્તર પ્રદેશ સરકારમાં કેબિનેટ મંત્રી અને નિષાદ પાર્ટીના પ્રમુખ સંજય નિષાદે એક વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. સંજય નિષાદ પોતાની પાર્ટીની જનાધિકાર યાત્રા લઈને સુલતાનપુર પહોંચ્યા હતા. અહીં તેમણે પોલીસ અંગે વિવાદાસ્પદ નિવેદન આપી દીધુ છે. તેમણે કહ્યું કે, હું આમ જ અહીં નથી પહોંચ્યો, પરંતુ ૭ પોલીસ અધિકારીના હાથ-ટાંટિયા તોડાવીને, તેને ખાડામાં ફેંકાવીને અહીં પહોંચ્યો છું. સંજય નિષાદે કહ્યું કે, જો નિષાદ સમાજના કોઈપણ વ્યક્તિને નકલી કેસમાં ફસાવવામાં આવશે તો અમે તે નહીં સહન કરીશું. અમારા સમુદાયના ઘણા લોકોને નકલી કેસોમાં ફસાવવામાં આવ્યા છે. સંજય નિષાદે પોલીસને કહ્યું કે, અમારા છોકરાઓ સામેના તમામ ખોટા કેસ હટાવો, નહીંતર આંદોલન થશે અને પોલીસ અધિકારીને સસ્પેન્ડ કરી દેવામાં આવશે. હું મુખ્યમંત્રીને પણ ફરિયાદ કરીશ, હું અહીં સુધી આમ જ નથી પહોંચ્યો.

### ગુજરાતના ૨૨ જિલ્લાઓમાં ગરમીના પ્રમાણમાં વધારો નોંધાયો

। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।

ગુજરાતમા હોળી પછી રાજ્યમાં ગરમીનો પારો સતત વધી રહ્યો છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપ માન ૪૦ ડિગ્રીને પાર કરી ગયું છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી દિવસોમાં ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભીષણ ગરમી પડશે. હવામાન વિભાગે ૧૮ માર્ચથી ૨૦ માર્ચ દરમિયાન રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોના વિવિધ ભાગોમાં ગરમ અને ભેજવાળી સ્થિતિ રહેવાની આગાહી કરી હતી. આ સાથે હવામાન વિભાગે જણાવ્યું હતું કે ગુજરાતમાં તીવ્ર ગરમીનો સમયગાળો આખા માર્ચ મહિના સુધી ચાલુ રહેવાનો છે. જોકે એપ્રિલ મહિનામાં પણ કમોસમી વરસાદ પડી શકે છે.આગામી ૪ દિવસ સુધી ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળી સ્થિતિ રહેવાની આગાહી છે. હાલમાં ગુજરાતમાં પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ દિશામાંથી પવન ફૂંકાઈ રહ્યો છે.

### રાજ્યો ઉપર કોઈ ભાષા લાદવામાં આવશે નહીં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

કોઈપણ રાજ્ય પર કોઈ ભાષા લાદવામાં આવશે નહીં તેવું આશ્વાસન કેન્દ્ર સરકારે આજે અર્થાત ૧૯ માર્ચને બુધવારે રાજ્યસભામાં આપ્યું છે. સંસદના ઉપલા ગૃહમાં એક લેખિત જવાબમાં ડૉ. સુકાંત મજુમદારે જણાવ્યું હતું કે No language will be imposed on states રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP), ૨૦૨૦, ફકરા ૪.૧૩ની બંધારણીય જોગવાઈ અનુસાર લોકો, પ્રદેશો, સંઘની આકાંક્ષાઓ અને બહુભાષીવાદ અને રાષ્ટ્રીય એકતાને પ્રોત્સાહન આપવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ત્રણ ભાષાનું સૂત્ર લાગુ કરવામાં આવશે. "જોકે, ત્રણ ભાષાના સૂત્રમાં વધુ સુગમતા રહેશે અને કોઈપણ રાજ્ય પર કોઈ ભાષા લાદવામાં આવશે નહીં," તેમ તેમણે કહ્યું હતું. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, "બાળકો દ્વારા શીખવામાં આવતી ત્રણ ભાષા રાજ્ય, પ્રાદેશિક ઉપરાંત જ્યાં સુધી ત્રણમાંથી ઓછામાં ઓછી બે ભાષાઓ ભારતની મૂળ હોય ત્યારે વિદ્યાર્થીઓની પસંદગીને ધ્યાનમાં રાખવામાં આવશે."

## ન્યૂઝ બ્રિફ

### જામનગર નજીક ખાનગી લક્ઝરી બસ અને બોલેરો પીકપ વેન વચ્ચે અકસ્માત

। (એજન્સી) જામનગર, તા.૧૯ ।

જામનગર નજીક ચંગા ગામની પાસે આજે બપોરે બારેક વાગ્યાના અરસામાં પુરપાટ ઝડપે આવી રહેલી ખાનગી ટ્રાવેલ્સની લક્ઝરી બસ સામેથી આવી રહેલા બોલેરો પીકપ વેન સાથે ડિવાઈડર કૂદીને ટકરાઈ ગઈ હતી, અને બોલેરો પલટી મારી ગયો હતો, તેમજ લક્ઝરી બસ ટકરાઈને અકસ્માતનો ભોગ બની હતી. જે અકસ્માતમાં બોલેરોના ચાલક મોટા થાવરીયા ગામના જસ્મીન મનસુખભાઈ તાળા (ઉમર વર્ષ ૩૦) ને ગંભીર ઈજા થઈ હોવાથી તેનું ઘટના સ્થળે જ કરુણ મૃત્યુ નીપજ્યું હતું. આ ઉપરાંત લક્ઝરી બસની અંદર ૧૫ જેટલા મુસાફરો બેઠા હતા, જે તમામને પણ નાની મોટી ઈજા થઈ હોવાથી અલગ અલગ ચાર ૧૦૮ એમ્બ્યુલન્સની મારફતે સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જેમાં બે ઈજાગ્રસ્તોની હાલત ગંભીર ગણાવાઈ રહી છે. આ અકસ્માતના બનાવની જાણ થતા પંચકોશી બી.ડિવિઝનનો પોલીસ કાફલો તેમજ ટ્રાફિક શાખાની ટુકડી ઘટના સ્થળે દોડી ગઈ હતી, અને સૌ પ્રથમ વાહન વ્યવહારને પૂર્વવત બનાવ્યો છે, જયારે સમગ્ર બનાવ મામલે પોલીસ દ્વારા વધુ તપાસ ચલાવાઈ રહી છે.

### જામનગરમાં લાકડાના ગોડાઉનમાં અકસ્માતે આગ લાગવાની ઘટના

। (એજન્સી) જામનગર, તા.૧૯ ।

જામનગરના બેડેશ્વર વિસ્તારમાં એક લાકડાના ગોડાઉનમાં રાખવામાં આવેલા લાકડાના ભંગારના જથ્થામાં ગઈકાલે વહેલી સવારે અકસ્માતે આગ લાગી હતી. જામનગર મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડની ટુકડીએ ચાર ફાયર ફાઈટરની મદદથી ભારે જહેમત લઈ આગને કાબુમાં લઈ લીધી હતી. જામનગર શહેરમાં આગ લાગવાની વધુ એક ઘટના સામે આવી છે, ત્યારે જામનગર શહેરના બેડેશ્વર વિસ્તારમાં સંજય ઓઈલની પાછળ નવીનભાઈ દામાની માલિકીના લાકડાના ખુલ્લા વાડામાં અચાનક કોઈ કારણોસર ગઈકાલે વહેલી સવારે આગ લાગી હતી. આગ લાગવાની જાણ થતાં જામનગર મહાનગરપાલિકા ફાયર વિભાગની ટીમ તાત્કાલિકના ઘટના સ્થળે પહોંચી જઈ જુદાજુદા ચાર ફાયર ફાઈટરની મદદ લઈને આગને કાબુમાં લીધી હતી.

### અરવલ્લીના અણસોલ નજીક ગમખ્વાર અકસ્માત સર્જાયો

। (એજન્સી) અરવલ્લી, તા.૧૯ ।

અરવલ્લીના અણસોલ નજીક મોડી રાત્રે એક ટેક્રર ચાલકે બાઈક પર સવાર ત્રણ લોકોને અડફેટે લીધા હતા. આ અકસ્માત સર્જીને ટેક્રર ચાલક ફરાર થઈ ગયો હતો. જ્યારે અણસોલ હાઈવે પર માર્ગ પર નીચે પડેલા યુવાનોની મદદ કરવા ત્યાંના સ્થાનિકો ભેગા થયા. પરંતુ સ્થાનિકો એમ્બ્યુલન્સ બોલાવે તે પહેલા જ ગંભીર ઈજાના કારણે બાઈક પર સવાર ત્રણ યુવાનોના મોત નિપજ્યાં હતા. મળતી માહિતી અનુસાર, અણસોલ પાસે મોડી રાત્રે ભારે વાહનની ટક્કરથી બાઈક સવારના મોત થવાની ઘટનાની જાણ થતાં પોલીસ ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે ત્રણે વ્યક્તિના મૃતદેહનો પીએમ અર્થે શામળાજી રેફરલ હોસ્પિટલ મોકલી આપ્યા હતા. શામળાજી પોલીસે અકસ્માતનો ગુનો નોંધી અકસ્માત સર્જી ફરાર થનાર વાહન ચાલકને શોધવા તજવીજ હાથ ધરી. આ ગંભીર અકસ્માતના કારણે ત્યાંના સ્થાનિકોમાં પણ રોષ જોવા મળ્યો.

# અદાણી અને પીજીટીઆઈ ઇન્વિટેશન ગોલ્ફ ચેમ્પિયનશિપ યોજશે

। અમદાવાદ, તા.૧૯ ।

અદાણી ગ્રુપ વ્યવસાયિક ગોલ્ફની સત્તાવાર મંજૂરી આપતી સંસ્થા, પ્રોફેશ્નલ ગોલ્ફ ટૂર ઓફ ઇંડીયા (પીજીટીઆઈ) ના સહયોગમાં 'અદાણી ઈન્વિટેશનલ ગોલ્ફ ચેમ્પિયનશિપ ૨૦૨૫' ના આયોજન સાથે ભારતીય વ્યાવસાયિક ગોલ્ફમાં ભારતીય ખેલ જગતમાં પ્રવેશ કરશે. ગોલ્ફની રમતને લોકભોગ્ય અને સાર્વજનિક બનાવી તેના વ્યાપને વિસ્તારવા માટે જરુરી પ્રોત્સાહન પુરુ પાડીને ગોલ્ફની રમતને મુખ્ય પ્રવાહની રમત તરીકે પ્રસ્થાપિત કરી વધારવાનો અને ભારતમાંથી વૈશ્વિક ચેમ્પિયનની આગામી પેઢીને તેમાં કેળવવાનો અદાણી સમૂહની આ પહેલ ઈરાદો ધરાવે છે.

રૂા. ૧.૫ કરોડના પ્રાઈઝ મની સાથેની આ ચેમ્પિયનશીપની ઉદ્ઘાટકીય ટૂર્નામેન્ટ તા.૧લી એપ્રિલથી ૪ એપ્રિલ દરમિયાન ગ્રેટર નોઈડા ખાતેના જેપી ગ્રીન્સ ગોલ્ફ એન્ડ સ્પા રીસોર્ટ ખાતે યોજાશે. આ સાથે પીજીટીઆઈ આ સ્થળે ૧૧ વર્ષના લાંબા ગાળા બાદ પુનરાગમન કરશે.

અદાણી એન્ટરપ્રાઈઝ લિ.ના ડાયરેક્ટર શ્રી પ્રણવ અદાણીએ જણાવ્યું હતું કે, ભારતીય વ્યાવસાયિક ગોલ્ફના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપી રહેલા કપિલ દેવ અને પ્રોફેશનલ ગોલ્ફ ટૂર ઓફ ઈન્ડિયા (પી.જી.ટી.આઈ.) સાથે હાથ મિલાવવાનો અમોને આનંદ છે. અમારું ધ્યેય ગોલ્ફમાં ભારતીય વૈશ્વિક ચેમ્પિયન્સને વિશ્વ કક્ષાની તાલિમ આપી સજ્જ કરવા અને રમવાની વધુ તકો ઉપલબ્ધ કરાવવા માટે તેમણે પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી.



પીજીટીઆઈના પ્રમુખ શ્રી કપિલ દેવે અદાણી ઈન્વિટેશનલ ગોલ્ફ ચેમ્પિયનશિપ ૨૦૨૫ના આરંભ સાથે ભારતમાં પ્રોફેશનલ ગોલ્ફને સહયોગ આપવા માટે અદાણી સમૂહનો આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું હતું કે વિશ્વના સૌથી મોટા વ્યવસાયિક ગૃહોમાંના એક એવા અદાણી સમૂહનું સમર્થન પીજીટીઆઈને ભારતના વધુ ચેમ્પિયન ગોલ્ફરો બનાવવામાં મદદ કરશે, જેઓ આંતરરાષ્ટ્રીય મંચ પર દેશને ગૌરવ અપાવશે. કપિલદેવે આશા વ્યક્ત કરી હતી કે ટુર્નામેન્ટ દરમિયાન ગોલ્ફ ચાહકો તેમના માનિતા ખેલાડીઓની રમતને નિહાળવા મોટી સંખ્યામાં આવશે.

અદાણી ઈન્વિટેશનલ ગોલ્ફ ચેમ્પિયનશિપને પી.જી.ટી.આઈ. માટે એક વોટરશેડ ક્ષણ ગણાવતા પી.જી.ટી.આઈ.ના સી.ઈ.ઓ.શ્રી અમનદીપ જોહલે જણાવ્યું હતું કે આ સહયોગ ગોલ્ફ ટૂરના દરજ્જાને નવી ઉંચાઈએ લઈ જશે. આ રમત માટે વધુ તકો ઉભી કરવા માટે પી.જી.ટી.આઈ.ના વિઝનમાં જોડાવવા માટે અમારા ટાઈટલના પ્રયોજક અદાણી સમૂહનો તેમણે આભાર માન્યો હતો. એક આકર્ષક પ્રાઈઝ મની સાથે જેપી ગ્રીન્સ રીસોર્ટસમાં ગોલ્ફ રમતના ઉત્કૃષ્ટ વાતાવરણ વચ્ચે અદાણી ઈન્વિટેશ્નલ ગોલ્ફ ચેમ્પિયનશિપ ૨૦૨૫ વિશિષ્ટ ગોલ્ફીન એકશન સાથે એક યાદગાર સપ્તાહ બની રહેશે

૨૯ માર્ચ ૨૦૨૫ ના રોજ અમદાવાદમાં બેલ્વેડેરે ગોલ્ફ એન્ડ કન્ટ્રી ક્લબ ખાતે પ્રી-ટૂર્નામેન્ટ ઈવેન્ટ યોજાશે. આ ઈવેન્ટ સાથે પાંચ અગ્રણી પીજીટીઆઈ પ્રોફેશનલ્સ એક ગોલ્ફ ક્લિનિકનું આયોજન કરશે જે અદાણી ઈન્ટરનેશનલ સ્કૂલના ૫૦ બાળકોને રમતનો પરિચય આપશે. ગોલ્ફિંગ પ્રતિભા વિકસાવવા અને ભારતીય ગોલ્ફને આગળ વધારવા માટે અદાણી જૂથ અને પીજીટીઆઈની સમાન દ્રષ્ટિને ઉજાગર કરવા માટે એક સમયના ક્રિકેટ લિજેન્ડ અને હાલ પીજીટીઆઇના પ્રમુખ કપિલ દેવ આ કાર્યક્રમમાં હાજર રહેશે

અમદાવાદની બેલ્વેડેરે ગોલ્ફ એન્ડ કન્ટ્રી ક્લબ ખાતે અદાણી-પીજીટીઆઈ સંયુક્ત ગોલ્ફ ટ્રેનિંગ એકેડેમીની સ્થાપના સુધી આ ભાગીદારી વિસ્તરી છે. આ પહેલ એ તળ સુધીના વિકાસ પ્રત્યેની અદાણીની પ્રતિબદ્ધતા સાથે સંકળાવા સાથે ૨૦૩૬ની ઓલિમ્પિકની યજમાની કરવાના ભારતના દાવાને ટેકો આપે છે, જે ભારતીય પ્રેક્ષકોની આકાંક્ષાઓના ગંજારવના જૂથના વ્યાપક લક્ષ્યને પ્રતિબિંબિત કરે છે.

માધ્યમોની વિશેષ જાણકારી માટે સંપર્કઃ Roy Paul; roy.paul@adani.com

## સુરતમાં રાજમાર્ગ પર ભાગળથી ચોક બજાર સુધીમાં રાત્રી દબાણની વ્યાપક ફરિયાદ બાદ તંત્ર જાગ્યું





। (એજન્સી) સુરત, તા.૧૯ ।

સુરત પાલિકાના સેન્ટ્રલ ઝોનમાં રાજ માર્ગ પર ચોક બજારથી ભાગળ વિસ્તારમાં રોડની બંને તરફ દબાણની સમસ્યા વધી રહી છે. આ વિસ્તારમાં કેટલાક દુકાનદારો જ પોતાની દુકાન બહાર લારીગલ્લા પાથરણાવાળાને ઉભા રાખી ભાડા વસુલી દબાણ કરી રહ્યાં છે. પહેલા માત્ર દિવસે જ દબાણ થયા હતા હવે રાત્રી દબાણના કારણે વાહન ચાલકોની હાલત કફોડી થઈ રહી છે. આ અંગેની વ્યાપક ફરિયાદ બાદ ગઈકાલે જાહેલા તંત્રએ રાત્રીના દબાણ દુર કરવાની કામગીરી હાથ ધરી હતી.

સુરતમાં મેટ્રોની કામગીરી ચાલી રહી છે તેના કારણે સેન્ટ્રલ ઝોનના લોકો ત્રાહિમામ છે ત્યારે હાલમાં રમઝાન મહિનો ચાલી રહ્યો છે તેના કારણે સેન્ટ્રલ ઝોનમાં ચોક બજારથી ભાગળના વિસ્તારમાં રોડની બંને તરફ ફૂટપાથ અને રોડ પર વિવિધ વસ્તુઓનું વેચાણ કરનારા ફેરિયાઓના દબાણ થઈ રહ્યા છે. મોટાભાગના કિસ્સામાં વેપારીઓ પોતાની દુકાન બહારનો ફૂટપાથ અને રોડ પર લારી કે પાથરણાવાળા ઉભા રહે છે તેની પાસે ભાડું વસુલતા હોય છે. આ દબાણને કારણે દિવસેને દિવસે ટ્રાફિક સમસ્યા વકરી રહી છે. આ અંગેની ફરિયાદ સતત થઈ રહી છે પરંતુ દબાણ કરનારા માથાભારે હોવાથી પાલિકા તંત્રએ કોઈ કામગીરી કરી નથી પરંતુ હાલમાં મળેલી સંકલન બેઠકમાં આ અંગે આક્રમક ફરિયાદ કરવામાં આવી હતી.

જેના પગલે ગઈકાલે રાત્રે પાલિકાના સેન્ટ્રલ ઝોન દ્વારા અઠવા અને ચોક બજાર પોલીસનો બંદોબસ્ત લઈને રાજમાર્ગ પર બંને તરફના દબાણ દુર કરવાની કામગીરી કરી હતી. જોકે, કેટલીક જગ્યાએ માથાભારે દબાણ કરનારાઓએ વિરોધ કર્યો હતો. પરંતુ પોલીસ બંદોબસ્ત હોવાના કારણે દબાણ દુર થઈ શક્યા હતા. જોકે, આ દબાણ કરનારા માથાભારે હોવાથી દબાણ એક બે દિવસ હટશે કે કાયમી તે અંગે અનેક અટકળો થઈ રહી છે.

### અમદાવાદમાં ઓઢવ રિંગરોડ પરથી લાખો રૂપિયાની ચાંદી ઝડપાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદમાં ઓઢવ રિંગરોડ પરથી લાખો રૂપિયાની ચાંદી ઝડપાઈ છે. ચોરખાનામાંથી ૨૯ કિલો ૭૪૦ ગ્રામ ચાંદીનો જથ્થો ઝડપાયો હતો. PCBએ રૂપિયા ૪૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી શરૂ કરી છે. અમદાવાદ શહેરમાં ઓઢવ રિંગરોડ પરથી લાખો રૂપિયાની ચાંદીનો જથ્થો ઝડપાયો છે. PCBની ટીમે કારમાં ચોરખાનું બનાવી છુપાવેલી ચાંદી ઝડપી પાડી છે. ચોરખાનામાંથી ૨૯ કિલો ૭૪૦ ગ્રામ ચાંદીનો જથ્થો ઝડપાયો છે, આરોપીઓએ છળકપટ અથવા ચોરી કર્યાની PCBને શંકા થઈ રહી છે.

#### તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતા

## યુવાનને વિદેશ મોકલ્યા બાદ પરિવારને આપી મોતની ધમકી

। (એજન્સી) મહેસાણા, તા.૧૯ ।

મહેસાણામાં ગોજારીયાના એ વન બંગ્લોઝમાં રહેતા અમદાવાદના એજન્ટોએ યુવાનને વિદેશ મોકલ્યા બાદ તેના માતાપિતા પાસેથી ઉઘરાણી કરી ધમકી આપી હતી. પિતાને લાગી આવતા એસિડ પી આપઘાત કરી લેતાં ચકચાર મચી ગઈ છે. ૩ એજન્ટ સામે લાંઘણજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. મહેસાણામાં કબૂતરબાજ એજન્ટોએ વિદેશ જનાર યુવાનના પિતાનો કલોર પકડી જાનથી મારી નાખવાની ધમકી આપતા માતા પિતા હેબતાઈ ગયા હતા. ગોજારીયાના એવન બંગલોઝમાં સમગ્ર ઘટના બનવા પામી હતી. એજન્ટોએ યુવાનને વિદેશ મોકલ્યા બાદ ઉઘરાણી કરી હતી. વિદેશ જનાર યુવાનના પિતાનો કોલર પકડી એજન્ટે છરી બતાવી ધમકી આપી હતી. યુવાનના પિતાને લાગી આવતા એસિડ પી લીધું હતું. યુવાનના પિતા કૌશિક પંચોલીને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતા. સારવાર દરમિયાન યુવાનનાં પિતાનું મોત નિપજ્યું હતું. આ મામલે અમદાવાદ ન્યુ રાણીપમાં રહેતા કબૂતરબાજ એજન્ટો સામે ગુનો નોંધાયો છે.

### સાબરકાંઠાનાં વડાલીમાં ધર્માંતરણ મામલે ૨ ઈસમોની ધરપકડ કરાઈ

। (એજન્સી) સાબરકાંઠા, તા.૧૯ ।

સાબરકાંઠાનાં વડાલીમાં ધર્માંતરણ મામલે ૨ ઈસમોની ધરપકડ કરવામાં આવી છે. લોકોના દુઃખ, દર્દ દૂર કરવાની વાત કરી લોભામણી લાલચ આપી ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરતા હતા. ધર્મ પરિવર્તન મામલે વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. સાબરકાંઠા જીલ્લામાં આવેલા વડાલી તાલુકામાં ધર્માંતરણ મામલે ફરિયાદો ઉઠી હતી. ધર્મ પરિવર્તનના પ્રચારની વાત મળતાં સ્થાનિક હિંદુ સંગઠનોમાં રોષ ફેલાયો હતો. પોશીનામાં ઘણાં સમયથી ખ્રિસ્તી ધર્મનો ફેલાવો થઈ રહ્યો હતો. ધર્મ પરિવર્તન કરવા પોશીનાનાં ૨ ઈસમો વડાલીમાં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરતા હતા.

#### કાયદો-વ્યવસ્થા જાળવવા સરકાર એક્શનમાં

## ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી એ ગાંધીનગર ખાતે કામગીરીની સમીક્ષા કરી

**અમદાવાદના વસ્ત્રાલમાં કાયદા-વ્યવસ્થાના જે પ્રકારે લીરેલીરાં ઉડ્યાં હતા, તે જોતાં ગુજરાત રાજ્ય પોલીસ વડા એક્શનમાં આવ્યા છે**

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

ગુજરાતમાં સરકાર, પોલીસ અને પ્રશાસને ઘણા સમય બાદ કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે દિશામાં મોટી કાર્યવાહી શરૂ કરી છે. આબાલ-વૃદ્ધ, નાની બાળકીઓથી લઈ વૃદ્ધાઓ સાથે થતાં અત્યાચારોએ ગુજરાત રાજ્યની છબી ખરડી છે. અમદાવાદના વસ્ત્રાલમાં કાયદા-વ્યવસ્થાના જે પ્રકારે લીરેલીરાં ઉડ્યાં હતા, તે જોતાં ગુજરાત રાજ્ય પોલીસ વડા એક્શનમાં આવ્યા છે.

પરંતુ જેટલા ચર્ચિત કેસો છે તેમાં ૩૫માંથી ૩૩ તો માત્ર પરપ્રાંતના આરોપીઓ હોવાનું જણાયું છે. અમદાવાદ, સુરત, વડોદરા સહિતની જીલ્લા પોલીસ અસમાજીક તત્વોને કાયદાનો સખ્ત પાઠ ભણાવવા કમિશ્નર ઓફ પોલીસ અને સુપરીટેન્ડન્ટ ઓફ પોલીસ સાથે બેઠક કરી ગુંડાઓનું લિસ્ટ તૈયાર કર્યુ છે. ગઈકાલ સાંજે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી એ ગાંધીનગર ખાતે કામગીરીની સમીક્ષા કરી હતી. વસ્ત્રાલમાં કેટલાક ગુંડાએ રહેણાક વિસ્તારમાં રોડ પર તલવારો અને લાકડીઓથી આતંક ફેલાવ્યો હતો. ગુંડાઓએ આવતા-જતા વાહનચાલકોને પણ રોકી તેમના વાહનમાં તોડફોડ કરી અને માર માર્યો હતો. તેમજ ભાજપના શહેર પ્રમુખ અને એલિસબ્રિજના ધારાસભ્ય અમિત શાહના જ મત વિસ્તાર વાસણામાં એક્તાનગર પાસે જાહેરમાં છરી લઈને દુકાનદાર સાથે મારામારી કરી હોવાની ઘટના પણ સામે આવી હતી.

અગાઉ રાજકોટના ઉપલેટામાં રિક્ષા ચાલક સાથે નજીવી બાબતે ઝઘડો કરી બોલાચાલી બાદ શાહરૂખ નોઈડા સંધી નામના વ્યક્તિએ જાહેરમાં બધા સાથે પોતાની મરજીથી દુર્વ્યવહાર કર્યો હતો. જ્યારે અબુ ઉર્ફે દાદુ મિયાનોએ કહ્યું કે, હું ઉપલેટાનો બાપ છું, હું ઉપલેટા ગામનો પિતા છું, જે કોઈ મારી સાથે લડવા માંગે છે તેણે મેદાનમાં આવવું જોઈએ. આ રીતે ખુલ્લેઆમ રાત્રે મુખ્ય હાઈવે પર જાહેર બાપુના બાવળા ચોકમાં ખુલ્લા છરી વડે હોબાળો મચાવ્યો હતો.

ઉપલેટા પોલીસને ઘટનાની જાણ થયા બાદ, પોલીસે આરોપીઓની ધરપકડ કરી હતી, પરંતુ શહેરના સમગ્ર હિન્દુ સમુદાયની માગ કરી છે કે શહેરની શાંતિને ખલેલ પહોંચાડનારા આરોપીઓનું જાહેર સરઘસ કાઢવામાં આવે, જેથી કોઈપણ ધર્મ અને સમાજના અસામાજિક તત્વો માટે એક ઉદાહરણ સ્થાપિત કરી શકાય.

અમદાવાદ શહેરમાં કથળી રહેલી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને લઈને ભાજપના ધારાસભ્ય હર્ષદ પટેલ અને હસમુખ પટેલે કહ્યું કે, જ્યાં પરપ્રાંતિયો વધુ છે ત્યાં બનાવો બને છે. તેમજ કૌશિક જૈન અને હર્ષદ પટેલે તો કાયદો વ્યવસ્થાની સ્થિતિ સામે જ સવાલ ઉઠાવ્યો અને કહ્યું કે, પ્રજામાં પોલીસનો ડર જ રહ્યો નથી. ભાજપ શહેર પ્રમુખ અને એલિસબ્રિજ ધારાસભ્ય અમિત પી. શાહે જણાવ્યું હતું કે, કોઈપણ ઘટના બને છે ત્યારે પોલીસ એક્શન લેતી હોય છે અને પોલીસ તેનું કામ કરે જ છે. વાસણા વિસ્તારમાં જે ઘટના બની તેનો મેં PIને વીડિયો મોકલી આપ્યો હતો અને પોલીસે તરત જ આરોપીઓને પકડી લીધા હતા. આ આરોપીના મકાનોની પણ તપાસ કરી ગેરકાયદેસર હોવાને લઈ તોડવા માટેની સૂચના આપી દીધી હતી. અસારવાના ભાજપના ધારાસભ્ય દર્શનાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી જ છે.

#### આરોગ્યમંત્રી ઋષિકેશભાઇ પટેલ ઉપસ્થિત રહ્યાં હતા

## એલોપેથિક-આર્યુવેદિક-હોમિયોપેથિક મેડિકલ ચેકઅપ કેમ્પનો શુભારંભ

।(એજન્સી) અમદાવાદ, તા.૧૯।

આરોગ્યમંત્રીનો આભાર માનતા અધ્યક્ષએ જણાવ્યું કે, આયુર્વેદિક પદ્ધતિને ધ્યાને રાખીને પ્રકૃતિ પરીક્ષણનો પણ આ કેમ્પમાં આયોજન કરવામાં આવ્યું છે આ પહેલ સરાહનીય છે.નાગરિકોને પોતાની પ્રકૃતિ ખ્યાલ આવે તો તેને આનુષંગિક ખોરાક તેઓ લઈ શકે તે માટે આ પરિક્ષણ જરુરી છે. આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો કાર્યક્રમ,બિમાર થયા પછી નહીં પરંતુ તેના પહેલા રોગની તપાસ થઈ જાય તે જરૂરી – શંકરભાઈ ચૌધરી. તા. ૧૮ અને ૧૯ ના રોજ એલોપેથિક અને તા. ૨૦ અને ૨૧ ના રોજ આયુર્વેદિક અને હોમિયોપથી સંલગ્ન નિદાન કરાશે. રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ગુજરાત વિધાનસભા ખાતે આયોજિત હેલ્થ ચેકઅપ કેમ્પ-૨૦૨૫ નો આજે વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ધારાસભ્યો પોતાના મતવિસ્તારના પ્રશ્નો અને જનકલ્યાણકારી કામો વચ્ચે પોતાના આરોગ્યની કાળજી કેટલાક સંજોગોમાં રાખી શકતા નથી તેવુ ઘણી વાર જોવા મળે છે. તેમજ પત્રકારો પણ પ્રજા સુધી વિધાનસભાની કામગીરી તેમજ અન્ય માહિતી પહોંચાડવામાં વ્યસ્ત હોય છે તે પણ પોતાના આરોગ્યની કાળજી રાખી શકતા નથી.

# ખંભાત તાલુકાના જહાજ ગામે વિશ્વ રીસાયકલ દિવસની ઉજવણી કરાઈ







। (માહિતી) આણંદ ।

ખંભાત તાલુકાના જહાજ અને ધર્મજ ગામે નાઈસોલ મેન્યુફેકચરીગ કંપની કાર્યરત છે. આ કંપનીના ડાયરેક્ટર શ્રી સારા પટેલ અને તેમની પર્યાવરણ માટેની ટીમ દ્વારા જહાજ ગામને સ્વચ્છ બનાવવા માટે કંપનીની સીએસઆર એક્ટિવિટી અંતર્ગત વડોદરાના એનજીઓ, કચરે સે આઝાદી ફાઉન્ડેશનની ટીમ દ્વારા જહાજ ગામ ખાતે સેગ્રીગેશન સેડ તૈયાર કરવામાં આવ્યો છે. ગ્રામ પંચાયત જહાજના સરપંચ શ્રી અને તલાટી કમ મંત્રી શ્રી દ્વારા નાયસોલ કંપનીને સેગ્રીગેશન શેડ બનાવવા માટે ગામમાં જ જગ્યા આપવામાં આવી છે. જ્યાં એનજીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ સેગ્રીગેશન શેડનું ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, આણંદના પ્રાદેશિક અધિકારી શ્રીમતી માર્ગીબેન પટેલ દ્વારા ઉદ્ઘાટન કરવામા આવ્યું હતું. કચરે સે આઝાદી ફાઉન્ડેશનની ટીમ દ્વારા ગામમાં રહેતા તમામ મહિલાઓને તેમના ઘરમાંથી નીકળતો કચરો કેવી રીતે અલગ કરીને આપવો તેની વિસ્તૃત જાણકારી આપવામાં આવી છે. આ ઉપરાંત આ એનજીઓ દ્વારા જ ગામના દરેક ઘર ખાતેથી કચરાનું વર્ગીકરણ કરીને વ્યવસ્થિત રીતે કચરો જમા કરવામાં આવે છે, તેમને પ્રોત્સાહિત કરવા માટે ઈનામ પણ આપવામાં આવે છે. નાઈસોલ કંપનીના સીએસઆર એક્ટિવિટી અંતર્ગત સોલિડ વેસ્ટ રિસાયકલ કરવામાં આવે છે, જેના કારણે ગામમાં પ્લાસ્ટિક જ્યાં ત્યાં પડેલું જોવા મળતું નથી અને સોલિડ વેસ્ટમાંથી તૈયાર કરવામાં આવેલ ખાતર ખેતીમાં ઉપયોગી થઈ શકે છે. આ કંપનીની અને એનજીઓની એક્ટિવિટીના કારણે ખંભાત તાલુકાનું જહાજ ગામ એકદમ સ્વચ્છ થઈ જશે તેવું ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના પ્રાદેશિક અધિકારી શ્રીમતી માર્ગીબેન પટેલનું કહેવુ છે. જહાજ ગામ ખાતે શરૂ કરવામાં આવેલ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટના ઉદ્ઘાટન પ્રસંગે કચરે સે આઝાદી ફાઉન્ડેશનની ટીમ દ્વારા વેસ્ટ કલેક્શન થયાં પછીની પ્રક્રિયાને વિસ્તૃત રીતેહસમજાવવામાં આવી હતી અને રીસાયકલિગ પ્રોડક્ટનું પ્રદર્શન કરવામાં આવ્યુ હતું. આ તકે ગામમાં મહાનુભાવો અને ગ્રામજનોએ સાથે રહીને સામુહિક સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગામની સફાઈ પણ કરી હતી. આ કાર્યક્રમમાં ગામના સરપંચશ્રી, ડેપ્યુટી સરપંચ શ્રી શીતલબેન પટેલ, મગનભાઈ વણકર, ગ્રામજનો અને મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



### રાજ્યસભામાં અમિત શાહનું જોવા મળ્યું રૌદ્ર સ્વરુપ

# ચૂંટણી જીત્યો છું કોઈની કૃપાથી સંસદમાં નથી આવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

બુધવારે રાજ્યસભામાં ગૃહ મંત્રાલયની કામગીરી પર ચર્ચા થઈ. આ દરમિયાન ગૃહમંત્રી અમિત શાહે ટીએમસી સાંસદ સાકેત ગોખલેને ઠપકો આપ્યો. વાસ્તવમાં, ગૃહ મંત્રાલય પર ચર્ચા દરમિયાન, સાકેત ગોખલેએ ED અને CBIનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ અંગે અમિત શાહે કહ્યું કે, ગૃહ મંત્રાલય પર ચર્ચા થઈ રહી છે પરંતુ સાકેત ગોખલે ED અને CBI પર ચર્ચા કરી રહ્યા છે. પરંતુ તેમ છતાં જો તેઓ આ મુદ્દો ઉઠાવવા માંગતા હોય તો મને પણ એક તક આપવી જોઈએ, હું દરેક પ્રશ્નનો જવાબ આપીશ. આ પછી, સાકેત ગોખલેએ ફરીથી કેટલીક ટિપ્પણીઓ કરી. આ અંગે અમિત શાહે કહ્યું કે હું અહીં કોઈની દયા પર ભરોસો કરીને આવ્યો નથી, હું ચૂંટણી જીતીને અહીં આવ્યો છું. ખરેખર, શાહનો આ ટોણો સાકેત ગોખલે પર છે. તેઓ ટીએમસીની ટિકિટ પર રાજ્યસભા પહોંચ્યા છે. અમિત શાહે કહ્યું, સાકેત ગોખલે આ ગૃહને ખોટી માહિતી આપી રહ્યા છે. અમિત શાહે કહ્યું કે, સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના આદેશ પછી, બંગાળમાં ચૂંટણી હિંસા અંગે કેસ દાખલ કરવામાં આવ્યા છે. જ્યાં અમારી પાસે વધુ બેઠકો આવી, ત્યાં અમારા કાર્યકરોને શોધી શોધીને મારી નાખવામાં આવ્યા. ફરિયાદીઓએ હાઈકોર્ટ, પછી સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો અને હાઈકોર્ટે આદેશ આપ્યો કે બધા કેસ ફરીથી નોંધવામાં આવે. આ પણ એવો જ કિસ્સો છે. શાહે કહ્યું, તેઓ (ટીએમસી) સુપ્રીમ કોર્ટનું સન્માન કરતા નથી, તેઓ હાઈકોર્ટનું પણ સન્માન કરતા નથી.




### વિદેશ મંત્રી જયશંકરનું નિવેદન ચર્ચામાં

# ટેરિફ અને પ્રતિબંધ હવે એક પ્રકારના હથિયાર બન્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

વિદેશ મંત્રી એસ જયશંકરે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં વધતા ટેરિફ અને પ્રતિબંધોનો હથિયાર તરીકે ઉપયોગ થઈ રહ્યો છે, તે અંગે મહત્ત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. તેમણે કહ્યું કે, હવે આ માત્ર આર્થિક ઉપાય નથી રહ્યો, પરંતુ દેશો માટે આપણા હિતોનું રક્ષણ કરવા માટે શક્તિશાળી સાધન બની ગયું છે. જયશંકરે ભારપૂર્વક જણાવ્યું હતું કે, છેલ્લા દાયકામાં નાણાકીય પ્રવાહ, ઉર્જા પુરવઠો અને ટેકનોલોજી જેવી ઘણી આર્થિક ગતિવિધિઓમાં ઝડપથી એક હથિયાર તરીકે વધુને વધુ ઉપયોગ થઈ રહ્યો છે. ત્યારે વિશ્વ એક નવા આર્થિક સમીકરણ તરફ આગળ વધી રહ્યું છે, જ્યાં નીતિઓ અને પ્રતિબંધ એક નવા યુગની વ્યૂહાત્મક સ્પર્ધાનો ભાગ બની ગયો છે. જયશંકરે નવી દિલ્હીમાં આયોજિત રાયસીના સંવાદ દરમિયાન "કમિશર્સ અને મૂડીવાદીઓઃ રાજકારણ, વ્યવસાય અને નવી વિશ્વ વ્યવસ્થા" પેનલ ચર્ચા દરમિયાન આ ટિપ્પણી કરી હતી. તેમની આ ટિપ્પણી એવા સમયે થઈ છે, કે જ્યારે અમેરિકાએ ભારત સહિત વિવિધ દેશોમાંથી આયાત થતી વસ્તુઓ પર વિવિધ ટેરિફની જાહેરાત કરી છે. વધુમાં જયશંકરે કહ્યું કે, આ દુનિયાની વાસ્તવિકતા છે. તમે તમારા વ્યવસાય માટે લડો છો, કારણ કે તમે તમારા રોજગાર માટે લડી રહ્યા છો, તમે તમારી વ્યાપક રાષ્ટ્રીય શક્તિ માટે લડી રહ્યા છો, જેમાં વ્યવસાયનું ખૂબ જ મહત્ત્વપૂર્ણ યોગદાન છે. વિશ્વભરના વિકસિત થઈ રહેલા વૈશ્વિક લેવલ પર અલગ અલગ દેશોનાં સંબંધો પર જયશંકરે કહ્યું કે, મને લાગે છે કે આજે વિવિધ ક્ષેત્રોને વિભાજીત કરતી રેખાઓ ભૂસાઈ ગઈ છે.

### નાગપુર હિંસા અંગે RSSનું મોટું નિવેદન

# કોઈપણ પ્રકારની હિંસા સમાજ માટે સારી નથી

। (એજન્સી) નાગપુર, તા. ૧૯ ।

નાગપુરમાં મુઘલ બાદશાહ ઔરંગઝેબની કબરને લઈને હાલમાં વિવાદ ચાલી રહ્યો છે. દરમિયાન, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની અખિલ ભારતીય પ્રતિનિધિ સભાની ૩ દિવસીય બેઠકના કારણે, અખિલ ભારતીય પ્રચાર પ્રમુખ સુનીલ આંબેકરે પત્રકાર પરિષદ યોજી હતી. આ PC દરમિયાન સુનીલ આંબેકરને ઔરંગઝેબ વિશે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. તેમને પૂછવામાં આવ્યું કે શું ઔરંગઝેબ હજુ પણ પ્રાસંગિક છે? જ્યાં હાલમાં ઔરંગઝેબની કબરને હટાવવાને લઈને હોબાળો ચાલી રહ્યો છે. આ દરમિયાન જ્યારે સુનીલ આંબેકરને નાગપુરમાં થયેલી હિંસા અને ઔરંગઝેબની કબર અંગે પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું કે, કોઈપણ પ્રકારની હિંસા સમાજ માટે સારી નથી. આ અંગે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ તેની તપાસ કરી રહી છે. વળી, મુઘલ બાદશાહ વિશે તેમણે કહ્યું કે, ઔરંગઝેબ પ્રાસંગિક નથી. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ની અખિલ ભારતીય પ્રતિનિધિ સભાની ૩-દિવસીય બેઠક ૨૧ થી ૨૩ માર્ચ સુધી કર્ણાટકની રાજધાની બેંગલુરુમાં શરૂ થવા જઈ રહી છે, ૧૯ માર્ચે અખિલ ભારતીય પ્રચાર પ્રમુખ સુનીલ આંબેકરે આ બેઠક અંગે પત્રકાર પરિષદ યોજી હતી. આ દરમિયાન પ્રચાર વડાએ ૩ દિવસીય બેઠક વિશે માહિતી આપી હતી. તેમણે કહ્યું કે, આ બેઠકમાં દેશભરમાંથી પ્રતિનિધિઓ ભાગ લેશે. સંઘના અધિકારીઓ અને કાર્યકરો પણ ભાગ લેશે. તેમણે માહિતી આપી હતી કે બેઠક ૨૧ માર્ચે સવારે ૯ વાગ્યે શરૂ થશે અને ૨૩મીની સાંજ સુધી ચાલશે. સંઘની રચનામાં આ સૌથી મહત્વપૂર્ણ બેઠક છે. પ્રચાર વડાએ જણાવ્યું હતું કે આ બેઠકમાં મંજૂરી માટે બે દરખાસ્તો મૂકવામાં આવશે. આ મંજૂરી માટે બે દરખાસ્તો મૂકવામાં આવશે. પહેલો પ્રસ્તાવ બાંગ્લાદેશ વિશેનો પરિચય હશે અને બીજો પ્રસ્તાવ સંઘની ૧૦૦ વર્ષની યાત્રા અને ભવિષ્યની યોજનાઓની ચર્ચા કરવાનો હશે.

### બેદરકારીપૂર્વક વાહન હંકારનારાની ખેર નહીં

# ટ્રાફિક નિયમોના ભંગ બદલ હવે ૧૦ ગણો વધુ દંડ થશે

## લાયન્સ વિના ડ્રાઈવિંગ કરતાં પકડાયા તો દંડની રકમ રૂપિયા ૫૦૦થી વધારી રૂ. ૫૦૦૦ કરાઈ છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

હવેથી ખરાબ અથવા બેદરકારીપૂર્વક વાહન હંકારી શકાશે નહીં. જો આમ કરતાં પકડાયા તો ભારે દંડ ચૂકવવો પડશે. કેન્દ્ર સરકારે માર્ગ અકસ્માતો અટકાવવા તેમજ વાહનચાલકો ચુસ્તપણે ટ્રાફિક નિયમોનું પાલન કરે તે હેતુ સાથે ટ્રાફિક દંડમાં મસમોટો વધારો કર્યો છે. જેમાં દારૂ પીને વાહન હંકારવા પર, ઓવરસ્પીડિંગ, સિગ્નલ તોડવો, હેલમેટ વિના ડ્રાઈવિંગ સહિતના ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન પર મોટો દંડ ઉપરાંત જેલની સજા તથા લાયસન્સ સસ્પેન્ડ થવાની જોગવાઈ ઘડવામાં આવી છે. તેમજ વારંવાર ટ્રાફિક નિયમોનો ભંગ કરવા પર દંડની રકમમાં વધારો થઈ શકે છે, અને વધુ કડક સજા કરવામાં આવશે. આ નવા નિયમો ૧ માર્ચ, ૨૦૨૫થી લાગુ થઈ ચૂક્યા છે. આ નિયમોના ઉલ્લંઘન પર ચૂકવવો પડશે મોટો દંડ, ૧. દારૂ પીને ગાડી હંકારવા પરઃ પહેલાં દારૂ પીને ગાડી હંકારવા બદલ રૂ. ૧૦૦૦થી રૂ. ૧૫૦૦ સુધીનો દંડ થતો હતો. પરંતુ નવા સુધારા મુજબ, હવે રૂ. ૧૦,૦૦૦ સુધીનો દંડ તથા છ માસની જેલની સજા થઈ શકે છે. ફરી જો આ જ ગુના હેઠળ ઝડપાયા તો દંડની



રકમ વધીને રૂ. ૧૫,૦૦૦ અને બે વર્ષ સુધી જેલની સજા થઈ શકે છે. ૨. હેલમેટ વિના ગાડી હંકારવા પરઃ હેલમેટ વિના ગાડી હંકારવા બદલ રૂ. ૧૦૦૦ સુધીનો દંડ થશે. જે અગાઉ રૂ. ૧૦૦ હતો. તેમજ ત્રણ માસ માટે તમારૂ લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવશે. ૩. સીટ બેલ્ટ નિયમનો ભંગઃ જો ડ્રાઈવરે ગાડી ચલાવતી વખતે સીટબેલ્ટ નહીં પહેર્યું હોય તો તેની પાસેથી રૂ. ૧૦૦૦નો દંડ લેવામાં આવશે. જે અગાઉ રૂ. ૧૦૦ હતો. ૪. મોબાઈલ ફોનનો ઉપયોગઃ ગાડી ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ કરવો ગંભીર દુર્ઘટના સર્જી શકે છે. જેથી ગાડી ચલાવતી વખતે મોબાઈલ ફોનના ઉપયોગ પર રૂ. ૫૦૦૦નો દંડ ચૂકવવો પડશે. ૫. લાયસન્સ વિના ડ્રાઈવિંગઃ લાયન્સ વિના ડ્રાઈવિંગ કરતાં પકડાયા તો દંડની રકમ રૂ. ૫૦૦થી વધારી રૂ. ૫૦૦૦ કરવામાં આવી છે. ૬. ટુવ્હિલર્સ પર ટ્રિપલ રાઈડિંગઃ બાઈક પર ટ્રિપલ સવારી માટે દંડની જોગવાઈ રૂ. ૧૦૦થી વધારીને રૂ. ૧૦૦૦ કરવામાં આવી છે. ૭. માન્ય વીમા વિના વાહન ચલાવવુંઃ માન્ય વીમા વિના વાહન ચલાવવાનો દંડ રૂ. ૨૦૦-૪૦૦થી વધારી રૂ. ૨૦૦૦ કર્યો છે. તેમાં ૩ મહિનાની જેલ અને કોમ્યુનિટી સર્વિસ આપવાની જોગવાઈ પણ સમાવિષ્ટ કરવામાં આવી શકે છે. જો વારંવાર આ ગુના હેઠળ ઝડપાયા તો દંડ બમણો થઈને રૂ. ૪૦૦૦ થઈ શકે છે. ૮. PUC ન હોય તોઃ પહેલાં રૂ. ૧૦૦૦નો દંડ થતો હતો, પરંતુ હવે માન્ય પ્રદૂષણ પ્રમાણપત્ર (PUC) વિના વાહન ચલાવવા પર રૂ. ૧૦,૦૦૦નો દંડ થશે, સાથે સાથે ૬ મહિનાની જેલની સજા અને કોમ્યુનિટી સર્વિસની સજા પણ થઈ શકે છે. ૯. ખતરનાક ડ્રાઈવિંગ અને ઓવરસ્પીડિંગઃ બેદરકારીપૂર્વક વાહન ચલાવવા પર હવે રૂ. ૫૦૦૦નો દંડ થાય છે, જેના કારણે સલામતીના ધોરણોનું ઉલ્લંઘન કરવું વધુ મોંઘુ બને છે.

# શેરબજારમાં તેજીની હેટ્રિક, સેન્સેક્સ-નિફ્ટી ઉછાળા સાથે બંધ



। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।

શેર બજાર આજે વધારા સાથે લીલા નિશાનમાં કારોબાર શરૂ કર્યો. મંગળવારે શેરબજાર મોટા વધારા સાથે બંધ થયું હતું. ગઈકાલે સેન્સેક્સ ૧૧૩૧.૩૧ ના વધારા સાથે ૭૫,૩૦૧.૨૬ પોઈન્ટ પર બંધ થયો હતો અને નિફ્ટી ૩૨૫.૫૫ પોઈન્ટના વધારા સાથે ૨૨,૮૩૪.૩૦ પોઈન્ટ પર બંધ થયો હતો. ભારતીય શેરબજારો આજે સતત ત્રીજા દિવસે વધારા સાથે લીલા નિશાનમાં બંધ થયા છે. બુધવારે બીએસઇ સેન્સેક્સ ૧૪૭.૭૯ પોઈન્ટ (૦.૨૦%) વધીને ૭૫,૪૪૯.૦૫ પર બંધ થયો. જ્યારે NSEનો નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૭૩.૩૦ પોઈન્ટ (૦.૩૨%) વધીને ૨૨,૯૦૭.૬૦ પોઈન્ટ પર બંધ થયો. તમને જણાવી દઈએ કે આજે બજારે વધારા સાથે લીલા નિશાન પર કારોબાર શરૂ કર્યો હતો. મંગળવારે શેરબજાર મોટા વધારા સાથે બંધ થયું હતું. ગઈકાલે સેન્સેક્સ ૧૧૩૧.૩૧ પોઈન્ટ (૧.૫૩%) ના વધારા સાથે ૭૫,૩૦૧.૨૬ પોઈન્ટ પર બંધ થયો હતો અને નિફ્ટી ૩૨૫.૫૫ પોઈન્ટ (૧.૪૫%) ના વધારા સાથે ૨૨,૮૩૪.૩૦ પોઈન્ટ પર બંધ થયો હતો. બુધવારે સેન્સેક્સની ૩૦ કંપનીઓમાંથી ૧૭ કંપનીઓના શેર વધારા સાથે લીલા રંગમાં બંધ થયા હતા અને બાકીની ૧૩ કંપનીઓના શેર નુકસાન સાથે લાલ રંગમાં બંધ થયા હતા. બીજી તરફ નિફ્ટી ૫૦ ની ૫૦ કંપનીઓમાંથી ૩૧ કંપનીઓના શેર વધારા સાથે લીલા નિશાનમાં બંધ થયા હતા અને બાકીની ૧૯ કંપનીઓના શેર નુકસાન સાથે લાલ નિશાનમાં બંધ થયા હતા. આજે સેન્સેક્સ કંપનીઓમાં, ટાટા સ્ટીલના શેર સૌથી વધુ ૨.૪૯ ટકાના વધારા સાથે બંધ થયા જ્યારે ટેક મહિન્દ્રાના શેર સૌથી વધુ ૨.૨૮ ટકાના ઘટાડા સાથે બંધ થયા. આજે સેન્સેક્સની બાકીની કંપનીઓમાં ઝોમેટોના શેર ૨.૪૫ ટકા, પાવર ગ્રીડ ૨.૨૨ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૨.૦૧ ટકા, ઈન્ડસઈન્ડ બેંક ૧.૫૧ ટકા, લાર્સન એન્ડ ટુબ્રો ૧.૩૯ ટકા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ૧.૦૮ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૦૭ ટકા, NTPC ૧.૦૫ ટકા, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૦.૮૦ ટકા, HDFC બેંક ૦.૬૩ ટકા, એક્સિસ બેંક ૦.૬૧ ટકા, ભારતી એરટેલ ૦.૩૩ ટકા, ICICI બેંક ૦.૩૨ ટકા, ટાટા મોટર્સ ૦.૨૮ ટકા, એશિયન પેઈન્ટ્સ ૦.૨૮ ટકા અને બજાજ ફાઈનાન્સના શેર ૦.૧૮ ટકા વધ્યા હતા.

### કોર્ટમાંથી ભરણપોષણની વિગતો આવી સામે

# ચહલ ધનશ્રીને ૪ કરોડ ૭૫ લાખ રૂપિયા આપશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્મા લાંબા સમયથી હેડલાઈન્સમાં છે. ચહલ અને ધનશ્રીના છૂટાછેડાના અહેવાલો ઘણા સમયથી ચાલી રહ્યા હતા પરંતુ આ દંપતીએ મૌન જાળવી રાખ્યું છે. ધનશ્રી અને ચહલ અલગ થઈ ગયા છે અને પોતાના જીવનમાં આગળ વધી ગયા છે. આ દરમિયાન, યુઝવેન્દ્ર ધનશ્રીને કેટલું ભરણપોષણ આપવાના છે તે અંગે સમાચાર આવ્યા છે. બાર અને બેન્ચના રિપોર્ટ મુજબ, ચહલ ધનશ્રીને ૪ કરોડ ૭૫ લાખ રૂપિયા આપશે. જેમાંથી તેમણે ૨ કરોડ ૩૭ લાખ રૂપિયા ચૂકવી દીધા છે. રિપોર્ટ અનુસાર, સમાધાનની શરતો મુજબ, ચહલે ધનશ્રીને ૪ કરોડ ૭૫ લાખ રૂપિયાનું કાયમી ભરણપોષણ આપવા સંમતિ આપી હતી, જેમાંથી ૨ કરોડ ૩૭ લાખ ૫૫ હજાર રૂપિયા પહેલાથી જ આપવામાં આવી ચૂક્યા છે. ફેમિલી કોર્ટે બાકીની રકમ ન ચૂકવવાને બિન-પાલન ગણ્યું. ઘણા અહેવાલો બહાર આવ્યા હતા જેમાં એવું કહેવામાં આવ્યું હતું કે ધનશ્રીએ ભરણપોષણ તરીકે ૬૦ કરોડ રૂપિયા માંગ્યા હતા. જોકે, ધનશ્રીના પરિવારે આ દાવાને નકારી કાઢ્યો હતો. ધનશ્રીના પરિવારના એક સભ્યએ એક નિવેદન બહાર પાડીને ભરણપોષણના અહેવાલોને પાયાવિહોણા ગણાવ્યા. પરિવારના સભ્યએ વાયરલ દાવાઓ પર નિરાશા વ્યક્ત કરી અને બધાને પાયાવિહોણી માહિતી ન ફેલાવવા વિનંતી કરી. સભ્યએ સ્પષ્ટતા કરી કે ધનશ્રી વર્માએ ક્યારેય ચહલ પાસેથી કોઈ ભરણપોષણ માંગ્યું નથી. તમને જણાવી દઈએ કે ધનશ્રી અને યુઝવેન્દ્ર ચહલના લગ્ન ૨૦૨૦માં થયા હતા. બંને લગભગ એક વર્ષથી અલગ રહેતા હતા. આ મહિને તેમના છૂટાછેડાને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું. જોકે, બંનેએ હજુ સુધી આ અંગે કોઈ પ્રતિક્રિયા આપી નથી. યુઝવેન્દ્ર ચહલ હાલમાં ટીમ ઈન્ડિયાની બહાર છે.

# ભારતીય રેલવે વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ અને વિકલાંગ વ્યક્તિઓ માટે લોઅર બર્થની ફાળવણીની વિશેષ જોગવાઈ

। નવી દિલ્હી, તા.૧૯ ।

વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ અને વિકલાંગ વ્યક્તિઓને લોઅર બર્થની જોગવાઈઓની સુવિધા માટે મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે.

વરિષ્ઠ નાગરિક, ૪૫ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓ અને સગર્ભા સ્ત્રીઓ માટે લોઅર બર્થ નક્કી કરવામાં આવી છે.

રાજધાની અને શતાબ્દી પ્રકારની ટ્રેનો સહિત તમામ મેલ/એક્સપ્રેસ ટ્રેનોમાં વિકલાંગ વ્યક્તિઓ માટે આરક્ષણ ક્વોટા

કેન્દ્રીય રેલવે, માહિતી અને પ્રસારણ અને ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે, લોકસભામાં પ્રશ્નનો જવાબ આપતાં, વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ અને વિકલાંગોને લોઅર બર્થ પ્રદાન કરવા માટે ભારતીય રેલવેના ચાલી રહેલા પ્રયાસો પર પ્રકાશ પાડ્યો.

વરિષ્ઠ નાગરિકો, ૪૫ વર્ષ અને તેથી વધુ ઉંમરના મહિલા મુસાફરો અને સગર્ભા સ્ત્રીઓને બુકિંગ દરમિયાન કોઈ ચોક્કસ પસંદગી સૂચવવામાં ન આવે તો પણ ઉપલબ્ધતાને આધીન નીચેની બર્થ આપમેળે ફાળવવામાં આવશે.

- સ્લીપર ક્લાસમાં પ્રતિ કોચ છ થી સાત લોઅર બર્થનો સમર્પિત ક્વોટા.
- એર કન્ડિશન્ડ ૩ ટાયર (3AC) માં પ્રતિ કોચ ચાર થી પાંચ લોઅર બર્થ.
- એર કન્ડિશન્ડ ૨ ટાયર (2AC) માં પ્રતિ કોચ ત્રણ થી ચાર લોઅર બર્થ.
- આ જોગવાઈ મહત્તમ સુવિધા સુનિશ્ચિત કરવા ટ્રેનમાં કોચની સંખ્યાના આધારે ઉપલબ્ધ છે.

વિકલાંગ વ્યક્તિઓ માટે આરક્ષણ ક્વોટાની સુવિધા રાજધાની અને શતાબ્દી-પ્રકારની ટ્રેનો સહિત તમામ મેલ/એક્સપ્રેસ ટ્રેનોમાં લાગુ પડે છે, પછી ભલેને રાહતની સવલતો મળી હોય કે ન હોય.

- સ્લીપર ક્લાસમાં ચાર બર્થ (બે લોઅર બર્થ સહિત).
- 3AC/3E માં ચાર બર્થ (બે લોઅર બર્થ સહિત).
- રિઝર્વ્ડ સેકન્ડ સીટિંગ (૨જી) અથવા એર-કન્ડિશન્ડ ચેર કાર (CC) માં ચાર સીટ

મુસાફરી દરમિયાન ખાલી લોઅર બર્થની સ્થિતિમાં, વરિષ્ઠ નાગરિકો, વિકલાંગ વ્યક્તિઓ અને સગર્ભા સ્ત્રીઓને પ્રાધાન્ય આપવામાં આવે છે જેમને શરૂઆતમાં મધ્યમ અથવા ઉપરની બર્થ ફાળવવામાં આવી હોય.

ભારતીય રેલવે આ સમાવિષ્ટ પગલાં દ્વારા સરળ અને આરામદાયક મુસાફરીના અનુભવો પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે. મુસાફરોને સલામત અને અનુકૂળ મુસાફરી માટે આ સુવિધાઓનો લાભ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

# આમ આદમી પાર્ટીના દિગ્ગજ નેતા પર ૫૭૧ કરોડના ભ્રષ્ટાચારનો આરોપ

## સત્યેન્દર જૈન વિરૂદ્ધ ૫૭૧ કરોડના પ્રોજેક્ટમાં ભ્રષ્ટાચાર કર્યો હોવાનો આરોપ : એસીબી દ્વારા ફરિયાદ નોંધાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

આમ આદમી પાર્ટી પર એક પછી એક સતત મુશ્કેલીઓનો પહાડ તૂટી રહ્યો છે. દિલ્હીની પૂર્વ સરકારના રાજમાં પીડબ્લ્યૂડીના મંત્રી રહી ચૂકેલા AAP નેતા સત્યેન્દર જૈન વિરૂદ્ધ રૂ. ૫૭૧ કરોડના પ્રોજેક્ટમાં ભ્રષ્ટાચાર કર્યો હોવાનો આરોપ મૂકાયો છે. આ મામલે એસીબી દ્વારા ફરિયાદ નોંધવામાં આવી છે. દિલ્હીના જોઈન્ટ કમિશનર ઓફ પોલીસ (એસીબી) મધુર વર્માએ જણાવ્યું હતું કે, પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટની કલમ ૧૭ (એ) હેઠળ પૂર્વ મંત્રી સત્યેન્દર જૈન વિરૂદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે. જૈને ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડને ૧.૪ લાખ સીસીટીવી કેમેરા લગાવવા માટે રૂ. ૫૭૧ કરોડનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો. જેમાં સીસીટીવી ઈન્સ્ટોલ કરવામાં વિલંબ થતાં કંપની પર આપ સરકારે રૂ. ૧૬ કરોડનો દંડ ફટકાર્યો હતો. જો કે, પછી જૈને રૂ. ૭ કરોડની લાંચ લઈ આ દંડ માફ કર્યો હતો. ૨૩ ઓગસ્ટ, ૨૦૧૯ના મીડિયા રિપોર્ટ્સમાં જણાવ્યું હતું કે, સીસીટીવી કેમેરા લગાવવામાં વિલંબ થતાં દિલ્હી સરકારે ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ. પર રૂ. ૧૬ કરોડનો દંડ ફટકાર્યો હતો. જો કે, ફરિયાદ અનુસાર, જૈને રૂ. ૧૬ કરોડનો દંડ માફ કરવા ઉપરાંત વધુ ૧.૪ લાખ કેમેરા લગાવવા માટે કંપની સાથે સમાધાન કર્યું હતું. કંપનીને આ રાહત આપવા માટે જૈને રૂ. ૭ કરોડની લાંચ લીધી હોવાનો દાવો છે. સેન્ટ્રલ વિજિલન્સ કમિશન દ્વારા ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ જારી કરવામાં આવેલા રિપોર્ટમાં પીડબ્લ્યૂડી દ્વારા દિલ્હીની સરકારી સ્કૂલોના બાંધકામમાં ગેરરીતિઓ થઈ હોવાનો ખુલાસો થયો હતો.

પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન
ઓએચઈ સંસાધન કાર્ય
ઈ-ટેન્ડર સૂચના સંખ્યા : Sr.DEE/TR/ADI/13 (2024-25) તારીખ 18.03.2025 ટેન્ડર સંખ્યા : TRD-ADI-T-12-2024-25 કાર્યનું નામ : અમદાવાદ ડિવિઝનમાં હળવદ ખાતે ડેડ એન્ડનું વિસ્તરણ, વિવિધ સ્થળોએ પ્લેટફોર્મનું વિસ્તરણ અને પાયાની આસપાસ રિટેનિંગ વોલ ના સંબંધમા ઓએચઈ સંસાધન. અંદાજિત કિંમત : ₹2,85,95,240.00/- અર્નેસ્ટ મની ડિપોઝિટ : ₹2,93,000/- ટેન્ડર ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ અને સમય : 16.04.2025 ના 15:00 કલાકે. ટેન્ડર ફોર્મ ખોલવાની તારીખ અને સમય : 16.04.2025 ના 15.30 કલાકે. ઓફિસનું સરનામું : સિનિયર. ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર. ડી.આર.એમ. ઓફિસ, ચામુંડા પુલ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ - 382345 વેબસાઇટ સરનામું: www.ireps.gov.in
347
અમને લાઈક કરો: facebook.com/WesternRly

## તંત્રી લેખ...

# પુતિને સ્માઈલી સાથે અવગણના કરી

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને રશિયા-યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવાની દિશામાં પગલાં ભરવા મંગળવારે ફોન પર વાત કરી હતી. બંને નેતાઓએ ઊર્જા અને માળખાગત સુવિધાઓને ટારગેટ કરીને હુમલાઓ રોકી યુદ્ધવિરામ બંધ કરવા સંમત થયા છે. અમેરિકી રાષ્ટ્રપતિએ આ વાતચીતને શાનદાર ગણાવી છે. જોકે, મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે, પુતિને ટ્રમ્પને ફોન પર વાત કરવા માટે લગભગ એક કલાક રાહ જોવડાવી હતી. જેને અમેરિકન રાષ્ટ્રપતિના અપમાન તરીકે પણ જોવામાં આવી રહ્યું છે. એટલું જ નહીં રશિયાએ અમેરિકન રાષ્ટ્રપતિ દ્વારા પ્રસ્તાવિત ૩૦ દિવસના યુદ્ધવિરામને પણ નકારી કાઢ્યો. પુતિને ટ્રમ્પને ફોન પર વાત કરવા માટે રાહ જોવડાવી હતી અને પછી યુક્રેનના ઉર્જા માળખા સુધી હુમલા મર્યાદિત રાખવા સંમતિ આપી હતી. આ ઉપરાંત એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, જ્યારે ટ્રમ્પ રશિયન રાષ્ટ્રપતિ સાથે વાત કરવા માંગતા હતા, ત્યારે પુતિન મોસ્કોમાં ઉદ્યોગપતિઓ અને વ્યાપારીઓ સાથે એક વાર્ષિક કાર્યક્રમમાં વ્યસ્ત હતા. માહિતી પ્રમાણે ટ્રમ્પનો ફોન કોલ રશિયન સમય પ્રમાણે સાંજે ૪ થી ૬ વાગ્યાની વચ્ચે નક્કી કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના યજમાને પુતિનને સાંજે ૪ વાગ્યાની આસપાસ ફોન પર વાત યાદ કરાવ્યું હતું. તેના જવાબમાં પુતિને સ્માઈલી સાથે આ વાતને અવગણી હતી. વાયરલ ફૂટેજમાં આ જોઈ શકાય છે. પુતિન સાંજે ૫ વાગ્યાની આસપાસ ક્રેમલિન પહોંચ્યા. ત્યાર બાદ બંનેએ ફોન પર વાત કરી હતી. આ વીડિયોએ સોશિયલ મીડિયા પર ખૂબ ઝડપી વાયરલ થઈ રહ્યો છે. કેટલાક લોકોએ તેને ટ્રમ્પનું ઈરાદાપૂર્વકનું અપમાન ગણાવ્યું. એક યુઝરે ઠ પ્લેટફોર્મ પર લખ્યું છે કે, નેતાઓને રાહ જોવડાવવીએ પુતિનનો જૂની તાકાતનો પાવર છે. પણ આ ખૂબ ક્રૂર હતું. અન્ય એક ઠ યુઝરે લખ્યું. પુતિને ચેતવણીની અવગણના કરી અને ટ્રમ્પને દુનિયા સામે અપમાનિત કર્યા છે.

## ડો.મનસુખ માંડવિયાએ "એન્ટિ અને ડોપિંગ સાયન્સઃ ઇનોવેશન્સ એન્ડ ચેલેન્જિસ" વિષય પર એનડીટીએલ વાર્ષિક કોન્ફરન્સનું ઉદઘાટન કર્યું



કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત તથા શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આજે નવી દિલ્હીમાં રમતગમત અને વૈજ્ઞાનિક સમુદાયોના મુખ્ય હિતધારકોને એકમંચ પર લાવીને "ડોપિંગ વિરોધી વિજ્ઞાનઃ નવીનીકરણ અને પડકારો" વિષય પર નેશનલ ડોપ ટેસ્ટિંગ લેબોરેટરી (એનડીટીએલ) વાર્ષિક પરિષદ-૨૦૨૫નું ઉદ્ઘાટન કર્યું હતું. આ સંમેલનમાં કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત રાજ્ય મંત્રી શ્રીમતી રક્ષા નિખિલ ખડસે, સચિવ (રમતગમત) શ્રીમતી સુજાતા ચતુર્વેદી, સંયુક્ત સચિવ (રમતગમત) શ્રી કુણાલ અને એનડીટીએલનાં ડિરેક્ટર પ્રોફેસર (ડો.) પી. એલ. સાહુ ઉપસ્થિત રહ્યાં હતાં. ડૉ. મનસુખ માંડવિયાએ પોતાનું મુખ્ય વક્તવ્ય આપતાં રમતગમતમાં સ્વચ્છ અને વાજબી સ્પર્ધાને પ્રોત્સાહન આપવા માટે ભારત સરકારની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી હતી. તેમણે ડોપિંગ પર પ્રારંભિક શિક્ષણના મહત્વ પર ભાર મૂક્યો હતો. શાળાના અભ્યાસક્રમમાં તેનો સમાવેશ કરવાની હિમાયત કરી હતી અને ગ્રામીણ વિસ્તારોમાં જાગૃતિ અભિયાન શરૂ કરવાની હિમાયત કરી હતી. તેમણે તમામ એથ્લીટ્સ એન્ટી ડોપિંગ નિયમો અંગે સારી રીતે માહિતગાર થાય તે સુનિશ્ચિત કરવા માટે સ્પોર્ટ્સ ફેડરેશનો અને સંસ્થાઓની વધુ સંડોવણીની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. તદુપરાંત, તેમણે એન્ટિ-ડોપિંગ સાયન્સમાં અત્યાધુનિક સંશોધન અને તકનીકી પ્રગતિની નિર્ણાયક ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો, જે એથ્લેટ્સની કારકિર્દીને સુરક્ષિત રાખવા અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રમતગમત ઈવેન્ટ્સની વિશ્વસનીયતા જાળવવામાં તેમના મહત્વને રેખાંકિત કરે છે. આ ઈવેન્ટે વૈજ્ઞાનિકો, કોચ, ફિઝિકલ એજ્યુકેશન પ્રોફેશનલ્સ, સ્પોર્ટ્સ ફેડરેશનો અને વિદ્યાર્થીઓને એન્ટિ-ડોપિંગ સાયન્સમાં નવીનતમ પ્રગતિઓ અને પડકારો પર ઊંડાણપૂર્વકની ચર્ચાઓ કરવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ પૂરું પાડ્યું હતું. આ કોન્ફરન્સમાં ડોપિંગ ડિટેક્શનમાં વૈજ્ઞાનિક નવીનતાની નિર્ણાયક ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો, પ્રતિબંધિત પદાર્થોની સતત વિકસતી પ્રકૃતિને સંબોધિત કરવામાં આવી હતી અને રમતગમતની અખંડિતતાને જાળવવા માટેના સહયોગી પ્રયત્નોના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો. વિષય નિષ્ણાતોએ એન્ટિ-ડોપિંગ સાયન્સમાં નવીનતાઓ સહિત કેટલાક મહત્વપૂર્ણ વિષયો પર ઊંડાણપૂર્વકની ચર્ચા કરી હતી. જ્યાં તેઓએ તપાસ પદ્ધતિઓ અને પરીક્ષણ તકનીકોમાં અભૂતપૂર્વ પ્રગતિની શોધ કરી હતી. તેઓએ ડોપિંગ નિવારણમાં પડકારોનો પણ સામનો કર્યો હતો, જેમાં ઉભરતા જોખમોનો સામનો કરવાની વ્યૂહરચનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું, જેમાં શોધી ન શકાય તેવા પદાર્થોના ઉદયનો પણ સમાવેશ થાય છે. વધુમાં, આ ચર્ચામાં સ્વચ્છ રમતગમતને પ્રોત્સાહન આપવામાં હિતધારકોની ભૂમિકા પર ભાર મૂકવામાં આવ્યો હતો, જેમાં જાગૃતિ વધારવા, અમલીકરણને મજબૂત કરવા અને રમતગમતની અખંડિતતા જાળવવા માટે ફેડરેશનો, વૈજ્ઞાનિકો અને શિક્ષકો વચ્ચે સહયોગી પ્રયાસોની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ કોન્ફરન્સમાં ઈન્ટરેક્ટિવ સેશન, એક્સપર્ટ પેનલ ડિસ્કશન અને ભારતમાં એન્ટી ડોપિંગ પગલાંને વધારવા માટે તૈયાર કરવામાં આવેલી નોલેજ-શેરિંગ પહેલનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. યુવા વિદ્વાનો અને વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારીએ નૈતિક રમતગમતની પદ્ધતિઓ પ્રત્યે વધતી પ્રતિબદ્ધતા દર્શાવી હતી અને આવી પહેલના મહત્વ પર ભાર મૂક્યો હતો. એનડીટીએલની વાર્ષિક પરિષદ-૨૦૨૫માં વૈશ્વિક એન્ટિ ડોપિંગ માપદંડોને જાળવી રાખવાની ભારતની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરવામાં આવી હતી અને ડોપિંગ-મુક્ત સ્પોર્ટ્સ કલ્ચરને પ્રોત્સાહન આપવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું રજૂ કરવામાં આવ્યું હતું.

### પર્યાવરણનાં મુખ્ય ઘટક સમાન વૃક્ષો કપાવવાને કારણે ઓક્સિજન પણ દિવસે દિવસે ઘટતો જાય છે

# ચકીબેન ચકીબેન મારી સાથે રમવા આવશો કે નહીં! એ બાળગીતની ચકલી ક્યાં ગઈ?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**વહેલી સવારના દ્રશ્યો હવે વાર્તા, કહાની, કે કવિતામાં જ જોવા મળે છે, કારણ કે ગામડાઓ ઓછા થતા જાય છે, અને ગામડાનું પણ શહેરીકરણ થઈ ગયું છે, નથી રહ્યું ગામનું પાદર, કે નથી રહ્યો એ વડલો! જેમાં અસંખ્ય પંખીઓ પોતાના માળાઓ કરતાં, અને સવાર પડે તો જાણે વડલાને વાચા ફૂટી હોય એવાં દ્રશ્યો જોવા મળતાં! શહેરીકરણને કારણે દિવસે દિવસે પક્ષીઓની પ્રજાતિ ઓછી થતી જાય છે!**

હમણાં અહીં જર્મની છું, અને જવાબદારી અર્થે આવી હોવાથી બહુ બહાર જવાનું કે એવું કંઈ થતું નથી, પણ એક વાતની નોંધ લીધી કે અહીં ચકલી, કબૂતર, કાગડા, અને તળાવ હોવાથી બતક, અને હંસ જેવા પક્ષીઓ ખૂબ છે. આજે ૨૦ માર્ચ એ ચકલી દિવસ છે, તો થયું સૌની પ્યારી એવી ચકલી પર લખું. આમ તો બધાં જ નાના બાળકોની મનોરંજનની દુનિયામાં ચકલી નામનું નાનકડું પક્ષી એક જાદું જેવી ફીલીંગ કરાવતું પાત્ર છે. આપણા બાળ સાહિત્યકારોએ આસપાસના પર્યાવરણ પર ખૂબ બધી રચનાઓ લખી છે. ચકીબેન ચકીબેન.. એક બિલાડી જાડી તેણે પહેરી સાડી... અને હાથીભાઈ તો જાડા.. આ બધાં જોડકણાં સાંભળી સાંભળીને બાળકો મોટા થતાં, અને એ રીતે આસપાસની દુનિયા સાથે એને જોડવામાં આવતા, જીવદયાનો ભાવ કેળવવામાં આવતો! ચકલી પહેલાં આપણાં જીવનનો એક હિસ્સો હતી, એની ચીંચીં થી આપણું ફળિયુ તથા ઘર સૂરીલુ રહેતું હતું. નાના નાના બાળકોને ચકલીને ઉડતી જોઈને બહુ આશ્ચર્ય થતું, અને આપણી વાર્તાઓમાં પણ ચકાચકીની વાર્તાએ એટલે જ સ્થાન લીધું છે.પણ સમય બદલાયો અને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં આ જોડકણાંની બદલે અન્ય આવી ગયા, અને કોઈ માટે કંઈક જતું કરવાની, કે એને કંઈક આપવાની બાળકની વૃત્તિઓ પણ બદલાઈ ગઈ. વહેલી સવારના દ્રશ્યો હવે વાર્તા, કહાની, કે કવિતામાં જ જોવા મળે છે. કારણ કે ગામડાઓ ઓછા થતા જાય છે, અને ગામડાનું પણ શહેરીકરણ થઈ ગયું છે. નથી રહ્યું ગામનું પાદર, કે નથી રહ્યો એ વડલો! જેમાં અસંખ્ય પંખીઓ પોતાના માળાઓ કરતાં, અને સવાર પડે તો જાણે વડલાને વાચા ફૂટી હોય એવાં દ્રશ્યો જોવા મળતાં! શહેરીકરણને કારણે દિવસે દિવસે પક્ષીઓની પ્રજાતિ ઓછી થતી જાય છે! જોકે આપણી આસપાસ કલબલતા પક્ષીઓ ઓછા થતા જાય છે, એની નોંધ બહુ ઓછાં લોકો લેતા હશે. એક ઘટાદાર વૃક્ષનું કપાવું એટલે ઓછામાં ઓછા ૧૦૦ માળાઓની જગ્યા ઓછી થવી, અંદાજે એ રીતે હિસાબ માંડીએ તો વિચારો વિકાસને નામે આપણાં કેટલા વૃક્ષો કપાયા, અને એ રીતે એ પક્ષીઓના રહેવાની જગ્યા ગઈ. પર્યાવરણનાં મુખ્ય ઘટક સમાન વૃક્ષો કપાવવાને કારણે ઓક્સિજન પણ દિવસે દિવસે ઘટતો જાય છે, એની લાલબત્તી તો કોરોના સમયથી થઈ ગઈ છે, પણ આપણે એ ભૂલી ગયા. આજે ચકલી દિવસ નિમિત્તે ફલાણી જગ્યાએ ચકલીના માળાઓ નિઃશુલ્ક આપવામાં આવશે! કેટલાય વર્ષોથી ચકલીની પ્રજાતિ બચાવવા માટે સમાજની કેટલીય સેવાભાવી સંસ્થાઓ આ પ્રકારનું કાર્ય કરે છે, રસ્તા પર પણ ઘણા શ્રમજીવીઓ ચકલાના માળા વેચતા જોવા મળે છે. ચકલી દરેક પ્રાંતમાં અલગ અલગ નામથી ઓળખાય છે, હિન્દીમાં એને ચિડિયા કહી છે અને આપણા દેશનો પરિચય આપતાં ગીતમાં એનો ઉપયોગ છે. "જહાં ડાલ ડાલ પર સોને કી ચીડિયા કરતી હૈ બસેરા વો ભારત દેશ હૈ મેરા"! ચકલીને લગતી બીજી કેટલીય બાબતો આપણે ગુગલ સર્ચ કરીને જાણી શકીશું! પણ ચકલી એટલે એક પક્ષી એ રીતે જોઈએ તો, પ્રાણી અને પક્ષીમાં કોઈ બેઝિક તફાવત હોય તો એ છે, કે પક્ષી ઉડી શકે, અને પ્રાણી ઉડી ન શકે! પક્ષીને ઉડવા માટે પાંખ હોય જ્યારે પ્રાણીને ચાલવાનું હોય એટલે પગ હોય. નાનાથી શરૂ કરીને મોટા મોટા પક્ષીઓની ઉડવાની ક્ષમતા પણ ઓછી વધુ હોય છે, જેમ કે ચકલી વધીને વધી ૧૦ થી ૧૫ ફૂટ સુધી ઉંચી ઉડી શકે. જેમ જેમ કદ અને પાંખ મોટા થતા જાય એમ એ લોકોને ઉડવાની ક્ષમતા પણ વધે. સાંપ્રત સમયમાં દરેકને બહુ મોટી ઉડાન ભરવી હોય છે, અને આખું આકાશ સર કરવાની લગભગ દરેકની ઝંખના હોય છે. એટલે કે ઉડવું એ કદાચ માનવ જીવનની સદીઓથી સૌથી મોટી મહત્વકાંક્ષા છે, એમ કહી શકાય. અહીં ઉડવાનો અર્થ આપણે અન્ય કરતાં ઉપર ઉઠવું, કે પછી કોઈ વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરવી, શ્રેષ્ઠ સાબિત થવું, મહાન કહેવડાવવું એ રીતે કર્યો છે. પરંતુ આ માટે થઈને આપણે પક્ષીઓનું સૂક્ષ્મસ્તર રીતે અવલોકન કે નિરીક્ષણ કરવું પડશે, જ્યારે આપણે તો પક્ષીઓ ઓછા થતા જાય છે, એ તરફ પણ ધ્યાન આપવું નથી! શારીરિક રચનાની રીતે પક્ષીઓ ઉડી શકે છે એ વાત તો આપણે સૌ કોઈ જાણીએ છીએ, અને આપણે પ્રાથમિક શાળામાં ભણી ગયા છીએ, કે પક્ષીઓના હાડકાની બનાવટ તથા રચના આપણી કરતા જુદી છે, અને પીછા વાળી પાંખ પણ છે. ચકલી, કાબર, કબુતર જેવા આપણા આંગણાના પક્ષીઓનું નિરીક્ષણ કરીએ, તો એમની જરૂરિયાતો સાવ ઓછી છે, એટલે કે મુઠ્ઠીભર અનાજ વેર્યું હોય એમાંથી પણ તે ૧૫/૨૦ દાણા માંડ ચણે છે, અને જોઈએ તેટલું જ તે ગ્રહણ કરે છે, આમાં સંગ્રહનો ક્યાંય અવકાશ નથી. આજે મળ્યું છે, આવતીકાલે નહીં મળે! એમ સમજીને કોઈ પક્ષીએ દાણા ભેગા કર્યા હોય એવું આપણે આજ સુધી જોયું નથી! એના પરથી કહી શકાય કે દરેક પ્રકારની ભૂખ નામની વ્યાધિ એને આપણી કરતા ઓછી પીડતી હશે, અથવા તો એને ભરોસો હશે, કે આવતીકાલે પણ ચણ મળી જશે! આ બે મુખ્ય વાત તેના ઉડી શકવા માટે કારણભૂત છે. ઉપર ઉઠવાનો આધ્યાત્મિક અર્થ કરીએ તો આ બધી સંસારિક આધિ વ્યાધિ અને ઉપાધિમાંથી મુક્ત થઈ, અને ઉપર ઉઠી જવું, એટલે કે અસંગ થવું, કે નિર્લેપ થવું. આપણે દુઃખ ને કાઢવા છે, પણ સુખને પંપાળવા છે, માટે દુઃખની પીડા ઓછી થતી નથી. એકવાર જો સુખને દૂર રાખીએ, તો દુઃખ એટલું દુઃખદાયી નથી, એ સમજાય. ચકલી આપણને શીખવે છે કે બને તેટલી ઓછી જરૂરિયાત રાખવી, આવતીકાલ વિશે વધુ પડતું વિચારીને સંગ્રહ કરવો નહીં, કારણ કે આ સંગ્રહખોરી વર્તમાનને પણ માણવા દેતી નથી, અને એ જ આપણાં દુઃખોનું મોટામાં મોટું કારણ છે, જેમ કે મારી સંપત્તિનો કોઈ વારસદાર નથી! છે તો યોગ્ય નથી! મેં મહેનત કરી અને કોઈ શું કામ વાપરે! એ યોગ્ય રીતે વાપરશે નહીં! બધું જ મોજ શોખમાં ઉડાવી દેશે! મેં મારા જીવનના વર્ષો ઘસી નાંખ્યા ત્યારે આટલું નાણું એકઠું થયું! અને હવે એ લોકો સાવ બેફિકરાઈથી ઉડાવે છે! મહેનત વગર નાણાની કિંમત થઈ શકે નહીં! વૈશ્વિક મંદીનાં ભણકારાનો લેખ લખાયો હતો, એમાં લિવિંગ વિથ લેસ વિશેની વાત કરવામાં આવી હતી, અને એ જ આપણને ચકલી જેવા હળવા ફૂલ જેવાં રાખી શકે એમ છે. આપણી વાર્તા મુજબ એક હતો ચકો ને એક હતી ચકી! ચકો લાવ્યો મગનો દાણો અને ચકી લાવી ચોખાનો દાણો! ભેગા મળીને ચીખડી રાંધી! આમ જુઓ તો આ વાર્તા નાનપણમાં આપણા બાળકોને કરવાનું કારણ ગૃહસ્થિનો પાયો નાખવો, એ પણ છે. એટલે કે ચકો અને ચકી બંને જણાં ભેગા મળીને કામ કરે તો જ ઘર સંસાર ચાલે, અને ખીચડી એટલે કે જે બધી જ રીતે સરળતાથી ઉપલબ્ધ થઈ જાય એવું ખાણું ખાવું , એટલે કે ઓછામાં ઓછી જરૂરિયાતોથી જીવવું એવો પણ એક સંકેત છે. તો આજનાં દિવસે ચકલીની પ્રજાતિને બચાવવા માટેનો પ્રયત્ન તો કરવાનો જ છે. પરંતુ સાથોસાથ એ નાનકડી એવી ચકલીના જીવનથી પ્રેરાઈને એની જેમ હળવા ફૂલ બનીને ઉપર ઉઠવાની કોશિશ કરવાની છે. વિજ્ઞાન વિકાસને નામે આપણે ખૂબ ઊંચે સુધી ઉડ્યા, અને હવે તો આકાશમાં કેટલાય મોટા મોટા પ્લેન પણ ઉડે છે! પરંતુ ઈશ્વરે જેનાં સંરક્ષણની જવાબદારી આપણી પર નાખી હતી, એવાં આપણી આસપાસના પર્યાવરણનું સંરક્ષણ કરવાનું ચૂકી ગયાં, અને એને કારણે આ ચકલીઓ જેવી નાની નાની કેટલી એ જાતિ પ્રજાતિઓ હવે દેખાતી બંધ થવા લાગી છે, ત્યારે એમને બચાવવા એ જ આપણા જીવનનું સૌથી મહત્વનું કાર્ય છે, તો સાચાં અર્થમાં નાનપણમાં ચકાચકીએ જે મનોરંજન પૂરું પાડ્યું હતું એનું ઋણ ચૂકવ્યું કહેવાશે. જય હિન્દ.



### તારો વૈભવ રંગમોલ સોનુંને ચાકર ઘાડું, મારે ફળીયે ચકલી બેસે તે મારું રજવાડું

# આજે વીસમી માર્ચ એટલે વિશ્વ ચકલી દિને વિશેષ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**તારો વૈભવ રંગમોલ સોનુંને ચાકર ઘાડું, મારે ફળીયે ચકલી બેસે તે મારું રજવાડું, તારે બોલે હાંફળ ફાંફળ ચાકર ઉઠે બેસે, મારાઘરમાં કીડી સુદ્ધા દમામ પૂર્વક બેસે, મારે ફળીયે ઝૂલે ઝાડની ઘટાદાર ખુશી યારી, ખોલું ત્યા આકાશ લાગલું દેતી ઘરની બારી, જેવો મારોઉંબર તેવું આડેઘડ પછવાડું, મારે ફળીયે ચકલી બેસે તે મારું રજવાડું.**

દેશમાં ભેળસેળ સિમેન્ટ કોંક્રિટના જંગલો વ્યસનો કુદરતી સંપત્તિનો બેફામ વિનાશ સાથે બાળ વાર્તા ઓ મોબાઈલના આગમન સાથે લુપ્ત થઈ ગઈ.. હવે વારતા રે વારતા,ભાભો ઢોર ચારતા, ચપટી બોર લાવતા, છોકરાઓને સમજવતા. એક છોકરો રિસાણો, કોઠી પાછળ ભિંસાણો, કોઠી પડી આડી, છોકરે રાડ પાડી, અરરર માડી. આવી વાર્તાઓ કે કવિતા ઓ નથી રહી કે ભાભો ઢોર ચારતાએ નથી. છતાં આપણી ચિંતન મનન રત્નકણિકામાં આજે એક હતી ચકી અને એક હતો ચકો, ચકો લાવ્યો ચોખાનો દાણો અને ચકી લાવી મગનો દાણો બંને ભેગા થઈ ખીચડી બનાવી આ વાર્તા નાનપણમાં બહુ ગમતી કૃષિ ઉત્પાદન વધારવા માટે જમીનમાં વપરાતા હાઈબ્રીડ બિયારણ રાસાયણિક ખાતરો, દવાઓના કારણે કૃષિ પાકો અને જમીનો ઝેરીલી બની છે જેની સીધીઅસર પશુ-પક્ષીઓમાં સ્પષ્ટપણે જોવા મળી રહી છે કેટલાક પક્ષીઓ અને પશુઓ લુપ્ત થઈ ડાયના સોર સ્વરૂપ બન્યા છે જેને ફક્ત ચિત્રોમાં કે વિડિયોમાં જોઈ શકાય છે આ ઝેરીલા બિયારણ ખાતરો રાસાયણિક દવાઓના કારણે માનવી પણ અનેક રોગોનો ભોગ બની રહ્યો છે આજે વીસમી માર્ચ-૨૦૨૫ને ગુરૂવારે વિશ્વ ચકલી દિન નિમિત્તે આપણે સંકલ્પ કરીએ કે જમીનમાં શક્ય હોય ત્યાં સુધી સેન્દ્રિય ખાતરો કુદરતી જીવજંતુ નાશક અને ભગાડે તેવા છંટકાવ કરીશું.ગીધ કાગડા જેવા પક્ષીઓ ઘેટા બકરા ગધેડા જેવા પશુઓ બિલકુલ લુપ્ત થવાના આરે પહોંચ્યા છે આંગણામાં સતત ચી ચી કરતી ચકલીઓ ક્યાં આજે વિશ્વ ચકલી દિન નિમિત્તે આપણે ચકલી પરિવાર વિશે કંઈક જોઈશું એ પહેલા કવિ રમેશ પારેખે લખેલી અત્યંત હૃદય સ્પર્શી રચના આજે વિશ્વ ચકલી દિને માણી આગળ ચકલીપરિવાર ને ઓળખવા પ્રયત્ન કરીએ.. તારો વૈભવ રંગમોલ સોનુંને ચાકર ઘાડું, મારે ફળીચે ચકલી બેસે તે મારું રજવાડું,તારે બોલે હાંફળ ફાંફળ ચાકર ઉઠે બેસે, મારાઘરમાં કીડી સુદ્ધા દમામ પૂર્વક બેસે.મારે ફળીયે ઝૂલે ઝાડની ઘટાદાર ખુશી યારી,ખોલું ત્યા આકાશ લાગલું દેતી ઘરની બારી,જેવો મારોઉંબર તેવું આડેઘડ પછવાડું, મારે ફળીયે ચકલી બેસે તે મારું રજવાડું. તારે ફળીયે તારો વૈભવ ખોખારાઓ ખાય,મારે પંખીના ટહૂકાથી અજવાળા ફેલાય, સાત રંગના ઓડકાર તું સાવ એકલો ખાતો, હું તો અકડેલ ટુ ડાયરા વચ્ચે મગન થાતો. આવા મારા સાવ ઠોઠ જીવતરને શું શીખવાડું, તારો વૈભવ રંગમોલ સોનુંને ચાકર ઘાડું, મારે ફળીયે ચકલી બેસે તે મારું રજવાડું,ઘર ચકલી (પાસર ડોમેસ્ટિકસ)એક પક્ષી છે,જે યુરોપ અને એશિયા ખંડમાં સામાન્ય રીતે દરેક જગ્યા પર જોવા મળે છે.આ ઉપરાંત જગત ભરમાં જયાં જયાં મનુષ્ય ગયો, આ પક્ષીએ એનું અનુકરણ કર્યુ અને અમેરિકાના મોટાભાગના સ્થાનો, આફ્રિકાના કેટલાંક સ્થાનો ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા તથા અન્ય નગરીય વસાહતોમાં પોતાના ઘર બનાવી રહેવાનું ચાલુ કર્યું. શહેરી વિસ્તારમાં ચકલીઓની છ પ્રકારની પ્રજાતિઓ જોવા મળી છે જે અંગ્રેજી ભાષામાં હાઉસ સ્પેરો,સ્પેનિશ સ્પૈરો,સિડ સ્પેરો રસેટ સ્પૈરો,ડેડ સી સ્પૈરો અને ટ્રી સ્પૈરો તરીકે વર્ગીકૃત કરવામાં આવેલી છે.આમાંથી હાઉસસ્પૈરો ને ગુજરાતમાં ચકલી અને હિંદી માં ગૌરૈયા ચીડિયા કહેવામાં આવે છે.આ પક્ષી શહેરીવિસ્તારોમાં વધારે પ્રમાણમાં જોવા મળે છે આજના સમયમાં ચકલી વિશ્વમાં સૌથી અધિક પ્રમાણમાં જોવા મળતા પક્ષીઓમાં એક પક્ષી છે. લોકો જ્યાં પણ ઘર બનાવે છે, મોડી કે વહેલી ઘરચકલીની જોડી ત્યાં રહેવા માટે પહોંચી જાય છે. નર ઘર ચકલી(પાસરડોમેસ્ટિકસ) એક પક્ષી છે જે યુરોપ અને એશિયા ખંડમાં સામાન્ય રીતે દરેક જગ્યા પર જોવા મળે છે. આ ઉપરાંત જગત ભરમાં જયાં જયાં મનુષ્ય ગયો, આ પક્ષીએ એનું અનુકરણ કર્યું અને અમેરિકા ના મોટાભાગના સ્થાનો, આફ્રિકા ના કેટલાંક સ્થાનો ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા તથા અન્ય નગરીય વસાહતોમાં પોતાના ઘર બનાવી રહેવાનું ચાલુ કર્યું.શહેરી વિસ્તારમાં ચકલીઓની છ પ્રકાર ની પ્રજાતિઓ જોવા મળી છે,જે અંગ્રેજી ભાષામાં હાઉસ સ્પેરો, સ્પેનિશ સ્પેરો, સિડ સ્પેરો, રસેટ સ્પૈરો, ડેડ સી સ્પૈરો અને ટ્રી સ્પેરો તરીકે વર્ગીકૃત કરવામાં આવેલી છે.આમાંથી હાઉસ સ્પેરોને ગુજરાતમાં ચકલી અને હિંદીમાં ગોરૈયા ચિડિયા કહેવામાં આવે છે આ પક્ષી શહેરી વિસ્તારોમાં વધારે પ્રમાણમાં જોવા મળે છે. આજના સમયમાં ચકલી વિશ્વમાં સૌથી અધિક પ્રમાણમાં જોવા મળતા પક્ષીઓમાંથી એક પક્ષી છે. લોકો જયાં પણ ઘર બનાવે છે, મોડી કે વહેલી ઘર ચકલીની જોડી ત્યાં રહેવા માટે પહોંચી જાય છે.ઓછી થતી સંખ્યા પાછલા કેટલાક વર્ષોમાં શહેરોમાં ચકલીઓની ઓછી થતી સંખ્યા પર ચિંતા પ્રગટ કરવાના પ્રયત્નો થઇ રહ્યા છે. આધુનિક સ્થાપત્ય ની બહુમજલી ઈમારતોમાં ચકલી ઓને રહેવા માટે પુરાણી ઢબના ધરોની જેમ જગ્યા નથી મળી શકતી. સુપરમાર્કેટ સંસ્કૃતિના કારણે પુરાણી પસારીની દુકાનો ઘટી રહી છે.આ કારણે ચકલીઓને દાણા નથી મળતા. આ ઉપરાંત મોબાઈલ ટાવરોમાંથી નિકળતા તરંગો પણ ચકલીઓના સામાન્ય જીવન માટે હાનિકારક માનવામાં આવેછે.આ તરંગો ચકલીની દિશા શોધવાની પ્રણાલીને પ્રભાવિતકરી રહી છે અને એના પ્રજનન પર પણ વિપરીત અસર પડી રહી છે, જેના પરિણામ સ્વરૂપ ચકલી ઓ ઝડપથી વિલુપ્ત થઈ રહી છે ચકલીને ખોરાક તરીકે ઘાસના બીજ ખુબ જ પસંદ પડે છે,જે શહેરની અપેક્ષામાં ગ્રામીણ ક્ષેત્રો માં આસાનીથી મળી જાય છે. વધારે તાપમાન પણ ચકલી સહન નથી કરી શકતી.પ્રદૂષણ અને વિકિરણ ના કારણે શહેરોનું તાપમાન વધી રહ્યુંછે.કબૂતરને ધાર્મિક કારણોથી વધારે મહત્વ આપવામાં આવે છે.ચણ નાખવા ની જગ્યા પર પણ કબૂતર વધારે હોય છે.પણ ચકલી ઓ માટે આ પ્રકારની કોઈ વ્યવસ્થા નથી હોતી ખોરાક અને માળાની તલાશમાં ચકલીઓ શહેરથી દૂરના વિસ્તારોમાં જતી રહે છે અને પોતાના નવા આશરાનું સ્થાન શોધી લે છે.છેલ્લે એ જ તારો વૈભવ રંગમોલ સોનુંને ચાકર ઘાડું, મારે ફળીયે ચકલી બેસે તે મારું રજવાડું,નાનકડી ચકલી પરિવાર ને ઘરમાં સદા માનપાન આપજો હો કે.. છેલ્લે આજે નાનકડી ચકલીની એક શિખમણરૂપ વાત આપણે પોતાના પર વિશ્વાસ રાખવો જોઈએ કે આપણે કોઈ પણ પરિસ્થિતિમાં જીતી શકીએ છીએ એક દિવસ, એક ચકલી આકાશમાં ઉડી રહીહતી.રસ્તામાં તે ગરુડને મળે છે. ગરુડ તે ચકલી ને ખાવા દોડે છે. ચકલી તેને પોતાના જીવન માટે ભીખ માંગે છે.પણ ગરુડ તેના પર દયા કરવા તૈયાર નથી.પછી ચકલી તેને કહે છે કે મારે નાના બાળકો છે અને તેમને ઉછેરવા માટે મારા માટે જીવંત રહેવું મહત્વપૂર્ણ છે. પછી ગરુડ ચકલી સમક્ષ એક શરત મૂકે છે કે મારી સાથે દોડે અને જો તું મને હરાવીશ તો હું તારો જીવ બચાવીશ અને તને અહીંથી જવા દઈશ. ગરુડ જાણતો હતો કે ચકલી માટે દોડમાં તેને હરાવવું અશક્ય છે. એટલા માટે તે પોતાની સામેઆવી મુશ્કેલ શરત મૂકે છે.ચકલી પાસે આ રેસ માટે હા કહેવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. પણ ચકલી જાણતી હતી કે દોડમાં ગરુડને હરાવવું અશક્ય છે, છતાં તેણે દોડ માટે હા પાડી. પણ તે ગરુડને કહે છે કે જ્યાં સુધી રેસ પૂરી ન થાય ત્યાં સુધી તે તેને મારી નાખશે નહીં. ગરુડ આ સાથે સંમત થાય છે.દોડ શરૂ થાય છે, ચકલી ઝડપથી જઈને ગરુડના માથા પર બેસે છે,અને ગરુડ દોડ ના છેલ્લા સ્થાને પહોંચે છેકે તરત જ ચકલી ઝડપથી રેખા પાર કરીને જીતી જાય છે. ગરુડ તેની હોશિયારીથી ખુશ થાય છે અને તેને જીવતી છોડી દે છે. ચકલી તરત જ ત્યાંથી ઉડી જાય છે અને પોતાના રસ્તે આગળ વધે છે.વાચક ચાહક મિત્રો, સૌને જય માતાજી સુપ્રભાત ચકલી જ નહીં સમગ્ર જીવ સૃષ્ટિ માટે જીઓ અને જીવવા દો ની ભાવના રાખીએ સુનિતા વિલિયમ્સ અને સાથી આઠ દિવસને બદલે નવ મહિના તેર દિવસ પછી ધરતી પર સહીસલામત પરત આવતાં ગુજરાત સહિત દેશભરમાં આનંદોત્સવ છે સૌનુ કલ્યાણ થાય તેવી આશા સહ અસ્તુ.



### તાપસી પન્નુ 'ગાંધારી'માં ઘણી બધી એક્શન કરતી જોવા મળશે

# તાપસીની નવી ફિલ્મ ગાંધારીનું શૂટિંગ પૂર્ણ

શાહરૂખ ખાનની આ નાયિકા મહાભારતના ગાંધારીના પાત્રને પડદા પર લાવશે. શાહરૂખ ખાનના આ કોસ્ટારે પોતે તસવીરો શેર કરી છે અને ફિલ્મનું શૂટિંગ પૂર્ણ થયાની માહિતી આપી છે.તાપસીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને ચાહકોને આ અપડેટ આપ્યું. અભિનેત્રીએ કહ્યું કે આ ફિલ્મ ખૂબ જ ખાસ છે અને તે ટૂંક સમયમાં દર્શકો સમક્ષ એક ખાસ અને તદ્દન અલગ શૈલીમાં દેખાવા માટે તૈયાર છે. તાપસીએ તેની આગામી ફિલ્મ 'ગાંધારી'ના સેટ પરથી ચાર તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે. પહેલી તસવીરમાં તે આંખો પર પટ્ટી બાંધીને બાળકો સાથે રમતી જોવા મળી હતી. બીજા ફોટામાં, તે સહ-કલાકાર ઈશ્વક સિંહ, લેખિકા કનિકા ઢિલ્લોન અને દિગ્દર્શક દેવાશીષ માખીજા સાથે પોઝ આપતી જોવા મળી હતી.તસવીરો શેર કરતી વખતે, તાપસીએ કેપ્શનમાં 'ગાંધારી'ના શૂટિંગ દરમિયાનના પોતાના અનુભવ વિશે વાત કરી. તેને ધીરજ, નિશ્ચય અને સકારાત્મકતાથી ભરેલી યાત્રા તરીકે વર્ણવ્યું.




અભિનેત્રીએ પડકારો વિશે પણ વાત કરી અને લખ્યું કે સંતોષ ફક્ત સંઘર્ષથી જ મળે છે. તેણીએ લખ્યું, "જ્યારે પણ હું કંઈક અલગ અને પડકારજનક કરવાનું વિચારું છું, ત્યારે હું ભૂલી જાઉં છું કે તેની કિંમત ચૂકવવી પડે છે. જેમ કે બર્નઆઉટ. પરંતુ કેટલીક ઈજાઓ તમને શાંતિનો અનુભવ કરાવે છે. આખી ટીમે ફિલ્મ માટે ખૂબ જ સારું કામ કર્યું છે અને પોતાનું સર્વસ્વ આપ્યું છે. ટૂંક સમયમાં તમારી સમક્ષ 'ગાંધારી' લાવી રહી છું.તાપસી પન્નુ 'ગાંધારી'માં ઘણી બધી એક્શન કરતી જોવા મળશે. ફિલ્મ નિર્માતા-લેખિકા કનિકા ઢિલ્લોને તાજેતરમાં જણાવ્યું હતું કે તાપસીમાં એક અલગ પ્રકારની ચપળતા છે. તે એક્શન ફિલ્મ માટે યોગ્ય છે. કનિકાએ એક્શન દ્રશ્યો શાનદાર રીતે ભજવવા બદલ તાપસીના વખાણ કર્યા. 'ગાંધારી'માં, તાપસી પન્નુ એક હિંમતવાન માતાની ભૂમિકામાં જોવા મળશે જે એક મિશન પર છે. 'ગાંધારી' કથા પિક્ચર્સના બેનર હેઠળ બનાવવામાં આવી છે. આ ફિલ્મ દેવાશીષ માખીજા દ્વારા દિગ્દર્શિત છે.

### લગ્નના ચાર જ મહિનામાં છૂટાછેડા

# પતિએ ભરણ-પોષણ ભથ્થું માંગ્યું, બદનામ કરવાની ધમકી આપી: અદિતિ

**અંડરવર્લ્ડના નામે ધમકી આપે છે, મારી પાસે તમામ બાબતના પુરાવા છે જે હું કોર્ટમાં રજૂ કરીશ**



ટીવી એક્ટ્રેસ અદિતિ શર્મા પોતાના લગ્ન જીવનને લઈને હાલમાં ચર્ચામાં છે. પતિ અભિનીત કૌશિક સાથેના તેના લગ્ન માત્ર ૪ જ મહિનામાં તૂટી ગયા. બંનેએ મીડિયા સાથે વાત કરતા બંનેએ એકબીજા પર ગંભીર આરોપો લગાવ્યા છે. જ્યાં અભિનીતે અદિતિ પર છેતરપિંડીનો આરોપ લગાવ્યો છે, તો બીજી તરફ અદિતિએ પતિના આરોપોને ખોટા ગણાવ્યા છે. અભિનીતે દાવો કર્યો હતો કે, એક્ટ્રેસે મારી પાસેથી ૨૫ લાખ રૂપિયા ભરણપોષણ ભથ્થું માંગ્યું છે. હવે આ અંગે અદિતિએ મૌન તોડ્યું છે.પતિએ ભરણપોષણ ભથ્થું માંગ્યુંએક ટીવી ચેનલ સાથે વાત કરતા અદિતિએ કહ્યું કે, મેં અભિનીત પાસેથી કંઈ નથી માંગ્યું. અમારા લગ્નને હજુ હમણાં જ ૪ મહિના થયા છે. મેં ૨ મહિના પહેલા છૂટાછેડા માંગ્યા હતા. અમારી વચ્ચે ભરણપોષણ ભથ્થાની કોઈ વાત નહોતી થઈ. હકીકતમાં રણપોષણ ભથ્થાની વાત તેમના તરફથી થઈ છે. મારી પાસે પુરાવો છે. જે હું કોર્ટમાં બતાવીશ. મેં એ પૈસા માંગ્યા હતા જે મારા હતા. જે મારા એકાઉન્ટમાં હતા. મેં અભિનીત માટે ખૂબ મોટું રોકાણ કર્યુ હતું. મારા વકીલે તેના માટે પૈસા ચૂકવવા કહ્યું છે. તેણે મારા ઘરેણાં લઈ લીધા છે. અમે તેની ચુકવણી માંગી છે.

### કોમેડી ફિલ્મ કરવાની ઈચ્છા દર્શાવી

# ગરમ મસાલાનો બીજો ભાગ બનવાનો હોવાનો જોનનો સંકેત




મુંબઈ : જોન અબ્રાહમને હવે પોતાની આગામી ફિલ્મ એકશન નહીં પરંતુ કોમેડી હોય તેવી ઈચ્છા છે. તે અક્ષય કુમાર સાથે એક કોમેડી ફિલ્મ ફરી કરવા માંગે છે. તેમની આગામી ફિલ્મ 'ગરમ મસાલા ટૂ હોય તેવી શક્યતા છે. જોને એક સંવાદમાં આ ફિલ્મનો બીજો ભાગ આવી રહ્યો હોવાનો સંકેત આપતાં કહ્યું હતું કે ' ગરમ મસાલા' જેવી કોમેડી ફિલ્મ બહુ ઓછી બનતી હોવાથી હું આવી જ ફિલ્મની શોધમાં છું જેથી દર્શકોને ફરી પેટ પકડીને ખડખડાટ હસાવી શકું. અભિનેતાએ વધુમાં કહ્યુ ંહતુ ંકે, હું અને અક્ષય વારંવાર કોઈને કોઈ પ્રોજેકટ પર ચર્ચા કરતા હોઈએ છીએ. અમે બન્ને ફરી સાથે કામ કરવા માંગીએ છીએ. અમારા બન્નેની એનર્જી કમાલની છે અને અમે સાથે કોઈ ફિલ્મ કરીએ તો અમારા પ્રશંસકોને એક સુખદ સરપ્રાઈઝ મળશે. અભિનેતાએ વધુમાં કહ્યુ ંહતુ ંકે, હું અને અક્ષય વારંવાર કોઈને કોઈ પ્રોજેકટ પર ચર્ચા કરતા હોઈએ છીએ 'ગરમ મસાલા'ફિલ્મ ૨૦૦૫માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં અક્ષય કુમાર, જોન અબ્રાહમ, પરેશ રાવલ અને રાજપાલ યાદવ સહિતના કલાકારોએ ભૂમિકા ભજવી હતી.

# અભિનેતા વિજય દેવરકોંડાની ૧૨મી ફિલ્મ 'કિંગડમે'નું ટીઝર રિલીઝ કરાયું


**અનિરુદ્ધે ફિલ્મમાં સંગીત આપ્યું છે, જે ખૂબ જ અદ્ભૂત છે તેમાં બતાવેલ યુદ્ધના દ્રશ્યો પણ ખૂબ જ આકર્ષક**

રશ્મિકા મંદાન્નાની ફિલ્મી કારકિર્દી ખૂબ સારી ચાલી રહી છે. પહેલા તે 'એનિમલ' અને 'પુષ્પા ૨' જેવી બ્લોકબસ્ટર ફિલ્મોમાં જોવા મળી હતી અને હવે તે સલમાનની આગામી ફિલ્મ સિકંદરમાં જોવા મળવાની છે. બીજી બાજુ, તેનો રૂમર્ડ બોયળેન્ડ વિજય દેવેરાકોંડા એક એવી ફિલ્મ લઈને આવી રહ્યો છે જે ભારે કમાણી કરવાની અપેક્ષા ધરાવે છે.વિજય દેવેરાકોંડાની ફિલ્મનું નામ 'કિંગડમ' છે, જે તેલુગુ સિનેમાના દિગ્દર્શક ગૌતમ તિન્નાનુરી બનાવી રહ્યા છે. આ ફિલ્મનો ટીઝર વીડિયો રિલીઝ થઈ ગયો છે, જે વિજયે પોતે સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. આ એક મ્યુઝિકલ ટીઝર છે, જેમાં ફક્ત મ્યુઝિક વાગી રહ્યું છે અને યુદ્ધ સાથે સંબંધિત કેટલાક દ્રશ્યો બતાવવામાં આવી રહ્યા છે. અનિરુદ્ધે તેમાં સંગીત આપ્યું છે, જે ખૂબ જ અદ્ભુત છે. તેમાં બતાવેલ યુદ્ધના દ્રશ્યો પણ ખૂબ જ આકર્ષક છે. આ ટીઝર જોયા પછી, ચાહકો આ ફિલ્મ માટે ખૂબ જ ઉત્સાહિત થઈ ગયા છે. એક યુઝરે ટિપ્પણી કરી કે શાનદાર વીડી. આ કમબેક છે.




આ ટીઝર પર બીજા એક યુઝરે લખ્યું કે બ્લોકબસ્ટર લોડ થઈ રહ્યું છે. બીજા એક યુઝરે સરખું જ લખ્યું કે ૨૦૦૦ કરોડનું બ્લોકબસ્ટર ફિલ્મ લોડ થઈ રહ્યું છે. આ વીડિયો પર આવી ઘણી બધી કોમેન્ટ્સ જોવા મળી રહી છે. વિજય આ ફિલ્મને લઈને ઘણા સમયથી સમાચારમાં છે. પહેલા આ ફિલ્મનું નામ VD12 હતું. એટલે કે, વિજય દેવરકોંડાની ૧૨મી ફિલ્મ. જોકે, પાછળથી તેનું ટાઈટલ 'કિંગડમ' નક્કી કરવામાં આવ્યું. અત્યાર સુધી આ ફિલ્મની રિલીઝ તારીખ અંગે કોઈ માહિતી સામે આવી નથી. વિજય પોતાની પ્રોફેશનલ લાઈફને કારણે ચર્ચામાં રહે છે પરંતુ આ ઉપરાંત તે પોતાના અંગત જીવનને કારણે પણ ચર્ચામાં રહે છે. ઘણા સમયથી એવી ચર્ચાઓ ચાલી રહી છે કે તે અને રશ્મિકા મંદાના એકબીજાને ડેટ કરી રહ્યા છે. ઘણી વખત, બંનેના અલગ અલગ ફોટા બહાર આવ્યા, જે એક જ સ્થાનના હતા, જેના કારણે તેમના વિશે વધુ ચર્ચાઓ થઈ રહી છે.

# ડિજિટલ ડીલમાં રજનીકાંતની 'કૂલી' થલાઈવા સાબિત થઈ




તમિલ સુપર સ્ટાર રજનીકાંત હાલ સૌથી લોકપ્રિય ડિરેક્ટર લોકેશ કનગરાજ સાથે 'કૂલી' માટે કામ કરી રહ્યા છે. આ ફિલ્મનું કામ હાલ અંતિમ તબક્કામાં છે અને આ વર્ષના અંત પહેલાં જ રિલીઝ થવાની શક્યતા છે. ગોલ્ડ સ્મગલિંગ માફિયાની વાત કરતી આ ફિલ્મ પાછળ મેકર્સે ઘણું મોટું રોકાણ કર્યુ છે. ત્યારે હવે પ્રોડ્યુસર્સ ફિલ્મની નોન-થિએટ્રીકલ ડીલ માટે પણ મહેનત કરી રહ્યા છે. ઈન્ડસ્ટ્રીના સૂત્રોમાં ચાલી રહેલી ચર્ચા અને અહેવાલો મુજબ આ ફિલ્મે રિલીઝ પહેલાં જ રજનીકાંતની ફિલ્મ્સમાં અત્યાર સુધીની સૌથી મોટી ડીલ કરી છે, આ ફિલ્મના ડિજીટલ અધિકારો ઐતિહાસિક ૧૨૦ કરોડની ડીલમાં વેચાયા છે. આ સિવાયની ટીવી પ્રીમિયરની ડીલ પર હાલ કામ ચાલુ છે.આ ફિલ્મમાં રજનીકાંત ઉપરાંત નાગાર્જુન, ઉપેન્દ્ર, સૂબિન શાહીર, સથ્યરાજ, શ્રૃતિ હસન, રેબા મોનિકા જોન સાથે આમિર ખાનનો એક કેમિયો પણ છે. આમિરે તાજેતરમાં જ પોતાના ભાગનું શૂટિંગ પૂરું કરી લીધું છે. આ ફિલ્મ ઓગસ્ટમાં રિલીઝ કરવા માટે મેકર્સ વિચારી રહ્યા છે. પરંતુ 'વૉર ૨' સાથે ટક્કર ટાળવા ઓગસ્ટના અંતમાં અથવા ૧૫ ઓગસ્ટ સિવાયના કોઈ વીકેન્ડમાં ફિલ્મ રિલીઝ કરવામાં આવે તેવી શક્યતા વધુ છે, બંને ફિલ્મના મેકર્સ વચ્ચે આ ટક્કર ટાળવા ખાસ બેઠક યોજાઈ હોવાના પણ અહેવાલો હતા. ટૂંક સમયમાં જ રિલીઝ ડેટ નક્કી કરીને જાહેર કરવામાં આવશે.

# પાકિસ્તાની ટીકાકારે નાદાનિયનની ટીકા પર ઓનલાઈન ઉત્પીડનનો આરોપ લગાવ્યો

નાદાનિયાનની ટીકા કરવા બદલ ઈબ્રાહિમ અલી ખાન દ્વારા કથિત ધમકીભર્યા સંદેશ પછી, પાકિસ્તાની ટીકાકાર તમુરે હવે દાવો કર્યો છે કે તેમને સોશિયલ મીડિયા વપરાશકર્તાઓ તરફથી અપમાનજનક સંદેશાઓના રૂપમાં ઓનલાઈન નફરત મળી રહી છે. તેમણે એક વિડિઓ શેર કર્યો છે જેમાં જણાવ્યું છે... ઈબ્રાહિમ અલી ખાન અને ખુશી કપૂર અભિનીત ફિલ્મ 'નાદાનિયાં'એ તેની સફળતા માટે નહીં પરંતુ ફિલ્મની આસપાસ વિવાદો માટે ઘણું ધ્યાન ખેંચ્યું છે. આ ફિલ્મ સૈફ અલી ખાન અને અમૃતા સિંહના પુત્ર ઈબ્રાહિમનું બોલિવૂડમાં ડેબ્યૂ છે. ફિલ્મ રસિકોને આ ફિલ્મ મનોરંજક હોવાની અપેક્ષા હતી, પરંતુ રિલીઝ પછી નાદાનિયાંની આકરી ટીકા થઈ હતી. વિવેચકો અને દર્શકો બંને દ્વારા આ ફિલ્મને મોટી નિરાશા તરીકે ઓળખવામાં આવી હતી. સૌથી વધુ ધ્યાન ઈબ્રાહિમ અલી ખાન દ્વારા પાકિસ્તાની વિવેચકને આપેલા તાજેતરના જવાબ પર ખેંચાયું હતું. ઈબ્રાહિમ અને વિવેચક વચ્ચે થયેલી કથિત ચેટનો સ્ક્રીનશોટ સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો જેના કારણે મોટો વિવાદ થયો હતો કારણ કે તેમાં સ્ટાર કિડે વિવેચકને ધમકી આપી હતી. હવે, પાકિસ્તાની વિવેચકે સોશિયલ મીડિયા પર બીજો એક વીડિયો શેર કર્યો છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે નાદાનિયાંની સમીક્ષા પછી તે ઓનલાઈન ઉત્પીડનનો સામનો કરી રહ્યો છે. પાકિસ્તાની ટીકાકાર તમુર ઈકબાલે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક વિડીયો શેર કર્યો છે જેમાં તેમણે જણાવ્યું છે કે નાદાનિયાં ફિલ્મના રિવ્યૂ માટે ખાસ કરીને ભારતીય સોશિયલ મીડિયા યુઝર્સ તરફથી તેમને ઓનલાઈન હેરાન કરવામાં આવી રહ્યા છે.




# અમેરિકા એના 'મૂર્ખ' ઓસ્કાર પોતાની પાસે રાખે: કંગના રણૌત

**એક વ્યક્તિએ એક્સ પર લખ્યું** | **નેટફ્લિક્સ પર રહેલી ઇમરજન્સી ભારત તરફથી ઓસ્કારમાં જવી જોઈએ**

કંગના રણૌતની ફિલ્મ 'ઈમરજન્સી' બોક્સ ઓફિસ પર ખાસ કમાલ કરી શકી નહીં, પછી તે ગયા અઠવાડિયે નેટફિલક્સ પર સ્ટ્રીમ થવાની શરૂ થઈ અને પહેલા નંબરે ટ્રેન્ડ થઈ રહી છે. એક દર્શકે ફિલ્મના વખાણ કરીને તેને ઓસ્કાર મળવો જોઈએ એવી વાત કરી, તો કંગનાએ તેને મજાકમાં ફગાવી દીધી છે.એક વ્યક્તિએ એક્સ પર લખ્યું,"નેટફિલક્સ પર રહેલી ઈમરજન્સી ભારત તરફથી ઓસ્કારમાં જવી જોઈએ. કંગના શું ફિલ્મ બનાવી છે!" ત્યારે કંગનાએ આ ટ્વીટ રીપોસ્ટ કરીને લખ્યું,"પરંતુ અમેરિકાને પોતાનો વાસ્તવિક ચહેરો સ્વીકારવો ગમશે નહીં, કઈ રીતે તેઓ અન્યોને મજાક ઉડાડીને તેમને પરેશાન કરે છે અને વિકાસશીલ દેશોના હાથ આમળતાં રહે છે. ઈમરજન્સીમાં એ ખુલ્લું પડી ગયું છે. તે લોકો પોતાના મૂર્ખ ઓસ્કાર પોતાની પાસે રાખે, આપણી પાસે આપણા નેશનલ એવોર્ડ્ઝ છે."ફિલ્મ મેકર સંજય ગુપ્તાએ પણ આ ફિલ્મના વખાણ કર્યા હતા. તેમણે લખેલું,"મેં આજે ઈમરજન્સી જોઈ. ખરેખર તો મેં આ ફિલ્મ વિશે પૂર્વધારણા બાંધી લીધી હતી, તેથી હું જોવાનો નહોતો. હું બહુ ખુશ છું કે મેં ફિલ્મ જોઈ. કંગનાએ ફિલ્મમાં અભિનય અને ડિરેક્શન બંને જોરદાર કર્યા છે. ટોચમાં આવે એવી વિશ્વકક્ષાની ફિલ્મ છે."તેના જવાબમાં કંગનાએ કહ્યું,"ફિલ્મ ઈન્ડસ્ટ્રીએ ખરેખર પોતાની નફરત અને પૂર્વધારણાઓમાંથી બહાર આવીને સારા કામને બિરદાવવાની જરૂર છે. આ સીમાડા તોડવા માટે તમારો આભાર સંજયજી. દરેક ફિલ્મી વિચારવિદ્દને મારો એક જ સંદેશ છે, મારા વિશે કોઈ પૂર્વધારણાઓ ન રાખશો, મને સમજવાની કોશિશ પણ ન કરશો, હું તમારી પહોંચની બહાર છું."આ સિવાય પણ ઘણા લોકોએ કંગનાની ફિલ્મના વખાણ કર્યા હતા અને તો કંગનાએ કહ્યું હતું કે તમારે મારો અભિનય કેવો છે એ જાણવા માટે થલાઈવી, ક્વીન, તન્નુ વેડ્ઝ મન્નુ ૨, ફેશન જેવી ફિલ્મ જોવી જોઈએ.






# હેમાની જગન્નાથ મંદિર મુલાકાત સામે વિવાદ

**પીઢ અભિનેત્રી હેમા માલિની ફરી એકવાર વિવાદરૂપે સમાચારમાં છે**

પીઢ અભિનેત્રી હેમા માલિની ફરી એકવાર સમાચારમાં છે. પુરીના જગન્નાથ મંદિરમાં તેમની મુલાકાતને લઈને વિવાદ શરૂ થયો છે. ફરિયાદ પણ નોંધાવવામાં આવી છે. તેમના પ્રવેશને ગેરકાયદેસર ગણાવવામાં આવી રહ્યો છે અને એવું કહેવામાં આવી રહ્યું છે કે હિન્દુઓની ભાવનાઓને ઠેસ પહોંચી છે.પુરીના જગન્નાથ મંદિરમાં પ્રવેશ સામે ફરિયાદ નોંધાયા બાદ બોલિવૂડની 'ડ્રીમ ગર્લ' અને ભાજપ સાંસદ હેમા માલિની વિવાદમાં ફસાઈ ગઈ છે. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે મંદિરમાં તેમનો પ્રવેશ 'ગેરકાયદેસર' હતો. સંગઠને દાવો કર્યો હતો કે અભિનેતા ધર્મેન્દ્ર સાથે મુસ્લિમ વિધિથી લગ્ન કર્યા પછી મંદિરમાં તેણીની હાજરીથી હિન્દુ લાગણીઓને ઠેસ પહોંચી છેપુરીના સ્થાનિક સંગઠન શ્રી જગન્નાથ સેનાએ સિંહદ્વાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે, જેમાં હેમા માલિની પર ધાર્મિક નિયમોનું ઉલ્લંઘન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. સંગઠને દાવો કર્યો હતો કે અભિનેતા ધર્મેન્દ્ર સાથે મુસ્લિમ વિધિથી લગ્ન કર્યા પછી મંદિરમાં તેણીની હાજરીથી હિન્દુ લાગણીઓને ઠેસ પહોંચી છે. ફરિયાદ મુજબ, હેમા માલિની અને ધર્મેન્દ્રનો નિકાહ સમારોહ ૨૧ ઓગસ્ટ, ૧૯૭૯ ના રોજ મુંબઈમાં મૌલાના કાઝી અબ્દુલ્લા ફૈઝાબાદી દ્વારા યોજાયો હતો. તેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે ધર્મેન્દ્ર, જે પહેલાથી જ પ્રકાશ કૌર સાથે પરિણીત હતા અને ચાર બાળકોના પિતા હતા, તેમણે હિન્દુ લગ્ન અધિનિયમ, ૧૯૫૫ ને અવગણવા માટે ઈસ્લામ ધર્મ અપનાવ્યો હતો.





**સંગઠને દાવો કર્યો હતો કે અભિનેતા ધર્મેન્દ્ર સાથે મુસ્લિમ વિધિથી લગ્ન કર્યા પછી મંદિરમાં તેણીની હાજરીથી હિન્દુ લાગણીઓને ઠેસ પહોંચી છે**

# સાબરમતી-દૌલતપુર ચૌક અને ગાંધીનગર કેપિટલ-જમ્મુતવી એક્સપ્રેસના ટર્મિનલ સ્ટેશનમાં ફેરફાર

## કેટલીક ટ્રેનોના આગમન-પ્રસ્થાનના સમયમાં અને કોચ સંરચનામાં પરિવર્તન

। અમદાવાદ, તા.૧૯ ।

પશ્ચિમ રેલ્વે દ્વારા મુસાફરોની સુવિધા અને ટ્રેનો ના સમયપાલન ને વધુ બહેતર બનાવવાના ઉદ્દેશય થી સાબરમતી-દૌલતપુર ચૌક એક્સપ્રેસ અને ગાંધીનગર કેપિટલ-જમ્મુ તવી એક્સપ્રેસ ટ્રેન ના ટર્મિનલ સ્ટેશન માં પરિવર્તન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તથા કેટલીક ટ્રેનોના સંચાલન સમય અને કોચ સંરચનામાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ-

**ટ્રેનોના ટર્મિનલ સ્ટેશનમાં પરિવર્તન**

૧. ટ્રેન નં. ૧૯૪૧૧ સાબરમતી-દૌલતપુર ચૌક એક્સપ્રેસ ૧૫ મે ૨૦૨૫ થી સાબરમતીના બદલે ગાંધીનગર કેપિટલ થી (૧૦.૦૫ કલાકે) ઉપડશે.

૨. ટ્રેન નં. ૧૯૪૧૨ દૌલતપુર ચૌક-સાબરમતી એક્સપ્રેસ ૧૪ મે ૨૦૨૫ થી સાબરમતી ને બદલે ગાંધીનગર કેપિટલ સ્ટેશન પર (૧૫.૦૫ કલાકે) ટર્મિનેટ (સમાપ્ત) થશે.

૩. ટ્રેન નં. ૧૯૨૨૩ ગાંધીનગર કેપિટલ-જમ્મુ તવી એક્સપ્રેસ ૧૫ મે ૨૦૨૫ થી ગાંધીનગર કેપિટલ ને બદલે સાબરમતી થી (૧૦:૨૫ કલાકે) ઉપડશે અને ગાંધીનગર કેપિટલ સ્ટેશન પર આગમન-પ્રસ્થાનનો સમય ૧૦.૫૩/૧૦.૫૮ કલાક નો રહેશે. આ ટ્રેનનો અન્ય સ્ટેશનો પર આગમન/પ્રસ્થાન સમય યથાવત રહેશે.

૪. ટ્રેન નં.૧૯૨૨૪ જમ્મુતવી-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ ૧૪ મે ૨૦૨૫ થી ગાંધીનગર કેપિટલને બદલે સાબરમતી સ્ટેશન પર (૧૪.૦૫ કલાકે) ટર્મિનેટ (સમાપ્ત) થશે. આ ટ્રેનનો ગાંધીનગર કેપિટલ સ્ટેશન પર આગમન-પ્રસ્થાનનો સમય ૧૩:૦૮/૧૩:૧૦ કલાકનો રહેશે. આ ટ્રેન ના અન્ય સ્ટેશનો પર આગમન/પ્રસ્થાન નો સમય યથાવત રહેશે.

**ટ્રેનો ના સમયમાં આંશિક પરિવર્તન**

૧. ટ્રેન નંબર ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ ૧૫ મે ૨૦૨૫ થી ગાંધીનગર કેપિટલ થી ૧૦.૩૦ કલાકને બદલે ૧૦.૨૫ કલાકે ઉપડશે અને ચાંદલોડિયા બી સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય ૧૦.૫૦/૧૦.૫૨ કલાક નો રહેશે. આ ટ્રેન ના અન્ય સ્ટેશનો પર આગમન/પ્રસ્થાન નો સમય યથાવત રહેશે.

૨. ટ્રેન નંબર ૧૯૧૦૭ ભાવનગર-MCTM ઉધમપુર એક્સપ્રેસ નો ૧૫ મે ૨૦૨૫ થી ગાંધીનગર કેપિટલ સ્ટેશન પર આગમન/પ્રસ્થાન નો સમય ૧૦.૦૫/૧૦.૧૦ કલાક નો રહેશે. આ ટ્રેનનો અન્ય સ્ટેશનો પર આગમન- પ્રસ્થાન નો સમય યથાવત રહેશે.

**કોચ સંરચનામાં પરિવર્તન**

★ ટ્રેન નં. ૨૨૯૫૭/૨૨૯૫૮ ગાંધીનગર કેપિટલ-વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ ૧૫ મે ૨૦૨૫ થી ગાંધીનગર કેપિટલ થી અને ૧૪ મે ૨૦૨૫ થી વેરાવળથી એસી ૨-ટાયર ના ૨ કોચ, એસી ૩-ટાયરના ૫ કોચ, સ્લીપર ક્લાસના ૮ કોચ, જનરલ ક્લાસના ૪ કોચ અને ૨ કોચ એસએલઆરડી ની સાથે સંચાલિત થશે.

ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

### ૩૫ થી ૪૦ ઉપરાંત ગુનેગારોનુ લિસ્ટ તૈયાર કરાયું

# ઝાલોદ પોલીસ સ્ટેશનમા ઓપરેશન ૧૦૦ કલાક અંતર્ગત ગુનેગારોનું લિસ્ટ તૈયાર કરાયું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૯ ।

ગુજરાતના ગૃહ પ્રધાન હર્ષ સંઘવી દ્વારા ગુજરાતના દરેક પોલિસ સ્ટેશનોમા મોટા ગુનાઓમાં સંડોવાયેલ ગુનેગારોનું લિસ્ટ તૈયાર કરવા સૂચના આપી હતી તે અંતર્ગત દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ રાજદિપ સિંહ દ્વારા દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ તમામ પોલિસ સ્ટેશનોમામોટાગુનેગારોનીઅટકાયતકરવાસૂચના આપી હતી.

દાહોદ જિલ્લા પોલિસ અધિક્ષકના સૂચન મુજબ ઝાલોદ ડી.વાય.એસ.પી પટેલ દ્વારા ઓપરેશન ૧૦૦ કલાક અંતર્ગત પાંત્રીસ થી ચાલીસા ઉપરાંત ગુનેગારોનું લિસ્ટ તૈયાર કરવામાં આવેલ છે તે અંતર્ગત આજરોજ ૧૯-૦૩-૨૦૨૫ ના રોજ સાત જેટલા ગુનેગારોની અટકાયત કરવામાં આવી હતી આ ગુનેગારો મારામારી તેમજ હત્યાર રાખવાના ગુનાઓમાં સંડોવાયેલ છે. ઝાલોદ પોલિસ સ્ટેશના, પી.આઈ રાઠવા દ્વારા છ પુરુષ ગુનેગાર અને એક મહિલા ગુનેગારને ઝાલોદ પ્રાંત અધિકારી ખાતે લઈ જવામાં આવેલ હતા તેમજ ત્યાં પ્રાંત અધિકારી અજય ભાટીયા દ્વારા આ તમામ ગુનેગારોની ખરાઈ તેમજ ઓળખ કરી હતી અને ત્યાં તમામ ગુનેગારોના જામીન મંજૂર કર્યા હતા.

# કાળીમહુડી ખાતે નવીન ભારત જ્ઞાન ખંડનુ શુભારંભ કરાયું, ધારાસભ્ય રહ્યા હાજર

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૯ ।



ઝાલોદ તાલુકાના કાળીમહુડી ગામમાં ભાવેશભાઈ નીનામાંના ઘરે ભારત જ્ઞાન ખંડનુ શુભારંભ કરાયું. જેમાં આદિવાસી સમાજના વિધાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારો તેમજ શાળા કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, માટે પુસ્તકો લાઈબ્રેરી માર્ગદર્શન લેક્ચરની નિશુલ્ક સુવિધા આપવામાં આવી. સમાજસેવાનું ભાવેશભાઈ નિનામાં ઉમદા કાર્ય કરી રહ્યા છે જે બદલ તેમને અનેક ગણા અભિનંદન પાઠવ્યામાં આવ્યા.સમાજના સશક્તિકરણ માટે તેમનું આ કાર્ય અને સમર્પિત ભાવના પ્રેરણા દાયી છે. આ પ્રસંગે દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી તેમજ પૂર્વ જિલ્લા પોલીસ પ્રમુખ સહિત આગેવાનો હાજર રહ્યા.

# સુથારવાસા ગામમાં અધિકારીઓ દ્વારા લીફ્ટ ઈરીગેશન યોજનાની વિઝીટ કરાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૯ ।

આજ રોજ લીફ્ટ ઈરીગેશન યોજનાની વિઝીટ સુથારવાસા ગામ ખાતે કરવામાં આવી. જેમા નાની સિંચાઈ પંચાયત વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતાં.તેમજ ગામના સરપંચ સહિત અન્ય લોકોને આ યોજના દ્વારા તેમના જીવન શું પરીવર્તન આવશે તેના વિશે માહીતી આપવામાં આવી.

# ઝાલોદ પોલીસ દ્વારા ૯૯૮૪૦ રૂપિયાના વિદેશી દારૂ સાથે એક વ્યક્તિની અટકાયત કરી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૯ ।



ઝાલોદ પોલિસ વહેલી સવારે નાઈટ પેટ્રોલીંગમા હતી તે દરમિયાન તેમણે બાતમી મળેલ હતી કે ડુંગરા તરફથી એક ઈસમ ગ્રે કલરની બોલેરો ગાડી **GJ9-BB-2824** મા ભારતીય બનાવટનો વિદેશી દારૂ લાવી રહેલ છે પોલિસ દ્વારા બાતમીના આધારે હુંઠી કંકાસીયા ચેક પોસ્ટ પર વોચ કરી રહેલ હતા તે દરમિયાન બાતમી વાળી ગાડી આવતા તેને રોકવાનો પ્રયત્ન કરતા ગાડીનો ચાલક યૂ ટર્ન કરી ભાગવાનો પ્રયત્ન કરતા પોલિસ દ્વારા પીછો કરીને પકડી પાડેલ હતી.

પોલિસ દ્વારા ગાડીની તલાસી લેતા ગાડી માંથી ૩૨ પેટી ઈંગ્લિશ દારૂનો જથ્થો ઝડપી પાડયો જેમાં કુલ ૭૬૮ ટીન હતા જેની કિમત અંદાજીત ૯૯૮૪૦ તેમજ બોલેરો ગાડીની કીમત ૩૦૦૦૦૦ અને એક મોબાઈલ ૫૦૦૦ નો થઈ કુલ ૪,૦૪, ૮૪૦ ના મુદામાલ સાથે એક વ્યક્તિની અટકાયત કરી છે તેમજ દારૂ મંગાવનાર વ્યક્તિ અને દારૂ વેચનાર વ્યક્તિ એમ કુલ ત્રણ વ્યક્તિઓ વિરુદ્ધ ગુનો નોંધી ઝાલોદ પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

### ઝાલોદ નગરમાં રખડતા ઢોરનો ત્રાસ યથાવત

# રખડતા ઢોરને લઈ નગરના રસ્તાઓ પર ટ્રાફિક જામ સર્જાય છે



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૯ ।

ઝાલોદ નગરના મુખ્ય રસ્તાઓ પર રખડતા ઢોરોનો ત્રાસ સતત વધી રહેલ છે. દિવસે દિવસે રખડતા ઢોરોને લઈને નગરના મુખ્ય માર્ગો પર ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાતા જોવા મળે છે. રખડતા ઢોરો નગરના મુખ્ય માર્ગો પર બેસી જાય અથવા ઉભા રહી જતા હોવાથી વાહન ચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહેલ છે.અમુક સમયે તો બે ઢોર લડાતા હોય ત્યારે માર્ગો પર અફરાતફરી મચી જતી હોય છે તેમજ કોઈ વખત રસ્તે જતા રાહગીર કે વાહનો પણ આનો શિકાર બની જતા હોય છે. દિવસે દિવસે રખડતા ઢોરોનો ત્રાસ વધી રહેલ છે આ માટે પાલિકા યોગ્ય પગલાં લે તે જરૂરી છે.

ઝાલોદ નગરમાં હાલ ચૂંટાઈ આવેલ નગરપાલિકાના સભ્યો પાસે આવા રખડતા ઢોરો વિશે યોગ્ય નીતી નિયમ બનાવી યોગ્ય કાર્યવાહી કરે તેવી અપેક્ષા નગરજનો રાખી રહેલ છે. તેમજ જાહેર રસ્તા પર ઢોરોને રખડતા મૂકી દેનાર પશુમાલિકો પર પણ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી પણ લોકમાંગ ઉઠવા પામી છે. હવે જોવાનું રહ્યું ઝાલોદ નગરપાલિકા આ રખડતા ઢોરોને ક્યારે ડબ્બે પૂર્વાનુ કેમ્પેન હાથ ધરશે.

# ૨૧ માર્ચથી પશ્ચિમ રેલ્વે દોડાવશે ભુજ અને રાજકોટ વચ્ચે સ્પેશલ ટ્રેન

। અમદાવાદ, તા.૧૯ ।

પશ્ચિમ રેલ્વે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને ભુજ અને રાજકોટ વચ્ચે સ્પેશલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છેઃ-

ટ્રેન નંબર ૦૯૪૪૬/૦૯૪૪૫ ભુજ-રાજકોટ-ભુજ દૈનિક સ્પેશલ

ટ્રેન નંબર ૦૯૪૪૬ ભુજ-રાજકોટ સ્પેશિયલ ૨૧ માર્ચ ૨૦૨૫ થી ૩૦ જૂન ૨૦૨૫ સુધી ભુજથી દરરોજ સવારે ૦૬.૫૦ કલાકે ઉપડશે અને બપોરે ૧૩.૩૫ કલાકે રાજકોટ પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૪૪૫ રાજકોટ-ભુજ સ્પેશિયલ ૨૧ માર્ચ ૨૦૨૫ થી ૩૦ જૂન ૨૦૨૫ સુધી રાજકોટથી દરરોજ બપોરે ૧૪.૩૦ કલાકે ઉપડશે અને ૨૧.૪૦ કલાકે ભુજ પહોંચશે.

માર્ગમાં આ ટ્રેન બંને દિશામાં ગાંધીધામ, ભચાઉ, સામાખ્યાલી, માળિયા-મિયાણા, દહિંસરા અને મોરબી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ચેરકાર, સેકન્ડ ક્લાસ સીટિંગ અને જનરલ ક્લાસ ના કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૪૪૬/૦૯૪૪૫ ની બુકિંગ ૨૦ માર્ચ ૨૦૨૫ થી બધાઁ ઈજી કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરોwww.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# ઝાલોદ એસ.ટી ડેપો માંથી દાહોદ રૂટ પર જવા માટે મુસાફરો ને પડતી હાલાકી : બસ સેવા વધારવા રજૂઆત કરાઈ

## સાંજના સમયે રૂટ મુજબની બસ સમય મુજબ ન આવતા મુસાફરો પ્રાઇવેટ વાહનોનો સહારો લે છે

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૯ ।



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

ઝાલોદ ડેપો માંથી સાંજના ૬ થી ૭ વાગ્યા દરમ્યાન દાહોદ રૂટની બસો ન મળતાં મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડે છે. સાંજના ૬ થી ૭ દરમિયાન દાહોદ રેલ્વે સ્ટેશન પર ટ્રેન પકડવા તેમજ દાહોદ મુકામે નાઈટ ડ્યૂટી કરતા મુસાફરોને બસ સમય મુજબ ન મળતાં ભારે હાલાકી ભોગવવી પડે છે.

ઝાલોદ નગરના સામાજિક કાર્યકર્તા અને અવારનવાર સાંજના સમય દરમ્યાન દાહોદ જતા વિજય પંડિતને પણ આ સમસ્યાનો ત્રણ થી ચાર વાર સામનો કરવો પડેલ હતો તેઓએ દાહોદ દરરોજ અપડાઉન કરવાં જતા મુસાફરોને પૂછ્યું કે બસ કાયમ લેઈટ આવે છે કે શું ત્યારે દાહોદ નોકરી કરવા જતા મુસાફરોનો એક જ મત હતો કે બસ સમય મુજબ આવતી જ નથી તેથી અમે નોકરી પર સમય થી નથી પહોંચતા તો ત્યાં સાંભળવું પડે છે. તેમજ ઘણી વાર તો પ્રાઈવેટ વાહન કરીને પણ નોકરીના સ્થળે પહોંચવું પડે છે. ઝાલોદ તેમજ લીમડીની આસપાસના ઘણા નવયુવાન અને યુવતીઓ દાહોદ ઝાયડસ હોસ્પિટલમાં નોકરી કરવા જાય છે.આ જોબમાં ત્રણ પાળી હોય છે જેમાં બપોરે બે વાગ્યા થી રાત્રિ ના આઠ કલાક વાળી પાળીમાં છૂટ્યા પછી દાહોદ થી ઝાલોદ પરત આવવા માટે રાત્રીના સાડા આંઠ કલાકે પણ બસ મળતી નથી તેવામાં મહિલા કર્મચારીઓને બહુ જ કઠિનાઈનો સામનો કરવો પડે છે અને ઘણી વાર પ્રાઈવેટ વ્હીકલ ભાડે કરવાની ફરજ પડે છે.

આ માટે ઝાલોદ ડેપો મેનેજર નિલેશ મુનિયાને લેખિતમાં રજૂઆત કરી ઝાલોદ થી દાહોદ રાત્રીના સાડા છ વાગે તથા દાહોદ થી ઝાલોદ આવવા માટે રાત્રીના સાડા આંઠ કલાકે રેગ્યુલર બસની વ્યવસ્થા કરી આપવા વિનંતી કરી હતી.

આ અંગે ડેપો મેનેજર નિલેશ મુનિયાને એક અરજી આપી હતી તેના જવાબમાં તેઓએ પણ તપાસ કરતા બસની અસુવીધા છે તે કબૂલ્યું હતું અને જણાવ્યું હતું કે બસ સમય મુજબ મળી રહે તે માટે તેઓ ચોક્કસ પ્રયાસ કરશે અને આગામી થોડા દિવસમાં આ સમસ્યાનો ઉકેલ આવી જશે. આમ ઝાલોદ ડેપો મેનેજરના સારા સહકારની આશા આગામી સમયમાં રહેશે તેવી આશા મુસાફરો રાખી રહેલ છે.

# ઝાલોદ DYSP અને પોલીસની ટીમ વાહન ચેકીંગ દરમિયાન ૬ જેટલા ઓવરલોડ રેતી ભરેલા ડમ્પર પકડયા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૯ ।

ઝાલોદ પોલીસ સ્ટાફ દ્વારા ૧૮/૦૩/૨૦૨૫ ના રોજ સાંજે હાઈવે પર વાહન ચેકિંગ દરમિયાન મોટી કાર્યવાહી કરી છે. જેમાં ઝાલોદ ડી.વાય. એસ.પી ડી.આર.પટેલ અને તેમની ટીમે લીમડી તરફથી આવી રહેલી ૬ જેટલા ડમ્પર ઓવરલોડિંગ રેતી ભરેલા ઝડપી પાડ્યા હતા.

ઝડપાયેલ ડમ્પરોની તપાસ દરમિયાન આ તમામ ડમ્પરોમાં જરૂરી દસ્તાવેજોનો અભાવ જોવા મળ્યો હતો. વધુમાં ટ્રકોમાં નિયત કરતાં વધુ રેતી ભરેલી હતી. પોલીસે તમામ ટ્રકોને ચાલક સાથે ઝાલોદ પોલીસ સ્ટેશન ખાતે લઈ જઈને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. આ કાર્યવાહીએ રેતી માફિયાઓમાં ફફડાટ ફેલાવ્યો છે. ઉલ્લેખનીય છે કે દેવગઢ બારીઆની પાનમ નદી અને છોટાઉદેપુરની ઓરસંગ નદી માંથી અવૈધ રેતી ખનન થઈ રહ્યું છે. રેતી માફિયાઓ રોયલ્ટીની ચોરી કરીને રાત્રિ દરમિયાન ઓવરલોડ રેતી વહન કરે છે. ઝડપાયેલી ટ્રકોના નંબર **GJ20X8911,GJ20X6251, GJ01DV0911, RJ03GB6633, RJ-03GA7669,** અને **RJ03GA7080** આ ટ્રકોમાંથી ત્રણ ગુજરાત અને ત્રણ રાજસ્થાન રજીસ્ટ્રેશન ધરાવે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારે તમારા સ્વાસ્થ્ય વિશે ચિંતા કરવાની જરૂર નથી. તમારી આસપાસના લોકો તમારું મનોબળ તથા જુસ્સો વધારશે. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. ઘરમાં કોઈક વિધી અથવા મંગળ સંસ્કાર થવા જોઈએ. તમારા જીવનસાથીના સંબંધીઓ તરફથી સર્જાતા અવરોધોને કારણે તમારો દિવસ થોડોક અડચણભર્યો રહેશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે તમે સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. તમે જો ઑફિસમાં વધારાનો સમય વિતાવશો તો તેની અસર તમારા ગૃહજીવન પર પડશે. તમારા સાથીદારની ગેરહાજરીમાં તેની હાજરી વર્તાવાની શક્યતા છે. ઑફિસમાં આજે તમારા અભિગમ તથા કામની ગુણવત્તામાં સુધારાનો અનુભવ તમે કરશો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારે વ્યસ્તતા છે છતાં તામારુ સ્વાસ્થ્ય સારૂં રહેશે. બીજા દિવસો ની સરખામણી માં આજ નો દિવસ સારું રહેશે અને પર્યાપ્ત ધન ની પ્રાપ્તિ થશે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે. તમારા પ્રિયપાત્રને આજે આખો દિવસ તમારી ગેરહાજરી ખૂબ જ ખટકશે. એકાદ સરપ્રાઈઝનું આયોજન કરો અને આજના દિવસને તમારા જીવનનો સૌથી સુંદર દિવસ બનાવો.

**કર્ક (ડ,હ) :**
આજે તમે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. તમને મારી સલાહ છે કે સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે, તે તમારી આર્થિક સ્થિતિ ને પણ ખરાબ કરે છે. તમારૂં જિદ્દી વલણ ઘરના લોકોને તથા તમારા નિકટના મિત્રોને આહત કરશે. તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો રૉમેન્ટિક દિવસ બગાડી નાખશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારી અંદર ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ. પ્રિયપાત્ર વિના સમય પસાર કરવામાં મુશ્કેલીસર્જાશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે.

**તુલા (ર,ત) :**
આજે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. માત્ર સ્પષ્ટ સમજદારીથી તમે તમારી પત્નીને લાગણીશીલ ટેકો આપી શકશો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમારા માતા-પિતાની અવગણના કરવી એ બાબત તમારી ભાવિ શક્યતાઓને હાનિ પહોંચાડી શકે છે. સારો સમય ક્યારેય લાંબો ટકતો નથી. માણસના કર્મો અવાજના મોજાં જેવા હોય છે. આ મોજાં પાછાં ફરે છે અને મેલોડી અથવા ધ્રૂજાવનારૂં સંગીત રચે છે. તે બીજ છે-આપણે જેવું વાવીએ છીએ તેવું જ લણીએ છીએ. આ રાશિ ના એ લોકો જે વિદેશ થી વેપાર કરે છે તે લોકો ને ઘણું સારું આર્થિક લાભ થવા ની શક્યતા છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારી તબિયત પ્રત્યે કાળજી લેવાની જરૂર છે . આ રાશિ ના વેપારીઓ ને આજે પોતાના ઘર ના તે સભ્યો થી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે પણ પાછા નથી આપતા? એક જૂનો મિત્ર અણધારી મુલાકાત લેશે અને ખુશીભરી યાદોને પાછી લાવશે. તમારી આંખો એટલી તેજસ્વી છે કે તમારા પ્રિયપાત્રની અંધકારમય રાતોને તે ઝળહળતી કરી શકે છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે ધાર્મિક તથા આધ્યત્મિક બાબતોમાં રસ લેવા માટે પણ સારો દિવસ છે. પરિણીત લોકો ને પોતાના સંતાન ની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશે? તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે. તમારે તમની સલાહ પર ધ્યાન આપવાની જરૂર છે. બધાને આહત કરવા કરતાં કહ્યાગરા બનવું સારૂં.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે વાહન ચલાવતી વખતે તમે ખાસ ચેતતા રહેજો અને વળાંક પર ખૂબ ધ્યાન આપવાની જરૂર છે. અન્ય કોઈકની બેદરકારી તમારી માટે સમસ્યા ઊભી કરે શકે છે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવાની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. તમે જો વધારે પડતા દયાળુપણ વર્તશો તો-તમારી નિકટના લોકો તમારો ગેરફાયદો ઉપાડશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશે.જે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. તમારા મૂડીરોકાણ તથા ભાવિ ધ્યેયો વિશે ગુપ્તતા જાળવો. દિવસના ઉત્તરાર્ધ માટે કશુંક ઉત્તેજનાસભર અને મનોરંજક વિચારી રાખો. તમારા પ્રેમી-પ્રેમિકા દ્વારા કરવામાં આવતી ટિપ્પણીઓ અંગે તમે ખૂબ જ સંવેદનશીલ હશો.

## પૂણેમાં કરુણાંતિકા : ભડભડ કરતી સળગી મિની બસ

। (એજન્સી) પૂણે, તા.૧૯ ।

પૂણેના પિંપરી ચિંચવાડ વિસ્તારમાંથી એક ટેમ્પો ટ્રાવેલરમાં અચાનક આગ લાગી જતાં ચાર લોકો જીવતા ભૂંજાઈ ગયા. બુધવારે સવારે એક પ્રાઈવેટ કંપનીની ગાડીમાં આગ લાગી જતાં નોકરીએ જતા ચાર કર્મચારીઓ આ દુર્ઘટનાનો શિકાર થયા હતા. જ્યારે અન્ય ૬ લોકો ગંભીર રૂપે ઘાયલ થયાનો પણ દાવો કરાયો છે. જેમાં ડ્રાઈવર પણ સામેલ છે.

પિંપરી ચિંચવાડ વિસ્તારના હિંજેવાડીમાં આ દુર્ઘટના ઘટી હતી. એક ટેમ્પો ટ્રાવેલર (મિની બસ) માં અમુક કર્મચારીઓ ઓફિસ જઈ રહ્યા હતાં. જ્યારે ટ્રાવેલર ડસોલ્ટ સિસ્ટમ નજીક પહોંચી, ત્યારે તેમાં અચાનક આગ લાગી ગઈ હતી. આગ લાગ્યા બાદ અમુક કર્મચારીઓ ગાડીમાંથી બહાર નીકળી ગયા હતા. પરંતુ ચાર લોકો ગાડીમાં ફસાઈ ગયા અને જીવતા બળી ગયા હોવાનું સ્થાનિક પોલીસે જણાવ્યું હતું.

આ ટેમ્પો ટ્રાવેલર વ્યોમા ગ્રાફિક્સ કંપનીના કર્મચારીઓની સ્ટાફ બસ હોવાની જાણકારી મળી છે.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આ સ્ટાફ ટેમ્પો ટ્રાવેલરમાં વહેલી સવારે ખાનગી કંપનીના ૧૨ કર્મચારીઓ ઓફિસ જઈ રહ્યા હતાં. જેમાં અચાનક ડ્રાઈવરની સીટ નીચેથી આગ ફાટી નીકળી હતી. આગ લાગતાં જ ડ્રાઈવર અને અન્ય કર્મચારીઓ સુરક્ષિત બહાર નીકળી ગયા હતાં. પરંતુ આગના કારણે પાછળનો દરવાજો લોક થઈ જતાં ચાર કર્મચારીઓ આગની લપેટમાં આવી ગયા હતાં.

### હાર્દિક પંડ્યા પર આ મેચ રમવા પર પ્રતિબંધ છે

# મુંબઈ ઈન્ડિયન્સ ૨૩ માર્ચે ચેન્નાઈ સુપર કિંગ્સની સામે મેચ રમશે

### સૂર્યકુમાર યાદવ ચેન્નાઈ સુપર કિંગ્સ વિરુદ્ધ ટીમની સિઝનની ઓપનર મેચમાં કમાન સંભાળશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

૫ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ ૨૩ માર્ચે ચેન્નાઈ સુપર કિંગ્સ સામે IPL 2025માં તેના અભિયાનની શરૂઆત કરશે. હાર્દિક પંડ્યા આ મેચમાં નહીં રમે, કારણ કે ગત સિઝનમાં ટીમની છેલ્લી ગ્રૂપ મેચ દરમિયાન તેને એક મેચ માટે પ્રતિબંધિત કરવામાં આવ્યો હતો, જેના કારણે તેને આગામી IPLની પ્રથમ મેચમાંથી બહાર રહેવું પડશે. ત્યારથી તમામ ચાહકોના મનમાં એક સવાલ છે કે હાર્દિકની ગેરહાજરીમાં ચેન્નાઈ સુપર કિંગ્સ સામે ટીમની કમાન કોણ સંભાળશે. તે રોહિત શર્મા હશે, સૂર્યકુમાર યાદવ કે અન્ય કોઈ હશે ? આ સવાલનો જવાબ સામે આવ્યો છે કારણ કે હાર્દિક પંડ્યાએ પોતે જ નામ જાહેર કર્યું છે. મુંબઈ ઈન્ડિયન્સે IPL 2025ની શરૂઆત પહેલા પ્રી-સીઝન પ્રેસ કોન્ફરન્સ



યોજી હતી, જેમાં હાર્દિક પંડ્યા અને મુખ્ય કોચ મહેલા જયવર્દનેએ તમામ સવાલોના જવાબ આપ્યા હતા. આ દરમિયાન હાર્દિકે કહ્યું કે સૂર્યકુમાર યાદવ ચેન્નાઈ સુપર કિંગ્સ વિરુદ્ધ ટીમની સિઝનની ઓપનર મેચમાં કમાન સંભાળશે. તેણે કહ્યું કે, સૂર્યકુમાર યાદવ પણ ભારતનો કેપ્ટન છે. તે ટાટા આઈપીએલ ૨૦૨૫ની પ્રથમ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સની કેપ્ટનશીપ કરશે. ટીમના મુખ્ય કોચ મહેલા જયવર્દનેએ કહ્યું કે તેમને IPL 2024થી હાર્દિક પર એક મેચના પ્રતિબંધ વિશે સત્તાવાર રીતે જાણ કરવામાં આવી છે.

હાર્દિક પંડ્યાએ પોતાને નસીબદાર ગણાવ્યો અને કહ્યું કે તેની સાથે ત્રણ કેપ્ટન રમી રહ્યા છે. તેણે કહ્યું કે, હું નસીબદાર છું કે મારી સાથે ત્રણ કેપ્ટન રમી રહ્યા છે - રોહિત, સૂર્યા અને બુમરાહ. તેમનો હંમેશા મને સાથ મળ્યો છે અને જ્યારે પણ મને કોઈ મદદની જરૂર હોય ત્યારે તે હંમેશા મારી સાથે હોય છે. તેણે આગળ કહ્યું કે, આ વર્ષ નવું વર્ષ છે. ઘણું બધું બદલાઈ ગયું છે, ઘણો પ્રેમ અને ખુશીઓ ઉમેરાઈ છે. હંમેશા ઉત્તેજના, નવા પડકારો હશે જે મને ગમે છે. મારા માટે સૌથી મહત્વનો ભાગ ટીમને મદદ કરવાનો છે.

તમને જણાવી દઈએ કે ગત સિઝનમાં MI તેની છેલ્લી ગ્રુપ મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સ સામે ૧૮ રનથી હારી ગઈ હતી. આ મેચમાં હાર્દિક અને તેની ટીમ સલો ઓવર રેટ માટે દોષિત ઠર્યા હતા, જે તેમનો સીઝનનો ત્રીજો ગુનો હતો. નિયમો અનુસાર, જો કેપ્ટન એક સિઝનમાં ત્રણ વખત સ્લો ઓવર રેટ માટે દોષી સાબિત થાય છે, તો તેના પર એક મેચનો પ્રતિબંધ લાગે છે. તે સિઝનમાં મુંબઈ પ્લેઓફ માટે ક્વોલિફાય થયું નહોતું, તેથી હાર્દિક પંડ્યા IPL 2025ની તેની પ્રથમ મેચમાંથી બહાર થઈ ગયો છે.

## સુપ્રીમના ૬ જજ હિંસાગ્રસ્ત મણિપુરની મુલાકાતે જશે

। (એજન્સી) મણિપુર, તા.૧૯ ।

નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરિટી (NALSA) એ જણાવ્યું કે, સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ બીઆર ગવઈ અને અન્ય પાંચ ન્યાયાધીશોનું એક પ્રતિનિધિમંડળ ૨૨ માર્ચે જાતીય હિંસાથી પ્રભાવિત મણિપુરમાં રાહત શિબિરોની મુલાકાત લેશે. NALSAએ કહ્યું કે, જસ્ટિસ ગવઈ જેઓ NALSAના કાર્યકારી અધ્યક્ષ પણ છે તેઓ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ સૂર્યકાંત, વિક્રમ નાથ, એમએમ સુંદ્રેશ, કેવી વિશ્વનાથન અને એન. કોટીસ્વર સિંહ સાથે મણિપુર હાઈકોર્ટના દ્વિવાર્ષિક સમારોહના અવસર પર રાહત શિબિરોની મુલાકાત લેશે. નાલસાએ ૧૭ માર્ચે જારી કરેલા નિવેદનમાં જણાવ્યું કે, ૩ મે, ૨૦૨૩ના રોજ ચાલુ થયેલી વિનાશક સાંપ્રદાયિક હિંસામાં સેંકડો લોકો માર્યા ગયા અને ૫૦,૦૦૦થી વધુ લોકો વિસ્થાપિત થઈ ગયા અને ઘણા લોકો મણિપુરમાં રાહત શિબિરોમાં આશ્રય લઈ રહ્યા છે. નિવેદનમાં આગળ કહ્યું કે, સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની મુલાકાત એ અસરગ્રસ્ત સમુદાયોને કાનૂની અને માનવતાવાદી સહાયની સતત જરૂરિયાત પર ભાર મૂકે છે. NALSAએ કહ્યું કે, આ મુલાકાત દરમિયાન ન્યાયાધીશ ગવઈ ઈમ્ફાલ પૂર્વ, ઈમ્ફાલ પશ્ચિમ અને ઉખરુલ જિલ્લામાં નવા કાનૂની સહાય ક્લિનિક ઉપરાંત રાજ્યભરમાં કાનૂની સેવા શિબિરો અને તબીબી શિબિરોનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કરશે. આ દરમિયાન આંતરિક રીતે વિસ્થાપિત વ્યક્તિઓ (આઈડીપી) ને આવશ્યક રાહત સામગ્રીનું વિતરણ કરવામાં આવશે.

**ન્યૂઝ બ્રિફ**

## ચૂંટણી કાર્ડને આધાર કાર્ડ સાથે લિંક કરવામાં આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

આવનારા સમયમાં ચૂંટણી કાર્ડને આધાર કાર્ડ સાથે લિંક કરવામાં આવશે, જેના માટે તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. ચૂંટણી પંચે EPICને આધાર નંબરથી જોડવા માટે કલમ ૩૨૬, આરપી અધિનિયમ, ૧૯૫૦ અને સુપ્રીમ કોર્ટના નિર્ણયોના અનુસાર, બંધારણીય નિયમોમાં રહેતા આ મામલે કામગીરી કરવામાં આવશે. આજે ચૂંટણી પંચ અને UIDAIની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ સંદર્ભમાં UIDAI અને ECIના નિષ્ણાતો વચ્ચે ટેકનિકલ પરામર્શ ટૂંક સમયમાં શરૂ થશે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના નેતૃત્વમાં ચૂંટણી કમિશનરે ચૂંટણી કમિશનર ડૉ. સુખબીર સિંહ સંધુ અને ડૉ. વિવેક જોશી સાથે આજે(૧૮ માર્ચ, ૨૦૨૫) કેન્દ્રીય ગૃહ સચિવ, કાયદા મંત્રાલયના સચિવ, ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયના સચિવ, UIDAIના CEO અને ચૂંટણી પંચના ટેકનિકલ નિષ્ણાતો સાથે તેના મુખ્ય મથક નિર્વાચન સદન ખાતે એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી.

## આલ્પ્સમાં વિમાન અને મિસિસિપીમાં હેલિકોપ્ટર ક્રેશ

। (એજન્સી) ડેનમાર્ક, તા.૧૯ ।

યુરોપીયન દેશ ડેનમાર્ક જઈ રહેવલું નાનું વિમાન દક્ષિણ-પૂર્વ સ્વિત્ઝરલેન્ડના આલ્પ્સમાં દુર્ઘટનાગ્રસ્ત થયું છે. રિપોર્ટ મુજબ વિમાન ક્રેશ થતાં ત્રણ લોકોના મોત થયા છે. ગ્રાઉબ્યૂએનડેન કેન્ટનની પોલીસે કહ્યું કે, સોમવારે સાંજે ૫.૨૦ કલાકે એક્સ્ટ્રા ઈએ-૪૦૦ પ્રોપેલર વિમાન સમેદાન એરફીલ્ડથી ટેકઓફ થયું હતું. મળતી માહિતી મુજબ આ વિમાન ૧૩ માર્ચે ડેનમાર્કથી આવ્યું હતું અને કોપેનહેગમ પાસે રોક્સિલ્ડે પરત જઈ રહ્યું હતું. પોલીસ અધિકારીએ કહ્યું કે, 'વિમાન ટેક ઓફ થયા બાદ બે મિનિટમાં જ પુંટ ચામુએસ-ચ ગામના કિનારે દુર્ઘટનાગ્રસ્ત થયું હતું, ત્યારબાદ ભયાનક આગ લાગતા પ્લેન સંપૂર્ણ બળીને ખાક થઈ ગયું હતું. પોલીસે કહ્યું કે, અમે તપાસ શરૂ કરી દીધી છે. વિમાન પાસે સંપૂર્ણ સળગી ગયેલી હાલતમાં મુસાફરો અને પાઈલોટના મૃતદેહ હાલ લાગ્યા છે, જોકે હજુ સુધી તેમની ઓળખ કરી શકાઈ નથી. આ ઉપરાંત વિમાન કયા કારણોસર દુર્ઘટનાગ્રસ્ત થયું, તેની કોઈ માહિતી સામે આવી નથી. બીજીતરફ અમેરિકામાં વિમાન ક્રેશ થવાની સતત ઘટનાઓ બની રહી છે.

### મધ્યપ્રદેશ હાઈકોર્ટે કોર્ટનો મોટો નિર્ણય

# 'EWSને SC-ST-OBCની જેમ UP-SCમાં વયમર્યાદાની છૂટછાટ નહીં મળે'

### આ મુદ્દે અગાઉ ફેબ્રુઆરીમાં સુનાવણી હાથ ધરાઈ હતી, જેમાં હાઈકોર્ટે નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો અને હવે આ મામલે ૪૪ પેજનો નિર્ણય સંભળાવ્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

મધ્યપ્રદેશ હાઈકોર્ટે આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના ઉમેદવારોને UPSC પરીક્ષામાં વય મર્યાદામાં છૂટછાટ આપવાની માંગ ફગાવી દીધી છે. હાઈકોર્ટે આ મામલે ૧૭ અરજીઓ ફગાવી દેતા કહ્યું કે, 'SC, ST અને OBC વર્ગની જેમ EWS વર્ગ માટે કાયદામાં કોઈપણ પ્રકારની જોગવાઈ નથી. ઉલ્લેખનીય છે કે, મધ્યપ્રદેશ હાઈકોર્ટે EWS ઉમેદવારોને અન્ય અનામત વર્ગોની જેમ UPSC-૨૦૨૫ની પરીક્ષામાં પાંચ વર્ષની છૂટ અને ૯ પ્રયાસ કરવાની મંજૂરી આપી હતી, જોકે હવે આ મામલા સંબંધીત અરજીઓ હાઈકોર્ટે ફગાવી દીધી છે.હાઈકોર્ટમાં કપિલ સિબ્બલે દલીલ કરી હતી કે, જે રીતે EWS ઉમેદવારોને અગાઉ માધ્યમિક અને પ્રાથમિક શિક્ષક ભરતી પરીક્ષામાં પાંચ વર્ષની વમર્યાદાની છૂટનો લાભ અપાયો હતો, તે જ રીતે સંઘ જાહેર સેવા આયોગ (UPSC)ની સિવિલ સર્વિસીઝ પરીક્ષા-૨૦૨૫માં પણ લાભ મળવો જોઈએ. કારણ કે EWS પણ એસસી, એસટી અને ઓબીસીની જેમ વયમર્યાદામાં છૂટ મેળવવાના હકદાર છે. હાઈકોર્ટે તમામ અરજી ફગાવી નિર્ણય સંભળાવતા કહ્યું કે, એસસી, એસટી અને ઓબીસીની જેમ ઈડબલ્યુએસને વમર્યાદામાં છૂટછાટ આપી શકાતી નથી. રાજ્ય અને કેન્દ્રમાં ઓબીસી, એસસી, એસટીને મળતું અનામત અલગ-અલગ હોય છે, તેથી રાજ્યમાં મળનારી સુવિધાનો કેન્દ્રમાં લાગુ કરવાનો દાવો ન કરી શકાય. આ મુદ્દે અગાઉ ફેબ્રુઆરીમાં સુનાવણી હાથ ધરાઈ હતી.

### ટ્રમ્પની ૫ શરતો સાથે ૩૦ દિવસનો યુદ્ધવિરામ

# રશિયા-યુક્રેન યુદ્ધ ખતમ કરવા પુતિન માની ગયા!

### રાષ્ટ્ર પ્રમુખ વ્લાદિમીર પુતિને ટ્રમ્પ સાથે ફોન પર થયેલી વાતચીત બાદ યુક્રેનના ઊર્જા ઠેકાણાઓ પર ૩૦ દિવસ સુધી હુમલો ન કરવા પર સંમતિ વ્યક્ત કરી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

રશિયા અને યુક્રેન વચ્ચે ૩૦ દિવસો સુધી સીમિત યુદ્ધ વિરામ લાગુ કરી દેવાયો છે. રશિયાએ પોતાનું નિવેદન રજૂ કરતા કહ્યું છે કે, રાષ્ટ્ર પ્રમુખ વ્લાદિમીર પુતિને ટ્રમ્પ સાથે ફોન પર થયેલી વાતચીત બાદ યુક્રેનના ઊર્જા ઠેકાણાઓ પર ૩૦ દિવસ સુધી હુમલો ન કરવા પર સંમતિ વ્યક્ત કરી છે. જોકે, આ યુદ્ધ પર સંપૂર્ણ રીતે પૂર્ણવિરામ મૂકવા માટે રશિયા-યુક્રેન સામે પાંચ મુખ્ય શરતો મૂકવામાં આવી છે. આ તમામ શરતોને રશિયાના રાષ્ટ્ર પ્રમુખ વ્લાદીમીર પુતિન અને યુક્રેનના રાષ્ટ્ર પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કીને માનવી પડશે. અમેરિકા અને રશિયા વચ્ચે થયેલી વાતચીત બાદ આ શરતો પર સંમતિ બની છે. વળી, આ કરાર હેઠળ યુદ્ધ વિરામને પ્રભાવી બનાવવા માટે અને શાંતિની પ્રક્રિયાને મજબૂત બનાવવા માટે અનેક મુખ્ય નિર્ણયો લેવામાં આવ્યા છે. રશિયા અને યુક્રેન વચ્ચે કેદીઓની અદલા-બદલીની સંમતિ બની ચુકી છે. બંને દેશોના ૧૭૫-૧૭૫ બંધકો મુક્ત કરવામાં આવશે. આ સિવાય, રશિયાએ સદ્ભાવના દર્શાવતા ૨૩ ગંભીર રૂપે ઈજાગ્રસ્ત સૈનિકોને કીવને સોંપવાનો નિર્ણય લીધો છે. આ પગલાને શાંતિ વાર્તા આગળ વધારવા માટે એક સકારાત્મક સંકેત માનવામાં આવી રહ્યો છે. માનવામાં આવી રહ્યું છે કે, કેદીઓની મુક્તિ થવાથી બંને દેશો વચ્ચે વિશ્વાસ વધશે અને સંઘર્ષ વિરામના સ્થાયી સમાધાન તરફ એક મજબૂત આધાર તૈયાર થશે. રશિયા અને યક્રેન વચ્ચે બ્લેક સીમાં ચાલી રહેલાં તણાવને ઓછો કરવા માટે પણ એક મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# છત્રપતિ શિવાજી મહારાજ આં.રા. એરપોર્ટના પૂરાણા માળખાને આધુનિક ઓપ આપવા અને નવી સુવિધા વિકસાવવાની MIALની યોજના ખુલ્લી મૂકાઇ

### પ્રવાસીઓને સુવિધાઓની અનુભૂતિ માટે એરપોર્ટના આંતર માળખામાં વૃદ્ધિ કરવાના ધ્યેયથી ૨૦૨૧ બાદ પ્રથમવાર ટેરિફની પુનઃસમીક્ષા

। મુંબઇ, તા.૧૯ ।

અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિ.(AAHL) ની પેટા કંપની અને મુંબઇના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાનમથક (CSMIA)નું સંચાલન કરતી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિ. (MIAL)એ પ્રવાસીઓની સુખ સુવિધાને સુસંગત અને સુવ્યવસ્થિત સવલતોનો અહેસાસ કરાવવાના હેતુ સાથે વ્યૂહાત્મક કદમ ભરી રહી છે. મુંબઈ એરપોર્ટ ખાતે માળખાકીય વિકાસ અને તકનીકીમાં વધારો કરવા સંબંધી પ્રકલ્પો હાથ ધરવા માટે મુંબઇ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિ.ને સક્ષમ કરવા માટે ઈકોનોમિક રેગ્યુલેટરી ઓથોરિટી (AERA) સમક્ષ મૂકવામાં આવેલી દરખાસ્તમાં મુંબઇ ઈન્ટર નેશનલ એરપોર્ટ ખાતે સ્વદેશી ડિપાર્ટીંગ મુસાફરો માટે રુ.૩૨૫ અને આંતર રાષ્ટ્રીય ડિપાર્ટીંગ પ્રવાસીઓ માટે રુ.૬૫૦ની યુઝર ડેવલપમેન્ટ ફી સૂચવી છે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર વૃદ્ધિ અને વિશ્વકક્ષાના એરપોર્ટના લાંબા સમય માટેના સંચાલન વચ્ચે સંતુલન સાધવા માટે આ ફેરફારને સરભર કરવા અને મુસાફરો પર તેની અસરને ખાળવા માટે એરલાઈન લેંડીંગ અને પાર્કીંગના ચાર્જમાં આશરે ૩૫ ટકાનો એક સાથે ઘટાડવાનો આ પ્રસ્તાવ પાછળ પ્રયાસ છે. મુંબઈથી હવાઇ ઉડાનોને સકારાત્મક અસર કરે તેવી અપેક્ષા સાથે ખર્ચની દ્રષ્ટીએ એરલાઈન્સને વધુ અસરકારક રીતે સંચાલિત કરવા અને સ્પર્ધાત્મક ટિકિટના ભાવ જાળવવા માટે આ ઘટાડો સક્ષમ બનાવશે.

છત્રપતિ શિવાજી મહારાજ આંતર રાષ્ટ્રિય એરપોર્ટ ખાતે મુસાફર દીઠ વર્તમાન ઉપજ (વાયપીપી) રુ.૨૮૫ છે. AERA ને સુપ્રત કરવામાં આવેલી દરખાસ્તનો હેતુ વર્તમાન ઉપજને આશરે રૂ.૩૩૨ કરવાનો છે, જે ૧૦ માર્ચ ૨૦૨૫ ના રોજ AERA દ્વારા જારી કરાયેલા કન્સલ્ટેશન પેપર સાથે ૧૮% નો વધારો પ્રસ્તુત કરે છે.

આગામી પાંચ વર્ષમાં આ એરપોર્ટ ખાતે એરપોર્ટના માળખાના નિર્માણ માટે રુ.૧૦,૦૦૦ કરોડનું રોકાણ કરાશે અને અંદાજે ૨૨૯ મિલિયન મુસાફરો પાસેથી રુ.૭,૬૦૦ કરોડની કુલ આવક વસુલાશે. ટેરિફનું નવું માળખું વ્યૂહાત્મક રીતે મિશ્ર આવકમાં ફેરફાર કરવા સૂચવવામાં આવ્યું છે, મતલબ કે એક તરફ યુડીએફમાં વધારો થાય છે તો બીજી બાજું ઉતરાણ અને પાર્કિંગના ચાર્જમાં ૩૫ ટકાનો ઘટાડો થાય છે. ભારતના અન્ય મોટા એરપોર્ટ્સના ટેરિફ માળખા સાથે આ દરખાસ્ત તાલમેલ સાધવા સાથે આવકની સ્થિરતામાં વધારો કરશે અને સરવાળે મુસાફરોની અનુભૂતિમાં સુધારો લાવીને આ એરપોર્ટ મુસાફરો માટે સ્પર્ધાત્મક અને આકર્ષક ઉડ્ડયન કેન્દ્ર બને તેની ખાતરી કરશે. સતત મુસાફરોની સગવડતામાં સતત ઉમેરો અને સંચાલકીય કાર્યક્ષમતામાં સતત સુધારો કરતા રહી ભારતના સીમાચિહ્ન ઉડ્ડયન કેન્દ્રમાંનું એક બની લાંબા ગાળાના ટકાઉપણા માટે સુધારો કરવા મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિ.પ્રતિબદ્ધ છે. ટી ૨ પરથી ડોમેસ્ટિક-થી-ડોમેસ્ટિક સ્થાનાંતરણની સુવિધા, કામગીરીમાં સમયસર સુધારો કરવા માટે નવો ટેક્સી વે ઝેડ મુખ્ય પહેલમાં સામેલ છે અને મુસાફરો-કેન્દ્રિત અન્ય એડવાન્સમેન્ટ વચ્ચે ટર્મિનલ, ફ્રી ઈન્ટર-ટર્મિનલ કોચ ટ્રાન્સફર અને ફાસ્ટેગ-આધારિત પાર્કિંગના પ્રવેશ સમયે ભીડનું સંચાલન કરવા માટે ઈગેટ્સ એરપોર્ટની લાંબા ગાળાની ટકાઉ કામગીરીને સમર્થન આપે છે. આ સૂચિત ફેરફારો તેના મહત્વાકાંક્ષી માળખાકીય વૃધ્ધિ કાર્યક્રમને વેગ આપશે જે ભવિષ્યની હવાઈ મુસાફરીની માંગ માટે સજ્જ થવા માટે એરપોર્ટ અને તેની સુવિધાઓમાં વધુ પરિવર્તન લાવશે.

અદ્યતન એરપોર્ટનો અહેસાસ કરાવવા માટે, છત્રપતિ શિવાજી મહારાજ આંતર રાષ્ટ્રિય એરપોર્ટ અનેક પરિવર્તનશીલ પ્રકલ્પોને આગળ ધપાવી રહ્યું છે. તદનુસાર, અખંડિત માળખાકીય સુધાર,ક્ષમતામાં વધારો અને અંતરાયવિહીન મુસાફરીમાં ઉમેરો કરવા માટે જૂના ટર્મિનલ્સ ૧ એ (૩૦ વર્ષ) અને ૧ બી (૬૦ વર્ષ) માટે ટર્મિનલ ૧નો પુનર્વિકાસની દરખાસ્ત છે. દાયકાઓ સુધી આ સવલતોનું ટકાઉપણું સુનિશ્ચિત કરીને અત્યાધુનિક માળખાકીય સુવિધાઓ, વિસ્તૃત ક્ષમતા અને મુસાફરો માટે વધારાયેલી સુવિધાઓ ઉપલબ્ધ કરશે. ટર્મિનલ ૨ (ટી ૨) સુરક્ષાની ચકાસણીને સુવ્યવસ્થિત કરવા અને મુસાફર જનતાના પ્રવાહમાં સુધારો લાવવા માટે સેલ્ફ-બેગેજ ડ્રોપ સિસ્ટમ્સ, CTIX હેન્ડ બેગેજ સ્ક્રીનીંગ અને ફુલ-બોડી સ્કેનર્સ જેવી આધુનિક તકનીકીઓને સંકલિત કરશે. વધુમાં રનવે મેન્ટેનન્સ, એપ્રોન અને ટેક્ષી વેમાં સુધારણા જેવા એરસાઇડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ ગુણવત્તાયુકત બનાવવા સહિતના અન્ય કાર્યો હાથ ધરીને એરક્રાફ્ટની હિલચાલને વધુ સક્ષમ અને ફલાઈટ સંચાલનને કાર્યક્ષમ બનાવશે. વણથંભી અને સુરક્ષિત મુસાફરી માટે ઈ-ગેટ્સ (ડિજિયાત્રા પહેલ), એફટીઆઈ-ટીટીપી અને આઈઓટી-સંચાલિત ઉકેલો સહિત હવેની પેઢી સાથે અનુકૂલન સાધતી ડિજિટલ નવીનતાઓને આંતર રાષ્ટ્રિય એરપોર્ટ સ્વીકારી રહ્યું છે.

સક્રિય રીતે ઈલેક્ટ્રિક વાહનોમાં સંક્રમણ કરી રહેલા આ એરપોર્ટની કાર્યક્ષમ ઉર્જા- કામગીરીમાં વધારો કરી જળ સંરક્ષણના પગલાંને મજબૂત બનાવે છે. ૨૦૨૯ સુધીમાં નેટ ઝીરો ઉત્સર્જન હાંસલ કરવાના પ્રયાસોને વેગ આપે છે. કાર્યક્ષમતા, આરામ અને ટકાઉપણા પર ધ્યાન કેન્દ્રિત કરીને, ભારતના મુખ્ય પ્રવેશદ્વાર તરીકે મુંબઈની સ્થિતિ જાળવવાના સમર્પણમાં કંપની અડગ છે. વૈશ્વિક શ્રેષ્ઠ પ્રવાહો સાથે સંલગ્ન રહીને ટેરીફમાં વ્યુહાત્મક ફેરફાર મુસાફર જનતાને શ્રેષ્ઠ એરપોર્ટનો અહેસાસ કરાવવાની લાંબા ગાળાની દ્રષ્ટિને સમર્થન આપે છે. અત્યાર સુધી મુંબઇ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિ..એ પેસેન્જર યુડીએફ વસૂલ્યું નથી, તેમ છતાં તેને સંચાલનમાં સફળતા મળી છે. કંપનીએ પરંપરાગત ૫૪ વાહનોને ઈવીમાં રૂપાંતર કર્યા છે અને ૪૭ નવા ઈવી વાહનો ઉપયોગમાં મૂક્યા છે અને આગામી સમયમાં વધુ ૬૦ દાખલ કરવાની યોજના છે. ૨૦૨૪ માં સેકન્ડરી રનવે (૧૪/૩૨) અને ૨૦૨૦ માં રનવે ૦૯/૨૭ માં માટે મુખ્ય રીસર્ફેસિંગ પ્રોજેક્ટ સહિત નિયમિત વાર્ષિક ચોમાસા પૂર્વે અને ચોમાસા બાદ વાર્ષિક રનવેની જાળવણી અને પ્રથમ પ્રકારની વર્ટીકલ એક્સિસ વિન્ડ ટર્બાઈન અને સોલાર પી.વી.સિસ્ટમ દાખલ કરવામાં આવી છે. આવી વિવિધ પહેલમાં મુંબઇ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિ.ની ટકાઉ અને સંચાલકીય નિપૂણતા માટેની પ્રતિબધ્ધતા પ્રદર્શિત થાય છે.

**'ખાલી કરો અમારો વિસ્તાર'**

## જમ્મુ કાશ્મીર પર નિવેદનને લઈને ભારતે પાકિસ્તાનને આપી ચેતવણી

### ભારત દ્વારા શાંતિ સમાધાન કરવા માટે કરવામાં આવેલી કોશિશને દુશ્મનાવટ અને કપટ દ્વારા નિષ્ફળ બનાવવામાં આવી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

જમ્મુ- કાશ્મીરને લઈને પાકિસ્તાને આપેલા નિવેદન બાદ ભારતના વિદેશ મંત્રાલયે પાકિસ્તાનને ચેતવણી આપી છે. આ દરમિયાન ભારતીય વિદેશ મંત્રાલયે PKOનો પણ ઉલ્લેખ કર્યો. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે, 'દુનિયા જાણે છે કે અસલી મુદ્દો પાકિસ્તાન દ્વારા સરહદ પારના આતંકવાદને પ્રોત્સાહન અને પ્રાયોજિત કરવાનો છે. હકીકતમાં આ પ્રદેશ શાંતિ અને સુરક્ષા માટે એક મોટો અવરોધ છે.'ભારતીય વિદેશ મંત્રાલયે કહ્યું કે, જૂઠાણું ફેલાવવાને બદલે, પાકિસ્તાને તેના ગેરકાયદેસર અને બળજબરીથી કબજા કરેલા ભારતીય વિસ્તાર ખાલી કરી દેવો જોઈએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૬ એપ્રિલ રવિવારના રોજ જાણીતા પોડકાસ્ટર અને એઆઈ સંશોધક લેક્સ ફ્રિડમેનને આપેલા ઈન્ટરવ્યુમાં આતંકવાદના મુદ્દા પર પાકિસ્તાનનો પર્દાફાશ કર્યો હતો. એ પછી પાકિસ્તાન બોખલાઈ ગયું હતું અને જમ્મુ- કાશ્મીર વિશે વિરોધાભાસી નિવેદનો આપવાનું શરૂ કર્યું હતું. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે ૧૭ માર્ચ ૨૦૨૫,સોમવારના રોજ પીએમ મોદીના નિવેદનને એકતરફી ગણાવ્યું અને જમ્મુ- કાશ્મીરને વિવાદિત મુદ્દો ગણાવ્યો. પાકિસ્તાને કહ્યું, 'જમ્મુ અને કાશ્મીરનો સાત દાયકા જૂનો વિવાદ ભારત દ્વારા સંયુક્ત રાષ્ટ્ર, પાકિસ્તાન અને કાશ્મીરી લોકોને ખાતરી આપવામાં આવી હોવા છતાં પણ હજુ પણ વણઉકેલાયેલો છે.'' આ ઉપરાંત, પાકિસ્તાને સરકાર પર જમ્મુ-કાશ્મીરમાં દમનનો પણ આરોપ લગાવ્યો હતો.પીએમ મોદીએ પોડકાસ્ટમાં કહ્યું હતું કે, 'ભારત દ્વારા શાંતિ સમાધાન કરવા માટે કરવામાં આવેલી કોશિશને દુશ્મનાવટ અને કપટ દ્વારા નિષ્ફળ બનાવવામાં આવી હતી. જ્યાં પણ આતંકવાદી હુમલા થાય છે, તો તેનું કનેક્શન પાકિસ્તાન સાથે જોડાયેલું હોય છે. આશા છે કે પાકિસ્તાને અક્કલ આવશે. ભારત શાંતિ માટે પ્રતિબદ્ધ છે. પાકિસ્તાનના લોકો પણ શાંતિ ઈચ્છે છે કારણ કે તેઓ પણ સંઘર્ષ, અશાંતિ અને સતત આતંકી માહોલમાં રહીને થાકી ગયા હશે.'

## અમદાવાદ CP નો આકરો મિજાજ, શહેરના ૨૮ PIની કરી આંતરિક બદલી


। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદમાં છેલ્લા થોડા સમયથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી લથડી છે. જાહેરમાં શસ્ત્રો લઈને અસામાજીક તત્વો આતંક ફેલાવતા નજરે ચઢ્યા હતા. બીજીતરફ શહેર પોલીસ કમિશનર જી.એસ.મલિકે આકરો મિજાજ દાખવી શહેરના ૨૮ PIની બદલી કરીને તેમને સાનમાં સમજી જવાનો મેસેજ પાઠવ્યો છે. જેમાં રામોલના PI એસ.બી.ચૌધરીની કંટ્રોલ રૂમમાં બદલી કરી નાંખવામાં આવી છે. જ્યારે SOG PI વી.ડી. મોરીને રામોલ પોલીસ સ્ટેશનમાં નિયુક્ત કરવામાં આવ્યા છે. તે સિવાય બાપુનગર PI એ.ડી.ગામીતની SOGમાં બદલી કરવામાં આવી છે. ઉપરાંત અમદાવાદમાં લિવ રિઝર્વ ૪ PIને પોસ્ટીંગ આપવામાં આવ્યું છે. મુકુમદ રાઠોડને શહેરકોટડા સેકન્ડ PI પદે પોસ્ટીંગ આપવામાં આવ્યું છે. જ્યારે સંદિપ દેસાઈ અને સાબરમતી રિવરફ્રન્ટ ઈસ્ટ PI જે.કે.ડાંરને EOWમાં પોસ્ટીંગ આપવામાં આવ્યું છે.

## અમદાવાદનાં નરોડા વિસ્તારમાં એક નકલી દવાખાનું સામે આવ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

અત્યાર સુધી નકલી માલ, નકલી દારૂ,નકલી પોલીસ વગેરે પકડાયું હોવાનું તમે સાંભળ્યુ હશે થોડા સમય પહેલા નકલી કોર્ટ હોવાની ઘટના સામે આવી હતી. પરંતુ હવે તો હદ થઈ ગઈ આખે આખું નકલી દવાખાનું જી હા અમદાવાદનાં નરોડા વિસ્તારમાં એક નકલી હોસ્પિટલ સામે આવી છે. જેમાં હોસ્પિટલથી લઈને ડોક્ટર સહિત બધુ જ નકલી છે. આ નકલી ડોક્ટર બનાવટી રીતે લોકોને ઠગતો અને પૈસા પડાવી તેમની સારવાર કરતો હતો. આપને જણાવી દઈએ આ સાનદાર શ્રી સ્ટાર હોસ્પિટલને આ ઠગ ડોક્ટર દ્વારા શરૂ કરવામાં આવી હતી. જેમાં ICUથી લઈને ટ્રોમા સેન્ટર પણ શરૂ કરાયેલું હતું.



નવી દિલ્હીમાં એક મુલાકાત દરમિયાન કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે માઈક્રોસોફ્ટના ભૂતપૂર્વ સીઈઓ બિલ ગેટ્સ સાથે મુલાકાત કરી.

### DGP વિકાસ સહાયે ૧૦૦ કલાકનું અલ્ટીમેટમ આપ્યું હતું

## અલ્ટીમેટમ બાદ રાજ્યના ગુનેગારોની યાદી તૈયાર

### રાજ્યના ૧૫ મોટા બૂટલેગરો અને જુગારના કેસના મોટા ગુનેગારો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા તખ્તો તૈયાર

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદના વસ્ત્રાલમાં થોડા દિવસો પૂર્વે બનેલી ઘટના બાદ રાજ્ય સરકાર વતી કડક કાર્યવાહી કરવાની સૂચના ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આપતા રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે અસામાજિક ગુંડા તત્વો પર કાર્યવાહી અંગે ૧૦૦ કલાકમાં કાર્યવાહીના આપેલા આદેશની ગંભીર નોંધ લઈ સ્ટેટ મોનીટરીંગ સેલે અસરકારક કામગીરી કરતા રાજ્યના ૧૫ મોટા બૂટલેગરો અને જુગારના કેસના મોટા ગુનેગારો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા તખ્તો તૈયાર કરી દેવામાં આવ્યો છે. SMCએ આ તમામની ગેરકાયદેસર મિલકત અને બાંધકામ અંગેની વિગતો તૈયાર કરી દીધી છે. સંબંધિત મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર અને જિલ્લા કલેકટરને આ વિગતોની યાદી મોકલી દેવામાં આવી છે. ટૂંક સમયમાં મોટી કાર્યવાહી થવાની તૈયારી થઈ ગઈ હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. મહત્વનું છે કે, રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ વધુ સુદ્રઢ બનાવવા તેમજ અસામાજીક ગુંડા તત્વો પર વધુ કડક કાર્યવાહી કરી તેમની પર સદંતર અંકુશ મેળવવાના ઉદ્દેશ સાથે સીએમ ભૂપેન્દ્ર પટેલના દિશા નિર્દેશ હેઠળ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં DGP વિકાસ સહાયે રાજ્યના તમામ પોલીસ કમિશ્નર, રેન્જ આઈજી અને જિલ્લા પોલીસ વડા સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી તાકીદની બેઠક યોજી હતી.

### નોટ વટાવવાનો કોડવર્ડ "માવો" હતો

## સુરતમાં હાઈ ક્વોલિટીની ડુપ્લીકેટ ચલણી નોટો સાથે બે પકડાયા

। (એજન્સી) સુરત, તા.૧૯ ।

સુરતના પુણા શાકભાજી માર્કેટમાં રૂ.૫૦૦ની નકલી નોટો વટાવવા જતાં બે આરોપીને પકડી પાડવામાં આવ્યા છે. પોલીસે ૯ હજાર રૂપિયાની નકલી નોટો પણ આરોપીઓ પાસેથી જપ્ત કરી છે. આરોપીઓની પૂછપરછમાં જાણવા મળ્યું કે જ્યારે નકલી નોટો વટાવવા જતા હતા ત્યારે "માવો" કોડવર્ડ વાપરતા હતા. જ્યારે નોટ વટાવી દેતાં અને પૈસા મળી જતાં ત્યારે "શેકેલો માવો" શબ્દ કોડવર્ડ તરીકે વાપરતા હતા.પકડાયેલા બે આરોપી વિજય ચૌહાણ અને સુરેશ ઉર્ફે ગુરુજી ઉર્ફે ચકોર લાઠીદડિયામાંથી સુરેશ પશ્ચિમ બંગાળના બાંગ્લાદેશ બોર્ડર નજીકના માલદા વિસ્તારથી જોડાયેલો છે અને બાંગ્લાદેશની બોર્ડર નજીક રહેતી એક વ્યક્તિ પાસેથી નોટ લાવ્યો હતો. સુરેશ સામે પહેલાંથી NIA (નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી) દ્વારા ત્રણ કેસ દાખલ કરવામાં આવ્યા છે. અગાઉ આરોપીઓ ૩ વાર નકલી ચલણી નોટો મુંબઈમાં આવીને વટાવી ચૂક્યા હતા.પોલીસે તપાસ કરી સુરેશ અને વિજય ચૌહાણ નામના બે આરોપીની ધરપકડ કરી છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ હાઈ ક્વોલિટી ફેક કરન્સી છે, કારણ કે આ ચલણી નોટમાં હાઈ ક્વોલિટી પેપર, થ્રેડ અને વોટરમાર્કનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે.

### મંત્રી બલવંતસિંહે વિધાનસભામાં આપી માહિતી

## સૌથી વધુ રોજગારી પૂરી પાડનાર રાજય તરીકે ગુજરાત દેશમાં મોખરે

### રાજ્યની વિવિધ રોજગાર કચેરીઓ દ્વારા અંદાજે ૨.૯૬ લાખ જેટલા ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૯ ।

ગુજરાતમાં બેરોજગારીનો દર કેટલો છે? રાજ્યના શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપુતે વિધાનસભામાં આ અંગે માહિતી આપી હતી. વિધાનસભા ગૃહમાં શ્રમ, કૌશલ્ય, વિકાસ અને રોજગાર વિભાગની અંદાજપત્ર માંગણીઓની ચર્ચા દરમિયાન બલવંતસિંહ રાજપુતે જણાવ્યું કે દેશના વિકાસમાં અગ્રેસર રહેતું ગુજરાત હંમેશા શ્રમયોગીઓને કેન્દ્રમાં રાખીને નીતિઓ બનાવે છે. રાજયના શ્રમિકોને યોગ્ય વેતન મળે, તેમના પરિવારના કલ્યાણને લગતી યોજનાઓ બનાવવી તેનું અમલીકરણ કરવું તેમજ રાજયના યુવાનોને આત્મનિર્ભર બનાવવાના હેતુથી તેમને તાલીમબદ્ધ કરી ઉદ્યોગોની જરૂરિયાતને અનુરૂપ માનવબળ તૈયાર કરવાની કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. મંત્રી રાજપૂતે કહ્યું હતું કે રાજ્ય સરકાર ભરતી મેળાઓના આયોજન દ્વારા રોજગારી પૂરી પાડનાર તથા મેળવનાર વચ્ચે સેતુ બનીને વધુમાં વધુ યુવાનો રોજગારી પ્રાપ્ત કરી શકે તે દિશામાં નક્કર કામગીરી કરી રહી છે. જેના પરિણામે દેશભરમાં સૌથી નીચા બેરોજગારી દર તથા સૌથી વધુ રોજગારી પૂરી પાડનાર રાજય તરીકે ગુજરાત દેશભરમાં મોખરે રહ્યું છે.

રોજગાર અને તાલીમ વિશે વિગતો આપતા મંત્રીએ કહ્યું કે રાજયના યુવાનોના કૌશલ્ય વર્ધન માટે ૨૮૮ સરકારી, ૧૦૦ ગ્રાન્ટ ઈન એઈડ અને ૧૬૬ સ્વનિર્ભર આઈ.ટી.આઈ. એમ કુલ ૫૫૪ આઈ.ટી.આઈ. દ્વારા દર વર્ષે અંદાજે દોઢ લાખ વિદ્યાર્થીઓને કૌશલ્યબદ્ધ કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૪-૨૫માં રાજયની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે ઉદ્યોગોની માંગ મુજબના ન્યુ એઈજ કોર્સિસ જેવા કે સોલાર ટેક્નિશિયનની ૨૦૦ બેઠકો તેમજ મિકેનીક-ઈલેકટ્રીક વ્હીકલ કોર્સની ૭૨ બેઠકો શરૂ કરવામાં આવી છે, જે થકી રાજયનું યુવાધન હાલની માર્કેટ ડિમાન્ડને અનુરૂપ વ્યવસાયોમાં તાલીમ મેળવી સક્ષમ બની શકશે. ગત નાણાંકીય વર્ષમાં રાજ્યની વિવિધ રોજગાર કચેરીઓ દ્વારા અંદાજે ૨.૯૬ લાખ જેટલા ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી છે.

★ કુલ ૫૫૪ આઈ.ટી.આઈ. દ્વારા દર વર્ષે અંદાજે દોઢ લાખ વિદ્યાર્થીઓને કૌશલ્યબદ્ધ કરાયા

★ અનુબંધનમ વેબ પોર્ટલ પર ૫૦,૦૦૦થી વધુ નોકરીદાતા અને સાડા ચાર લાખથી વધુ ઉમેદવાર નોંધાયા

★ ગત વર્ષ સુધીમાં ૭,૬૩૬ એકમોમાં ૧૨ લાખથી વધુ શ્રમિકોને ૧,૭૨૯.૯૪ કરોડની માતબર રકમ બોનસ તરીકે ચૂકવણી કરાવાઈ

★ બાંધકામ શ્રમિકોને પાંચ રૂપિયાના નજીવા ભાડે મૂળભૂત સુવિધાઓ સાથેના આવાસની સુવિધા પૂરી પાડવા માટે શ્રમિક બસેરા યોજના અન્વયે રૂ. ૨૦૦ કરોડની જોગવાઈ

★ શ્રમિકોના આરોગ્ય માટે સ્થળ પર જ પ્રાથમિક તપાસ, સારવાર તથા નિદાન માટે ૧૫૪ ધન્વંતરી આરોગ્ય રથ કાર્યરત

તેમણે જણાવ્યું કે રાજયના યુવાનો સંરક્ષણ ક્ષેત્રે કારકિર્દી ઘડી શકે તે માટે રોજગાર કચેરીઓ દ્વારા ૩૦ દિવસીય નિવાસી તાલીમનું આયોજન પણ કરવામાં આવે છે. જેમાં ગત નાણાંકીય વર્ષમાં ૪૮ તાલીમ વર્ગમાં ૧,૪૧૫ જેટલા ઉમેદવારોને શારીરિક તેમજ લેખિત કસોટીઓની તૈયારીઓ માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત અનુબંધનમ વેબ પોર્ટલ દ્વારા નોકરીદાતા અને નોકરી વાંચ્છુઓ વચ્ચેનું અંતર ઘટાડી બંનેને એક જ પ્લેટફોર્મ ઉપર લાવી શકાયા છે. જેના પરિણામે આ પોર્ટલ પર ૫૦,૦૦૦થી વધુ નોકરીદાતા અને સાડા ચાર લાખથી વધુ ઉમેદવાર નોંધાયેલા છે. રાજયના યુવાનો સ્વરોજગાર તરફ વળી આત્મનિર્ભર બને અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૦૪૭ના વિકસિત ભારતના નિર્માણના સ્વપ્નને સાકાર કરવાના યજ્ઞમાં જોડાય તે હેતુથી રાજયના યુવાનોના કૌશલ્ય વિકાસ માટે રાજ્ય સરકારે કૌશલ્ય ધ સ્કિલ યુનિવર્સિટીની સ્થાપના કરી એક મહત્વનું કદમ ઉઠાવ્યું છે, એમ મંત્રીએ જણાવ્યું હતું.

